
કલાપૂર્ણ સ્વાધ્યાય

# શ્રી શ્રમણ સૂત્ર સાર્થ

૧



સંપાદક :

પૂ. મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.



પ.પૂ.આ.ભ.શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.ના અંતિમ દર્શન તેમજ ચરણમાં નમન કરતા
શિષ્ય મુનિ અમિતયશ વિ.મ. કેશવણા રાજ. ૨૦૫૮ મહાસુદ-૪

|| શ્રી મહાવીરાય નમઃ ||

|| શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-
કંચન-કલાપૂર્ણસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ||

## કલાપૂર્ણ સ્વાધ્યાય

# શ્રી શ્રમણ સૂત્ર સાર્થ

દિવ્યાશિષ દાતા

પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

શુભાશિષ દાતા

પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

સંપાદક

મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

પુસ્તક : કલાપૂર્ણ સ્વાધ્યાય

શ્રી શ્રમણ સૂત્ર સાર્થ

નકલ : ૧૦૦૦

કિંમત : રૂા.

સહાયક : તપસ્વી સેવાભાવી પૂ.મુ.શ્રી આગમયશ વિ. મ.સા.

મુદ્રક : હિતેન શાહ – ફોન : ૨૬૭૧ ૪૬૦૩

શુભ આલંબન : પ.પૂ.આ.ભ. શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.ના આજ્ઞાવર્તિની દીર્ઘસંયમી પ્રવર્તિની વયોવૃદ્ધ સા.શ્રી નીતિશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા સા.શ્રી મોક્ષાનંદશ્રીજી મ.સા.ના સં.૨૦૬૦ની સાલના ચાર્તુમાસની અનુમોદનાર્થે મફતલાલ ઉત્તમલાલ મહેશ પેથાણીના ઉપાશ્રયમાં આવનાર બહેનો તરફથી જ્ઞાનખાતાની રકમમાંથી આ પુસ્તક છપાવવામાં આવ્યું છે.

ગૃહસ્થોએ પુસ્તકની રકમ જ્ઞાનભંડારમાં મૂકવી.

# પ્રસ્તાવના

શ્રમણ જીવનમાં સ્વાધ્યાય એ પરમ આધાર છે. સ્વાધ્યાય વડે સમતા ભાવ પામી શકાય છે. જ્ઞાન એ મહાન ઉપકારી છે. જ્ઞાન વિના જીવનમાં અંધારૂં છે. જ્ઞાન એ પ્રકાશ છે. અજ્ઞાન એ અંધકાર છે. અર્થપૂર્વકનું જ્ઞાન ભણીએ તો જીજ્ઞાસા વધે છે.

કલાપૂર્ણ સ્વાધ્યાયની અર્થ સહિતની નાની નાની પુસ્તિકાઓનો ઉપયોગ ચતુર્વિધ સંઘમાં સુંદર રીતે થઈ રહેલ છે. દેવગુરૂની કૃપાથી નવું નવું સંપાદન વિહારાદિમાં ઉપયોગી બને એ ભાવનાથી છપાઈ રહેલ છે.

આ પુસ્તક પૂ.આ.ભ.શ્રી હેમપ્રભ સૂ.મ.સા.ની બહાર પડેલ શ્રમણ સૂત્ર અર્થ સહિત એ પુસ્તકમાંથી સંપાદન કરવામાં આવેલ છે. તેમનો ઉપકાર ભૂલાય તેમ નથી.

પ્રેસાદિ દોષ સુધારીને વાંચવા વિનંતિ.

જૈન ઉપાશ્રય મુનિ અમિતયશ વિ.

ચકાલા ચાર્તુમાસ

જ્ઞાનપાંચમ, ૨૦૬૧

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | શ્રી પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર | ૫ |
| ૨. | શ્રી સામાયિક સૂત્ર | ૯ |
| ૩. | ઈચ્છામિ ઠામિ | ૧૫ |
| ૪. | રાત્રિક-દૈવસિક અતિચારોને ચિંતવવાની ગાથા | ૨૩ |
| ૫. | દૈવસિક અતિચાર મોટા | ૨૬ |
| ૬. | રાત્રિક અતિચાર મોટા | ૩૧ |
| ૭. | પાક્ષિક અતિચાર | ૩૫ |
| ૮. | સાધુ પ્રતિક્રમણ સૂત્ર સાર્થ | ૫૪ |

ॐ ह्रीँ अर्हं नमः
ચરમતીર્થપતિ શ્રી વર્ધમાનસ્વામિને નમઃ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
ચરમતીર્થાધિપતિ શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

# ૧. શ્રી પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચનમુક્કારો, સવ્વપાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં ।।

શબ્દાર્થ :

નમો-નમસ્કાર થાઓ.

અરિહંતાણં-અરિહંત ભગવંતોને
નમો-નમસ્કાર થાઓ
સિદ્ધાણં-સિદ્ધ ભગવંતોને
નમો-નમસ્કાર થાઓ
આયરિયાણં-આચાર્ય ભગવંતોને
નમો-નમસ્કાર થાઓ
ઉવજ્ઝાયાણં-ઉપાધ્યાય ભગવંતોને
નમો-નમસ્કાર થાઓ
લોએ-લોકમાં રહેલા
સવ્વસાહૂણં-સર્વ પ્રકારના સાધુ ભગવંતોને
એસો-આ
પંચ-પાંચ પરમેષ્ઠિઓને કરેલો
નમુક્કારો-નમસ્કાર
સવ્વ-સર્વ
પાવ-પાપોને
પ્પણાસણો-નાશ કરનાર છે.
મંગલાણં-મંગળોમાં

ચ-અને

સવ્વેસિં-સર્વે

પઢમં-પ્રથમ-પહેલું

હવઈ-થાય છે.

મંગલં-મંગળરૂપ

ભાવાર્થ :

શ્રી અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ

શ્રી સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાઓ

શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ

શ્રી ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર થાઓ

લોકમાં રહેલા સર્વ પ્રકારના શ્રી સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ.

આ પંચ પરમેષ્ઠીઓને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે અને સર્વ મંગળોમાં પ્રથમ (શ્રેષ્ઠ) મંગળ છે.

વિવેચન :

આ નમસ્કાર મહામંત્ર છે. તેનો મહિમા યથાર્થરૂપમાં શ્રી તીર્થંકરો પણ સમજાવી શકે તેમ નથી. જેમ લૌકિક મંત્રથી આ લોક સંબંધી ધાર્યા કામો સિદ્ધ થાય છે, તેમ આ લોકોત્તર મહામંત્રથી આત્માને લાગેલું અનાદિ કાળના મોહનું ઝેર ઉતરી જાય છે અને ક્રમશઃ સુખ-સંપત્તિને ભોગવવા છતાં નિર્વિકારી બનતો જીવ આ લોક-પરલોકના વિશાળ-ઘણાં સુખોને ભોગવતો સર્વથા નિર્વિકારી બની પરમપદને પ્રાપ્ત કરે છે. જે આત્મા શ્રદ્ધાપૂર્વક એનો સવિશેષ જાપ કરે છે તે જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણોને નિર્મળ બનાવી દુષ્કર કાર્યોને સાધતો, ઘોર ઉપસર્ગો અને પરિષહોને સહન કરતો વીતરાગ દેવની આજ્ઞાનો અખંડ ઉપાસક બની શકે છે. વધારે શું ? આ મહામંત્ર સર્વગુણોની પ્રાપ્તિમાં બીજ સ્વરૂપ છે. ચારિત્રનો પ્રાણ છે. આ

મંત્રને વિધિ મુજબ આરાધનારો આત્મા સર્વસુખોને સિદ્ધ કરી અંતે પરમાત્મ પદનો ભોક્તા બને છે.

## ૨. શ્રી સામાયિક સૂત્ર

**કરેમિ ભંતે! સામાઈઅં, સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવજ્જીવાએ, તિવિહં તિવિહેણં, મણેણં વાયાએ કાએણં, ન કરેમિ, ન કારવેમિ કરં તં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભંતે! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ।।**

શબ્દાર્થ :

કરેમિ–હું કરૂં છું.

ભંતે!–હે ભગવંત

સામાઈઅં–સામાયિકને (સમભાવમાં રહેવાનો નિશ્ચય)

સવ્વં–સર્વ, બધા

સાવજ્જં-સાવદ્ય-પાપવાળા
જોગં-મન-વચન-કાયાના વ્યાપારોને
પચ્ચક્ખામિ-પચ્ચક્ખાણ કરું છું, ત્યાગ કરું છું
જાવજ્જીવાએ-જીવન પર્યંત, જીવું ત્યાં સુધી
તિવિહં-ત્રણ પ્રકારે-મનથી, વચનથી, કાયાથી
તિવિહેણં-ત્રણ પ્રકારો વડે-કરવા, કરાવવા અને અનુમોદવા વડે
મણેણં-મનથી
વાયાએ-વચનથી
કાએણં-કાયાથી-શરીર વડે
ન કરેમિ-કરૂં નહિં
ન કારવેમિ-બીજા પાસે કરાવું નહિં
કરં તં પિ-કરતા એવા પણ
અન્નં-બીજાને
ન સમણુજાણામિ-સંમત થાઉં નહિં, અનુમતિ આપું નહિં
તસ્સ-તે પાપને

ભંતે !-હે ભગવંત
પડિક્કમામિ-પ્રતિક્રમણ કરૂં છું
નિંદામિ-નિંદું છું
ગરિહામિ-ગર્હા કરું છું (ગુરુ સાક્ષીએ નિંદું છું)
અપ્પાણં-(પાપ કરનારા મારા) આત્માને (પર્યાયને)
વોસિરામિ-વોસિરાવું છું, સર્વથા ત્યાગ કરું છું

ભાવાર્થ :

હે ભગવંત ! હું (આપની સાક્ષીએ) સામાયિક (સમભાવમાં રહેવાનો નિશ્ચય) કરું છું. સર્વ પાપ યોગોનો (મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિનો) ત્રિવિધ-ત્રિવિધે ત્યાગ કરું છું.

તે આ પ્રમાણે 'મનથી, વચનથી અને કાયાથી એમ ત્રણેય યોગોથી (તે પાપ વ્યાપારને) હું સ્વયં કરું નહિં, બીજા દ્વારા કરાવું નહિં અને બીજા પાપ કરે તેમાં સંમત થાઉં નહિં.'

હે ભગવંત ! તે પાપનું પ્રતિક્રમણ કરું છું, મારા આત્માની સાક્ષીએ નિંદા કરું છું અને આપની સમક્ષ 'એ પાપ છે' એમ ગર્હા-વિશેષ નિંદા કરું છું, વળી (તે પાપ કરનાર મારા ભૂતકાળના પર્યાય રૂપ) આત્માને વોસિરાવું છું - સર્વથા ત્યજું છું.

**વિવેચન :**

સર્વ જીવોને પોતાની સમાન માનવા અને રાગ-દ્વેષના કારણો ઉત્પન્ન થાય તે સમયે પણ ઉપશમભાવ (સમભાવ)માં રમવું તે ભાવસામાયિક છે. આ પચ્ચક્ખાણ કરી તેનું યોગ્ય રીતે પાલન કરવાથી ભાવસામાયિકની પ્રાપ્તિ થાય છે. સમજપૂર્વક જીવન પર્યંત આવું પચ્ચક્ખાણ કરનારની ભૌતિક ઈચ્છાઓ તરત જ નાશ પામવા માંડે છે. મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિથી ચિત્ત નિર્મળ બને છે અને આત્મા સ્વાભાવિક આનંદનો અનુભવ કરે છે. જડ ભાવો તેને આકર્ષણ કરવા

અસમર્થ બની જાય છે. આત્મગુણોનો રાગ પ્રગટ થવા માંડે છે.

આ સૂત્ર આત્માના ચારિત્રરૂપ પ્રાણનું રક્ષણ કરવામાં બખ્તર સમાન છે. તેને વારંવાર સ્મરણ કરી તેના અર્થનું ધ્યાન કરવાથી જીવ પ્રમાદથી બચી જાય છે, માટે દરરોજની ક્રિયામાં તેને નવ વાર બોલવાનો વિધિ છે ; તે ઉપરાંત પણ તેનું જેટલું વધારે ચિંતન થાય તેટલો પ્રમાદ ટળે છે.

આ સૂત્રમાં 'ભંતે !' શબ્દ છે. તેનો અર્થ 'હે સુખી-કલ્યાણવંત ગુરુ' એવો થાય છે. તેથી એમ સમજવાનું છે કે 'ચારિત્ર-પાલનમાં જીવનભર ગુરુની નિશ્રા આવશ્યક છે.' 'ભંતે !' નો બીજો અર્થ 'હે ભવનો પાર પામેલા (જિનેશ્વર) દેવ !' એવો થાય છે. એથી 'જીવનભર જિનાજ્ઞાનું અખંડ પાલન કરવા માટે ચારિત્ર છે' એમ સમજવાનું છે. બીજી વખત 'ભંતે !' શબ્દ આવે છે તેનો ભાવ એ છે કે

'હે ભગવંત! આ ચારિત્ર હું આપના આશીર્વાદ-કૃપાથી લઈ (પાળી) શક્યો છું, એ યશ (ઉપકાર) આપને ઘટે છે' એમ ભક્તિપૂર્વક કૃતજ્ઞતા બતાવવા માટે છે.

આ પચ્ચક્ખાણમાં 'સામાઈઅં કરેમિ' આ પદથી વર્તમાન કાલનાં, 'પચ્ચક્ખામિ' પદથી ભવિષ્ય કાલનાં અને 'પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ' પદોથી ભૂતકાળનાં, એમ ત્રણે કાળના પાપવ્યાપારોનો ત્યાગ થાય છે.

'તિવિહં-તિવિહેણં' પાઠથી સપ્ત સપ્ત ભંગીઓ રૂપ ઓગણપચાસ ભાંગા અને તેને ત્રણ કાળથી ગુણાતાં એકસો સુડતાલીસ થાય, તેમાંનાં (છેલ્લા) ભાંગે થતું આ પચ્ચક્ખાણ ઉત્કૃષ્ટ છે.

આ સૂત્રના ભાવને વાસ્તવિક રીતે સમજી યથાર્થ પાલન કરનાર આત્મા પરંપરાએ સર્વ સુખોના સ્થાનરૂપ મોક્ષને અવશ્ય મેળવે છે.

# ૩. ઈચ્છામિ ઠામિ

ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, જો મે દેવસિઓ અઈઆરો કઓ, કાઈઓ વાઈઓ માણસિઓ, ઉસ્સુત્તો ઉમ્મગ્ગો અકપ્પો અકરણિજ્જો, દુજ્ઝાઓ દુવ્વિચિંતિઓ, અણાયારો અણિચ્છિઅવ્વો, અસમણપાઉગ્ગો, નાણે, દંસણે, ચરિત્તે, સુએ, સામાઈએ, તિણ્હં ગુત્તીણં, ચઉણ્હં કસાયાણં, પંચણ્હં મહવ્વયાણં, છણ્હં જીવનિકાયાણં, સત્તણ્હં પિંડેસણાણં, અટ્ઠણ્હં પવયણમાઉણં, નવણ્હં બંભચેરગુત્તીણં, દસવિહે સમણધમ્મે, સમણાણં જોગાણં જં ખંડિઅં જં વિરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં ।।

શબ્દાર્થ :

ઈચ્છામિ–હું ઈચ્છું છું

ઠામિ–રહેવા–કરવા

કાઉસ્સગ્ગં–કાઉસ્સગ્ગમાં–કાયોત્સર્ગને

જો-જે.
મે-મારો, મારા વડે.
દેવસિઓ-દિવસ સંબંધી
અઈઆરો-અતિચાર, દોષ
કઓ-કરાયો હોય (મેં કર્યો હોય)
કાઈઓ-કાયા-શરીર સંબંધી
વાઈઓ-વચન સંબંધી
માણસિઓ-મન સંબંધી
ઉસ્સુત્તો-સૂત્ર વિરૂદ્ધ, વર્તન જન્ય
ઉમ્મગ્ગો-માર્ગ વિરૂદ્ધ, વર્તન જન્ય
અકપ્પો-અકલ્પ્ય, આચાર વિરૂદ્ધ, વર્તન જન્ય
અકરણિજ્જો-ન કરવા યોગ્ય
દુજ્ઝાઓ-દુષ્ટ રીતે ધ્યાન કરવા રૂપ
દુવ્વિચિંતિઓ-દુષ્ટ ચિંતન કરવા રૂપ
અણાયારો-ન આચરવા યોગ્ય
અણિચ્છિયવ્વો-ન ઈચ્છવા યોગ્ય
અસમણપાઉગ્ગો-સાધુને અયોગ્ય

નાણે-જ્ઞાનના (જ્ઞાનાચારના) વિષયમાં
દંસણે-દર્શન-દર્શનાચારના વિષયમાં
ચરિત્તે-ચારિત્રાચારના વિષયમાં
સુએ-શ્રુતજ્ઞાનના વિષયમાં
સામાઈએ-સામાયિકના વિષયમાં
તિણ્હં-ત્રણ
ગુત્તીણં-ગુપ્તિઓના વિષયમાં
ચઉણ્હં-ચાર
કસાયાણં-કષાયોના વિષયમાં
પંચણ્હં-પાંચ
મહવ્વયાણં-મહાવ્રતોના વિષયમાં
છણ્હં-છ
જીવનિકાયાણં-જીવનિકાયોના સંબંધમાં
સત્તણ્હં-સાત
પિંડેસણાણં-પિંડ સંબંધી એષણાઓમાં
અટ્ઠણ્હં-આઠ
પવયણમાઊણ-પ્રવચન માતાઓના વિષયમાં

નવણ્હં-નવ
બંભચેરગુત્તીણં-બ્રહ્મચર્યની ગુપ્તિઓના સંબંધમાં
દસવિહે-દશ પ્રકારના
સમણધમ્મે-શ્રમણ ધર્મ-સાધુધર્મના વિષયમાં
સમણાણં-સાધુ સંબંધી
જોગાણં-યોગો (વ્યાપારો-ક્રિયાઓ)માં
જં-જે કોઈ
ખંડિઅં-દેશથી દોષ લગાડયો હોય
જં-જે કોઈ
વિરાહિઅં-વિરાધના-મોટી ભૂલ કરી હોય
તસ્સ-તેનું (મારા દોષનું)
મિચ્છ-મિથ્યા થાઓ
મિ-મારૂં (પાપ-દોષ)
દુક્કડં-દુષ્કૃત-પાપ

ભાવાર્થ :

હું કાયોત્સર્ગ કરવા ઈચ્છું છું. (શા માટે ?) જે મેં દિવસ સંબંધી અતિચાર કર્યો (તેની શુદ્ધિ માટે),

તે અતિચારોને (સાધન ભેદે જણાવે છે કે) **કાયાથી, વચનથી અને મનથી** કર્યા હોય, (તેને જ નિમિત્ત ભેદે જણાવે છે કે) તે ઉત્સૂત્ર-આગમનું ઉલ્લંઘન કરવાથી, ઉન્માર્ગ-(આત્માના ક્ષાયોપશમિક ભાવ રૂપ) મોક્ષમાર્ગનું ઉલ્લંઘન કરવાથી, અર્થાત્ મોહના ઉદયરૂપ ઉન્માર્ગને વશ થવાથી, **અકલ્પ્ય**-ચરણ-કરણરૂપ સાધુના કલ્પનું ઉલ્લંઘન કરવાથી, અને **અકરણીય**-સામાન્ય રીતે ન કરવા યોગ્યને કરવાથી. (તેમાંના માનસિક અતિચારો અંગે જણાવે છે કે) **દુર્ધ્યાન** કરવાથી અને **દુષ્ટ ચિંતન** કરવાથી (અહીં સ્થિરચિત્ત એટલે ધ્યાન અને ચળચિત્ત એટલે ચિંતન સમજવું)

(હવે એ કાયિકાદિ ત્રણ અતિચારો અંગે જણાવે છે કે) તે **અનાચાર**-નહિ આચરવા યોગ્ય, માટે તે **અનિચ્છનીય**-નહિ ઈચ્છવા યોગ્ય અને તેથી

તે **અસાધુપ્રાયોગ્ય**-સાધુ જીવનમાં અઘટિત-ન કરવા યોગ્ય છે.

(હવે વિષયભેદે જણાવે છે કે) **જ્ઞાનમાં, દર્શનમાં અને ચારિત્રમાં**. (જ્ઞાનાદિના જુદા જુદા વિષયો જણાવવા કહે છે.) **શ્રુતમાં**-શ્રુતજ્ઞાનના આઠ આચારોનું પાલન કરવામાં, **સામાયિકમાં**-સમ્યક્ત્વ સામાયિકરૂપ દર્શનાચારના આઠ આચારોનું પાલન કરવામાં, (ચારિત્રાચારના પાલનરૂપ) **ત્રણ ગુપ્તિઓમાં** (પ્રમાદ કરવાથી), **ચાર કષાયોમાં** (કષાયધીન થવાથી), **પાંચ મહાવ્રતોમાં** (પ્રમાદ કરવાથી), **છ જીવ નિકાયમાં** (જયણા ન પાળવાથી), **સાત પિંડૈષણામાં** (દોષ લગાડવાથી), **આઠ પ્રવચન માતામાં** (યોગ્ય રીતે પાલન ન કરવાથી), **નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓમાં** (પાલન ન કરવાથી), **દશ પ્રકારના** (ક્ષમા-આદિ) **શ્રમણ ધર્મમાં** (ન આચરવાથી), **અને સાધુ સંબંધી યોગોમાં** (સાધુ-સમાચારીરૂપ કર્તવ્યમાં

પ્રમાદાદિ કરવાથી) જે જે ખંડના (દેશથી વિરાધના) કરી હોય, જે વિરાધના (મોટી ભૂલ) કરી હોય તે મારું સર્વ પાપ મિથ્યા થાઓ.

**વિવેચન :**

આ સૂત્રમાં અનાદિ સંસ્કારોને લીધે થયેલી આત્માની ભૂલોની શુદ્ધિ કરવાનો ઉપાય બતાવ્યો છે. આ સૂત્ર આલોચના માટે બોલાય ત્યારે, 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! દેવસિઅં આલોઉં?' અર્થાત્ હે ભગવંત ! આપની ઈચ્છાનુસાર આપ આદેશ આપો, હું દિવસમાં થયેલા અતિચારોની આપની સમક્ષ આલોચના કરું. આ પ્રમાણે આદેશ માગી, ગુરુની અનુમતિ મેળવી જે જે ભૂલો જેવા જેવા ભાવથી થઈ હોય તે તે ભૂલને તેવા તેવા ભાવને જણાવવાપૂર્વક નિખાલસપણે ગુરુની સમક્ષ તે પ્રગટ રૂપે જણાવાય છે. એથી વિધિપૂર્વક ભૂલોને કબૂલ કરતો આત્મા

તે પાપોથી મુક્ત બને છે. જેમ સ્નાન કરવાથી શરીરનો મેલ જાય તેમ આ સૂત્રથી આત્મસ્નાન થાય છે–કર્મમેલ દૂર થાય છે. બે પ્રતિક્રમણોમાં આઠવાર આવું સ્નાન થાય છે, તેથી આત્માની મલીનતા દૂર થતી જાય છે અને ઉત્તરોત્તર ચારિત્રના અધ્યવસાયો શુદ્ધ થતા (વધતા) રહે છે. ભૂલ થવી એ મોહાદિ અશુભ કર્મોના પરિણામસ્વરૂપ હોવાથી દુષ્કર નથી, પરંતુ ભૂલનો પશ્ચાતાપ પૂર્વક નિર્મળચિત્તે એકરાર કરવો એ અતિ દુષ્કર છે. આત્મા આ સૂત્રના આલંબનથી આ કામ (પાપની કબૂલાત) કરી શકે છે. માટે તેનું વારંવાર ચિંતન–મનન કરીને શુદ્ધ થનારો જીવ પરંપરાએ નિરતિચાર ચારિત્રનો સાધક બને છે.

# ૪. રાત્રિક-દૈવસિક અતિચારોને ચિંતવવાની ગાથા

**સયણાસણાન્નપાણે, ચેઈય-જઈ-સિજ્જ-કાય-ઉચ્ચારે । સમિઈ ભાવણા ગુત્તી, વિતહાયરણંમિ અઈઆરો ।।૧।।**

**શબ્દાર્થ :**

સયણ-શયન, સંથારો
આસણ-બેસવા માટેનું આસન
અન્ન-આહાર
પાણે-પાણી
ચેઈય-ચૈત્ય
જઈ-સાધુ
સિજ્જ-વસતિ, સ્થાન
કાય-માત્રું
ઉચ્ચારે-સ્થંડિલ

સમિઈ-પાંચ સમિતિઓ
ભાવણા-અનિત્યાદિ ભાવનાઓ
ગુત્તી-ત્રણ ગુપ્તીઓ
વિતહ-વિપરીત
આયરણંમિ-આચરણ કરવામાં
અઈઆરો-અતિચાર, દોષ

વાક્યાર્થ :

શયન-સંથારો, આસન, આહાર-પાણી, ચૈત્ય (દેરાસર), સાધુ, વસતિ (સ્થાન-ઉપાશ્રય), માત્રુ, સ્થંડિલ, સમિતિ, ભાવના અને ગુપ્તિ. આ સર્વના વિષયમાં જે જે વિપરીત (અયોગ્ય) આચરણ કર્યું હોય તે તે અતિચાર જાણવો.

શયન-સંથારો વિગેરે અવિધિએ કરવાથી, આસન-પાટ-પાટલો બેસવાનું આસન વગેરે અવિધિએ (પૂંજ્યા-પ્રમાર્જ્યા વિના) લેવા-મૂકવા કે વાપરવાથી, આહાર-પાણી-તેને વહોરવા કે

વાપરવામાં એષણાના દોષો પૈકી કોઈ દોષ સેવવાથી, **ચૈત્ય**–જિનમંદિરને અંગે અવિધિ (કે દેવ–વંદનાદિ નહિ કરવાથી, અથવા નિસીહિ વગેરેનું પાલન નહિ કરવાથી, **યતિ**–સાધુઓને વિનય–વૈયાવચ્ચ, વિગેરે નહિ કરવાથી કે આશાતનાદિક કરવાથી, **શય્યા**–વસતિ ઉપાશ્રય) ને અંગે પ્રમાર્જનાદિ નહિ કરવાથી કે સ્ત્રી આદિથી સંસક્ત વસતિમાં રહેવાથી અથવા પ્રતિકૂળ અનુકૂળમાં આર્ત્ત–રૌદ્ર ધ્યાન કરવાથી, **કાય**–પસ્ત્રવણ–માત્રાને અંગે (અશુધ્ધ ભૂમિમાં પરઠવવાથી કે જીવાદિથી રહિત શુદ્ધ ભૂમિમાં પણ દૃષ્ટિપડિલેહણાદિ નહિ કરવા રૂપ) અવિધિ કરવાથી, અને **ઉચ્ચાર**–પુરીષ (ઠલ્લો) પરઠવવામાં (પ્રશ્રવણની જેમ) અવિધિ કરવાથી, **સમિતિ**–પાંચ સમિતિનું યથાયોગ્ય પાલન ન કરવાથી, **ભાવના**–અનિત્યાદિ બાર, કે મૈત્ર્યાદિ–ચાર કે મહાવ્રતોની પચીસ ભાવનાઓનું ચિંતન

વિગેરે ન કરવાથી કે અવિધિએ કરવાથી, અને ગુપ્તિ-મનોગુપ્તિ કરવાથી, ઉપલક્ષણથી તપ, પડિલેહણ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય વિગેરે સાધુના દરેક વ્યાપારમાં અવિધિ આદિ કરવાથી લાગેલા અતિચારો, તેને કાઉસ્સગ્ગમાં આ ગાથાનું આલંબન કરવા પૂર્વક યાદ કરી ધારી રાખવા અને પછી ગુરુ સમક્ષ કહી સંભળાવી પ્રાયશ્ચિત લેવું, તે માટે આ ગાથા કાયોત્સર્ગમાં ચિંતવવી જોઈએ.

## ૫. દૈવસિક અતિચાર મોટા

ઠાણે કમણે ચંકમણે આઉત્તે અણાઉત્તે હરિઅકાય-સંઘટ્ટે, બીઅકાયસંઘટ્ટે, ત્રસકાય-સંઘટ્ટે, થાવરકાયસંઘટ્ટે, છપ્પઈઅસંઘટ્ટે, ઠાણાઓ ઠાણં સંકામિઆ, દેહરે ગોચરી બાહિર ભૂમિ માર્ગે જાતાં આવતાં સ્ત્રી-તિર્યંચ-તણા સંઘટ્ટ પરિતાપ ઉપદ્રવ હુઆ, દિવસમાંહિ ચાર

વાર સજ્ઝાય, સાત વાર ચૈત્યવંદન ન કીધાં, પડિલેહણા આઘી પાછી ભણાવી, અસ્તોવ્યસ્ત કીધી, આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાયાં, ધર્મધ્યાન શુકલધ્યાન ધ્યાયાં નહિ, ગોચરીતણા બેંતાલીશ દોષ ઉપજતા ચિંતવ્યા નહિ, પાંચ દોષ માંડલીતણા ટાળ્યા નહિ, માત્રુ અણપૂંજે લીધું, અણપૂંજી (જીવાકુળ) ભૂમિકાએ પરઠવ્યું, પરઠવતાં 'અણુજાણહ જસ્સુગ્ગહો' ન કીધો, પરઠવ્યા પુંઠે વાર ત્રણ 'વોસિરે વોસિરે' ન કીધું, દેહરા ઉપાશ્રયમાંહિ પેસતાં નિસીહિ-નીસરતાં આવસ્સહી કહેવી વિસારી, જિનભુવને ચોરાશી આશાતના-ગુરુ પ્રત્યે તેત્રીશ આશાતના (કીધી), અનેરો દિવસ સંબંધી જે કોઈ (અતિચાર) પાપદોષ લાગ્યો હોય, તે સવિ હું મને-વચને-કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

**અઘરા શબ્દાર્થ :**

ઠાણે-ઉભા રહેતાં

કમણે-ચાલતાં

ચંકમણે-આમ તેમ ફરતાં

આઉત્તે-ઉપયોગ પૂર્વક

અણાઉત્તે-ઉપયોગ વિના

હરિઅકાય-વનસ્પતિ સચિત્ત વૃક્ષાદિ

બીઅકાય-વૃક્ષોનાં બીજ, દાણા વગેરે

ત્રસકાય-હાલતા-ચાલતા બેઈન્દ્રિયાદિ જીવો

થાવરકાય-માટી વગેરે એકેન્દ્રિય જીવો

છપ્પઈઆ-ષટ્પદિકા-જૂ

સંઘટ્ટે-આ બધાનો સ્પર્શ વિગેરે કર્યો હોય

ઠાણાઓ ઠાણં-એક ઠેકાણેથી બીજે ઠેકાણે

સંકામિઆ-મૂક્યા હોય

દેહરે-દેરાસરે

બાહિરભૂમિ-સ્થંડિલ ભૂમિ વગેરે અન્યત્ર

સંઘટ્ટ-સામાન્ય સ્પર્શ

પરિતાપ-સંતાપ (પીડા)
ઉપદ્રવ-અત્યંત ત્રાસ
આઘી પાછી-મોડી વહેલી
અસ્તોવ્યસ્ત-જેમ તેમ અવિધિથી
ઉપજતા-ઉત્પન્ન થતા
ચિંતવ્યા-વિચાર્યા
અણપૂંજે-પૂંજ્યા વિના
જીવાકૂળ-જીવયુક્ત
અણુજાણહ-આજ્ઞા આપો
જસ્સ-જેનું
ઉગ્ગહો-અવગ્રહ-અધિકાર-સત્તા-માલિકી
વોસિરે-વોસિરાવું છું
પુંઠ-પછી
નિસીહિ-પાપવ્યાપારનો નિષેધ
નીસરતાં-નીકળતાં
આવસ્સહી-આવશ્યક કારણે
આશાતના-દોષજનક વર્તન

પાપ–પાપ લાગે તેવી ક્રિયા
દોષ–મનનો અશુભ પરિણામ

**ભાવાર્થ :**

ઉપયોગપૂર્વક કે ઉપયોગ વિના ઊભા રહેતાં, ચાલતાં, આમતેમ ફરતાં, લીલોતરી બીજ, ત્રસજીવો, એકેન્દ્રિય જીવો, વગેરેનો સ્પર્શ થયો હોય, જૂનો સ્પર્શ થયો હોય, જીવોને એક સ્થાનથી બીજા સ્થાને મૂક્યા હોય, દેરાસર, ગોચરી અને સ્થંડિલભૂમિ જતાં આવતાં સ્ત્રી, પશુ વગેરેનો સ્પર્શ કે પીડા કરી, કે અત્યંત ત્રાસ આપ્યો હોય. દિવસમાં ચાર વાર સજ્ઝાય અને સાત વાર ચૈત્યવંદન ન કર્યું હોય, પડિલેહણ વહેલું–મોડું કર્યું હોય અથવા જેમ–તેમ અવિધિથી કર્યું હોય, અને ધર્મ–શુકલ સ્વરૂપ શુભધ્યાન ન ધ્યાયું હોય, ગોચરીના બેંતાલીશ દોષ સંબંધી ઉપયોગ ન કર્યો હોય, માંડલીના પાંચ દોષ તજવાનો પ્રયત્ન ન કર્યો

હોય, માત્રું પૂંજ્યા વગરના પાત્રમાં લીધું હોય,, પૂંજ્યા વિનાના જીવોથી યુક્ત સ્થાનમાં પરઠવ્યું હોય, પરઠવતી વખતે 'અણુજાણહ જસ્સુગ્ગહો' (જેનું આ સ્થાન હોય તે મને આજ્ઞા આપો) આ શબ્દો ન બોલ્યા હોય, પરઠવ્યા પછી ત્રણ વાર 'વોસિરે વોસિરે' શબ્દ ન કહ્યો હોય, દેરાસર ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં 'નિસીહિ' અને નીકળતી વખતે 'આવસ્સહી' શબ્દ બોલવાનું ભૂલી ગયા હોય, દેરાસરમાંની ચોરાશી આશાતના અને ગુરૂ પ્રત્યેની તેત્રીશ આશાતનાઓમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય તે સર્વનું મન, વચન અને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં અર્પણ કરું છું. અર્થાત્ તે પાપને મિથ્યા કરું છું.

## ૬. રાત્રિક અતિચાર મોટા

**સંથારા ઉવટ્ટણકી, પરિઅટ્ટણકી, આઉંટણકી, પસારણકી, છપ્પઈઅસંઘટ્ટણકી, (અચક્ખુ**

વિસય હુઓ, સંથારો ઉત્તરપટ્ટો ટળતો અધિક ઉપકરણ વાવર્યો, શરીર અણપડિલેહ્યું હલાવ્યું, માત્રું અણપૂંજ્યું લીધું, અણપૂંજી ભૂમિકાએ પરઠવ્યું, પરઠવતાં 'અણુજાણહ જસ્સુગ્ગહો' ન કીધો, પરઠવ્યા પુંઠે વાર ત્રણ 'વોસિરે વોસિરે' ન કીધું, સંથારાપોરિસી ભણાવ્યા વિના સુતા, કુસ્વપ્ન લાધ્યું, સ્વપ્નાંતરમાંહિ શીયળતણી વિરાધના હુઈ, મનમાં આહટ્ટ દોહટ્ટ ચિંતવ્યું, સંકલ્પ-વિકલ્પ કીધો, રાત્રિ સંબંધી જે કોઈ અતિચાર લાગ્યો હોય તે સવિ હું મન, વચન અને કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

અઘરા શબ્દાર્થ :

ઉવટ્ટણાકી-બીજે પડખે ફરતાં, પડખું ફેરવતાં
પરિઅટ્ટણાકી-ફરીથી મૂળ પડખે ફરતાં
આઉંટણાકી-પગ વગેરેને સંકોચતાં
પસારણાકી-પગ વગેરેને લંબાવતાં

છપ્પઈઅ-ષટ્પદિકા-યૂકા (જૂ) નો
સંઘટ્ટણકી-સંઘટ્ટ-સ્પર્શ થતાં
અચક્ખુ વિસય-અંધારામાં દેખાયું ન હોય
ટળતો-ટાળીને, સિવાય
લાધ્યું-આપ્યું
આહટ્ટ-દોહટ્ટ-આડું દોઢું, (જેમ તેમ)
સંકલ્પ-દૃઢ કલ્પના
વિકલ્પ-વારંવાર અથવા વિચિત્ર કલ્પના

ભાવાર્થ :

સંથારામાં બીજે પડકે ફરતાં, ફરીથી મૂળ પડખે ફરતાં, પગ વગેરે અવયવોને સંકોચતાં, અથવા લાંબા કરતાં, જૂનો સ્પર્શ (વિરાધના) થયો હોય, અંધારામાં બરાબર દેખાયું ન હોય, સંથારા ઉત્તરપટ્ટા ઉપરાંત અધિક ઉપકરણ વાપર્યું હોય, શરીરને પડિલેહ્યા સિવાય હલાવ્યું હોય, માત્રું પાત્રને પૂજ્યા સિવાય લીધું (કર્યું) હોય, પૂંજ્યા

વિનાની ભૂમિમાં માત્રું પરઠવ્યું હોય, પરઠવતી વખતે 'અણુજાણહ જસ્સુગ્ગહો' શબ્દ ન બોલ્યા હોય, પરઠવ્યા પછી ત્રણ વાર 'વોસિરે વોસિરે' શબ્દ ન કહ્યો હોય, શયન કરતાં પહેલાં સંથારા-પોરિસી ન ભણાવી હોય, નિદ્રામાં ખરાબ સ્વપ્ન આવ્યું હોય, સ્વપ્નમાં શીયળનું ખંડન થયું હોય, મનમાં અશુભ વિચારો આવ્યા હોય, જુદી જુદી જાતના અયોગ્ય સંકલ્પ-વિકલ્પ (નિરર્થક વિવિધ વિષયના વિચારો) કર્યા હોય, રાત્રિના કાળમાં જે કોઈ દોષ લાગ્યો હોય તેનું મન, વચન અને કાયાથી મિચ્છામિ દુક્કડં અર્પણ કરું છું.

૫-૬ આ બે સૂત્રોમાં દિવસ અને રાત્રિ દરમ્યાન થયેલા દોષોની ગુરુ સમક્ષ આલોચના કરવામાં આવે છે. 'આલોચના' એ દશ પ્રકારનાં પ્રાયશ્ચિતો પૈકી પહેલું પ્રાયશ્ચિત કહ્યું છે. તે કરવાથી પાપ ખપી જાય છે.

# ૭. પાક્ષિક અતિચાર

"નાણંમિ દંસણંમિ અ, ચરણંમિ તવંમિ તહય વીરિયંમિ। આયરણં આયારો, ઈઅ એસો પંચહા ભણિઓ" ।।૧।।

શબ્દાર્થ :

નાણંમિ–જ્ઞાનના વિષયમાં
દંસણંમિ–દર્શનના વિષયમાં
ચરણંમિ–ચારિત્રના વિષયમાં
તવંમિ–તપના વિષયમાં
તહય–તેમજ
વીરિયંમિ–વીર્યશક્તિ ફોરવવાના વિષયમાં
આયરણં–આચરણ કરવું તે
આયારો–આચાર કહેવાય છે
ઈઅ–એ પ્રમાણે
એસો–આ આચાર
પંચહા–પાંચ પ્રકારે

ભણિઓ-કહ્યો છે

**મૂલપાઠ** : જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર, એ પંચવિધ આચારમાંહિ અનેરો જે કોઈ અતિચાર પક્ષ-દિવસમાંહિ સૂક્ષ્મ-બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન-વચન-કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. (૧)

**તત્ર જ્ઞાનાચારે આઠ અતિચાર**

**''કાલે વિણાએ બહુમાણે, ઉવહાણે તહ અનિન્હવણે । વંજણ-અત્થ-તદુભએ, અટ્ઠવિહો નાણમાયારો'' ।।૧।।**

**મૂલપાઠ** : જ્ઞાન કાળવેળામાંહે પઢયો ગુણ્યો પરાવર્ત્યો નહિ, અકાળે પઢયો, વિનયહીન-બહુમાનહીન-યોગોપધાન હીન પઢયો, અનેરા કન્હે પઢયો, અનેરો ગુરુ કહ્યો, દેવવંદણ વાંદણે પડિક્કમણે સજ્ઝાય કરતાં પઢતાં-ગુણતાં કૂડો અક્ષર, કાને માત્રે આગલો-ઓછો ભણ્યો ગુણ્યો,

સૂત્રાર્થ તદુભય કૂડાં કહ્યાં (સાધુતણે ધર્મે) કાજો અણાઉદ્ધર્યા-ડાંડો અણાપડિલેહ્યાં-વસતિ અણાશોધ્યાં-અણાપવેચાં, અસાજ્ઝાઈ-અણોજ્ઝા-કાળ વેલામાંહિ શ્રી દશવૈકાલિક પ્રમુખ સિદ્ધાન્ત ભણ્યો ગુણ્યો-પરાવર્ત્યો. અવિધિએ યોગોપધાન કીધાં-કરાવ્યાં-જ્ઞાનોપકરણ-પાટી-પોથી-ઠવણી-કવળી-નોકારવાળી-સાંપડા-સાંપડી-દસ્તરી-વહી-કાગળીઆ-ઓળીયા, પ્રમુખ પ્રત્યે પગ લાગ્યો, થૂંક લાગ્યું, થૂંકે કરી અક્ષર ભાં (માં)જ્યો, જ્ઞાનવંત પ્રત્યે પ્રદ્વેષ મત્સર વહ્યો, અંતરાય અવજ્ઞા આશાતના કીધી, કુણહિ પ્રત્યે તોતડો બોબડો દેખી હસ્યો-વિતકર્યો, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન-એ પંચવિધ જ્ઞાનતણી અસદ્દહણાહ આશાતના કીધી, જ્ઞાનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ. (૨)

શબ્દાર્થ :

પઢયો-ભણયો

ગુણયો-ભણેલું સંભાર્યું, ગણ્યું

પરાવર્ત્યો-વારંવાર વિચારણા કરી સંભાર્યું

અકાળે-ભણવાના નિષિદ્ધ સમયે

વિનયહીન-બહુમાન (આદર) વિના

યોગોપધાનહીન-જોગ અથવા ઉપધાન કર્યા સિવાય

અનેરા-બીજા, અનાધિકારી

કન્હે-પાસે

કહ્યો-કર્યો

વાંદણે-ગુરુવંદનમાં

કૂડો-ખોટો

આગલો-ઓછો-વધારે અથવા ઓછો

અણઉદ્ધ્રયા-(કાજો) લીધા વિના, ભૂમિશુદ્ધિ વિના

અણશોધ્યાં-પ્રમાર્જ્યા વિના

અસજ્ઝાઈ–અસ્વાધ્યાયનાં કારણો છતાં
અણોજ્ઝા–અનધ્યાયના દિવસોમાં
કવળી–પુસ્તકને વીંટવાનું સાધન
દસ્તરી–દોટીઆં પાઠાં
વહી–ચોપડા
ઓળીઆ–લાંબા કાગળો
ભાંજ્યો–ભૂંસી નાંખ્યો
માંજ્યો–સ્પષ્ટ કર્યો
દર્શનાચારે આઠ અતિચાર

''નિસ્સંકિઅ નિક્કંખિઅ, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી અ। ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લ પભાવણે અટ્ઠ'' ।।૧।।

મૂલપાઠ : દેવ–ગુરુ–ધર્મ તણે વિષે નિ:શંકપણું ન કીધું તથા એકાંત નિશ્ચય ધર્યો નહિ, ધર્મસંબંધિઆ ફળતણે વિષે નિ:સંદેહ બુદ્ધિ ધરી નહિ, સાધુ–સાધ્વીતણી નિંદા–જુગુપ્સા કીધી,

મિથ્યાત્વીતણી પૂજા પ્રભાવના દેખી મૂઢ દષ્ટિપણું કીધું, સંઘમાંહિ ગુણવંતતણી અનુપબૃંહણા કીધી, અસ્થિરીકરણ, અવાત્સલ્ય, અપ્રીતિ, અભક્તિ નિપજાવી, તથા દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, સાધારણદ્રવ્ય ભક્ષિત-ઉપેક્ષિત પ્રજ્ઞાપરાધે વિણાસ્યો, વિણસંતો ઊવેખ્યો, છતી શક્તિએ સાર-સંભાળ ન કીધી, ઠવણાયરિય હાથ થકી પાડયા, પડિલેહવા વિસાર્યા, જિનભવન તણી ચોરાશી આશાતના, ગુરુપ્રત્યે તેત્રીશ આશાતના કીધી, દર્શનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ (૩)

શબ્દાર્થ :

નિ:શંકપણું-શંકારહિતપણું

જુગુપ્સા-તિરસ્કાર

મૂઢદષ્ટિપણું-આપણો ધર્મ સાચો કે અન્ય દર્શનનો ? એવા પ્રકારનો ભ્રમ થવો.

અનુપબૃંહણા-(બુદ્ધિની મૂઢતા) ઉત્સાહ નહિ વધારવો

અસ્થિરીકરણ-ધર્મમાં સ્થિર ન કરવો
અવાત્સલ્ય-વાત્સલ્ય-આંતર પ્રીતિનો અભાવ
ભક્ષિત-ભક્ષણ થયે છતે
ઉપેક્ષિત-ઉપેક્ષા કરી
પ્રજ્ઞાપરાધે-ઓછી સમજથી, (અણસમજથી)
વિણસંતો-વિનાશ થવા છતાં
ઉવેખ્યો-ઉપેક્ષા કરી
સાર-સંભાળ-રક્ષા અને દેખરેખ
ઠવણાયરિય-સ્થાપનાચાર્ય
વિસાર્યા-ભૂલી ગયા
ચારિત્રાચારે આઠ અતિચાર

''પણિહાણજોગજુત્તો, પંચહિં સમિઈહિં તીહિં ગુત્તીહિં। એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો'' ।।૧।।

મૂલપાઠ : ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમત્ત-નિક્ષેપણા

સમિતિ, પારિષ્ઠપનિકાસમિતિ, મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, એ અષ્ટ પ્રવચનમાતા રૂડીપરે પાળી નહિ, સાધુતણે ધર્મે સદૈવ, શ્રાવકતણે ધર્મે સામાયિક પોસહ લીધે, જે કાંઈ ખંડના વિરાધના હુઈ હોય, ચારિત્રાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ (૪)

શબ્દાર્થ :

ઈર્યા–ગમન આગમનાદિ (માર્ગ)
સમિતિ–સમ્યગ્ વર્તન
ભાષા–બોલવું
એષણા–શુદ્ધ પિંડને શોધવો
આદાન–ગ્રહણ કરવું
ભંડમત્ત–ઉપકરણો–પાત્ર વસ્ત્રાદિ
પારિષ્ઠાપનિકા–પરઠવવું–સર્વથા તજી દેવું
ગુપ્તિ–પ્રવૃત્તિને ગોપવવી–રોકવી
પ્રવચન માતા–ધર્મની માતા સમાન, આઠ આચારો

રૂડીપેરે–સારી રીતે

સદૈવ–હંમેશા

ખંડના–નાની ભૂલ

વિરાધના–મોટી ભૂલ

હવે સાધુ ધર્મના ચારિત્રાચારના વિશેષ અતિચારો કહે છે.

**વિશેષત: ચારિત્રાચારે તપોધનતણે ધર્મે–**

**"વયછક્કં ૬ કાયછક્કં ૧૨ અકપ્પો ૧૩ ગિહિભાયણં ૧૪ પલિઅંક ૧૫ નિસિજ્જા ૧૬ ય સિણાણં ૧૭ સોહવજ્જણં ૧૮" ।।૧।।**

વ્રતષટ્કે (છ વ્રતો પૈકી)

પહેલે મહાવ્રતે પ્રાણાતિપાત–સૂક્ષ્મ બાદર–ત્રસ સ્થાવરજીવ–તણી વિરાધના હુઈ (૧) બીજે મહાવ્રતે–ક્રોધ–લોભ–ભય–હાસ્ય લગે જૂઠું બોલ્યા (૨)

ત્રીજે અદત્તાદાન વિરમણ મહાવ્રતે-

''સામીજીવાદત્તં તિત્થયરઅદત્તં તહેવ ય ગુરુહિં ।
એવમદત્તં ચઉહા, પણ્ણત્તં વીયરાએહિં'' ।।૧।।

સ્વામી અદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત, ગુરુઅદત્ત એ ચતુર્વિધ અદત્તાદાનમાંહિ કંઈ અદત્ત પરિભોગવ્યું (૩)

ચોથે મહાવ્રતે-

''વસહી-કહ-નિસિજ્જિંદિય-કુડ્ડિંતર-પુવ્વકીલિએ પણિએ । અઈમાયાહાર વિભૂસણા ય, નવ બંભચેરગુત્તીઓ'' ।।૧।।

એ નવ વાડો સુદ્ધી પાળી નહિ, સુહણે સ્વપ્નાંતરે દષ્ટિ વિપર્યાસ હુઓ (૪)

પાંચમે મહાવ્રતે-

ધર્મોપકરણને વિષે ઈચ્છા, મૂર્છા, ગૃદ્ધિ, આસક્તિ ધરી, અધિકો ઉપકરણ વાપર્યો, પર્વતિથિએ પડિલેહવો વિસાર્યો (૫)

છટ્ઠે રાત્રિભોજન વિરમણ વ્રતે-

અસૂરો ભાતપાણી કીધો, છારોદ્ગાર આવ્યો, પાત્રે-પાત્રબંધે તક્રાદિનો છાંટો લાગ્યો, ખરડયો રહ્યો, લેપ તેલ ઔષધાદિતણો સંનિધિ રહ્યો, અતિમાત્રાએ આહાર લીધો (૬) એં છએ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ (૫)

શબ્દાર્થ :

તપોધનેતણે-સાધુના (ધર્મમાં)

વયછક્કં-છ વ્રતો

કાયછક્કં-છ કાયજીવો

અકપ્પો-અકલ્પનીય (ન કલ્પે તેવાં)

ગિહિભાયણં-ગૃહસ્થનું ભાજન

પલિઅંક-પલંગ વગેરે

નિસિજ્જા-આસન

સિણાણં-સ્નાન

સોહવજ્જણં-શોભાનો ત્યાગ કરવો

પ્રાણાતિપાત-જીવહિંસા
સૂક્ષ્મ-ન દેખાય તેવા જીવો (સૂક્ષ્મ નામ કર્મના ઉદયવાળા જીવો)
બાદર-દેખાય તેવા જીવો (બાદરનામ કર્મના ઉદયવાળા જીવો)
ત્રસ-હાલતા ચાલતા (ત્રસનામ કર્મના ઉદયવાળા જીવો)
સ્થાવર-માટી વગેરે (સ્થાવર નામ કર્મના ઉદયવાળા જીવો)
હાસ્ય લગે-હાસ્યથી
સ્વામી અદત્ત-સ્વામીએ માલીકે નહિં આપેલ
જીવ અદત્ત-ફળ આદિના જીવે નહિં આપેલ
તીર્થંકર અદત્ત-જિનેશ્વર ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ
ગુરુ અદત્ત-ગુરુની આજ્ઞાથી રહિત
પરિભોગવ્યું-વાપર્યું
વસહી-સ્થાન, મકાન, (ઉપાશ્રય)

કહ-સ્ત્રી સંબંધી (કે સ્ત્રીએ પુરૂષસંબંધી) વાત કથા કરવી

નિસિજ્જ-આસનનો ઉપયોગ કરવો

ઈંદ્રિય-સ્ત્રીની ઈંદ્રિયો વગેરે અવયવો રાગથી જોવાં

કુડ્ડિંતર-ભીંતને આંતરે રહેવું-સાંભળવું

પુવ્વકીલિએ-પૂર્વની ક્રીડાને યાદ કરવી

પણિએ-બળવર્ધક રસ પ્રચુર માદક આહારનો ત્યાગ

અઈમાયાહાર-પ્રમાણથી અધિક આહારનો ત્યાગ

વિભૂસણા-શરીરાદિની શોભા તજવી

બંભચેરગુત્તીઓ-આ બ્રહ્મચર્યનું રક્ષણ કરનારી વાડો છે

સુદ્ધિ-સારી રીતે-શુદ્ધ

સુહણે-સ્વપ્નમાં

સ્વપ્નાંતરે-બીજા સ્વપ્ન આદિમાં

દૃષ્ટિ વિપર્યાસ-જોવામાં ફેરફાર (ધાતુનો વિકાર)

ઈચ્છા-સામાન્ય અભિલાષ
મૂર્છા-વિશેષ અભિલાષ-મમતા
ગૃદ્ધિ-તીવ્ર ઈચ્છા-મમતા
આસક્તિ-અત્યંત રાગ
અસૂરો-અંધારે અથવા સૂર્યનો પ્રકાશ મંદ પડે તેવા લગભગ વખતે
ભાતપાણી-આહાર
કીધો-કર્યો-વાપર્યો
છારોદ્ગાર-ખાટો (અજીર્ણનો) ઓડકાર
પાત્રબંધે-ઝોળીએ
તક્રાદિનો-છાશ વગેરેનો
સંનિધિ-પાસે (સંઘર્યો) રાત્રે રાખ્યો
અતિમાત્રાએ-વધારે પડતો (આહાર પાણી વાપર્યો)

કાયષટ્કે-ગામતણે પઈસારે નિસારે પગ પડિલેહવા વિસાર્યા, માટી-મીઠું-ખડી-ધાવડી-અરણેટ્ટો-પાષાણતણી ચાતલી ઉપર પગ આવ્યો

(૭) **અપ્‌કાય**–વાઘારી ફૂસણા હુઆ, વહોરવા ગયા, ઊલખો હાલ્યો, લોટો ઢોળ્યો, કાચા પાણીતણા છાંટા લાગ્યા (૮) **તેઉકાય**–વીજ દીવાતણી ઉજેહી હુઈ (૯) **વાઉકાય**–ઉઘાડે મુખે બોલ્યા, મહાવાય વાજતાં કપડા કામળીતણા છેડા સાચવ્યા નહિ, ફૂંક દીધી (૧૦) **વનસ્પતિકાય**–નીલફૂલ–સેવાલ–થડ–ફળ–ફૂલ–વૃક્ષ–શાખા–પ્રશાખાતણા સંઘટ્ટ પરંપર નિરંતર હુઆ (૧૧) ત્રસકાય–બેઈંદ્રી તેઈંદ્રી ચઉરિંદ્રી પંચિંદ્રી કાગ–બગ ઉડાવ્યા, ઢોર ત્રાસવ્યાં, બાલક બીહરાવ્યાં (૧૨) ષટ્‌કાય વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ (૬)

શબ્દાર્થ :

**પઈસારે નિસારે**–પેસવા નિકળવાની ભાગોળે, સચિત્ત અચિત્ત ભૂમિના સંક્રમણ સ્થાને

**ચાતલી**–છાટ

વાઘારી–ઝાકળ ધુમ્મસની (સ્પર્શના)
ઉલખો–સંસક્ત (જીવયુક્ત) પાણીનું પાત્રવિશેષ
ઉજેહી–દીપક વગેરેનો સચિત્ત પ્રકાશ।
મહાવાય–ઘણો, જોરદાર પવન
વાજતાં–ચાલતાં, વાતાં
સંઘટ્ટ–સ્પર્શ
ત્રાસવ્યાં–ત્રાસ પમાડયો

અકલ્પનીય સિજ્જા–વસ્ત્ર–પાત્ર–પિંડ–પરિભોગવ્યો, સિજ્જાતરતણો પિંડ પરિભોગવ્યો, ઉપયોગ કીધા, પાખે વિહર્યો, ધાત્રીદોષ, ત્રસ–બીજસંસક્ત, પૂર્વકર્મ–પશ્ચાત્ કર્મ, ઉદ્ગમ–ઉત્પાદનના(દિ) દોષ ચિંતવ્યા નહિ (૧૩). ગૃહસ્થતણો ભાજન ભાંજ્યો, ફોડયો, વળતો પાછો આપ્યો નહિ (૧૪). સૂતાં સંથારીઆ ઉત્તરપટ્ટા ટળતો અધિકો ઉપકરણ વાવર્યો (૧૫–૧૬). દેશત: સ્નાન કીધું, મુખે ભીનો હાથ લગાડયો, સર્વત: સ્નાનતણી વાંછા કીધી (૧૭). શરીરતણો

મેલ ફેડયો, કેશ રોમ નખ સમાર્યા, અનેરી કાંઈ રાઢા-વિભૂષા કીધી (૧૮). અકલ્પનીય પિંડાદિ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ (૭)

શબ્દાર્થ :

અકલ્પનીય-ન કલ્પે તેવા

પિંડ-આહાર, વસ્ત્ર-પાત્ર-વસતિ

પરિભોગવ્યો-વાપર્યો

પાખે-સિવાય, વિના

વિહર્યો-વહોર્યું-સ્વીકાર્યું

સંસક્ત-જીવ યુક્ત

પૂર્વકર્મ-ગોચરી વહોરતાં પહેલાં લાગતા દોષો

પશ્ચાત્કર્મ-વહોર્યા પછી લાગતા દોષો

ભાંજ્યો-ભાંગ્યો, ફોડ્યો-તોડ્યો,

ટળતો-સિવાય (ઉપરાંત)

ફેડયો-દૂર કર્યો

રાઢા-શોભા

ક્રમાંક: ____

**"આવસ્સય ૧ સજ્ઝાએ ૨ પડિલેહણ ૩ ઝાણ ૪ ભિક્ખ ૫ અભત્તટ્ઠે ૬ આગમણે-નિગમણે ૭ ઠાણે ૮ નિસીઅણે ૯ તુઅટ્ટે ૧૦" ॥૧॥**

**આવશ્યક**-ઉભયકાલ વ્યાક્ષિપ્તચિત્તપણે પડિક્કમણું કીધું, પડિક્કમણામાંહિ ઊંઘ્યા, બેઠાં પડિક્કમણું કીધું (૧). **દિવસ પ્રત્યે ચાર વાર** સજ્ઝાય, **સાત વાર** ચૈત્યવંદન ન કીધાં (૨). **પડિલેહણા** આઘી પાછી ભણાવી, અસ્તોવ્યસ્ત કીધી (૩). **આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન** ધ્યાયાં, ધર્મધ્યાન શુકલધ્યાન ધ્યાયાં નહિ (૪). **ગોચરી ગયાં** બેંતાલીસ દોષ ઉપજતા ચિંતવ્યા નહિ, પાંચ દોષ માંડલીતણા ટાળ્યા નહિ (૫). **છતી શક્તિએ** પર્વતિથિએ ઉપવાસાદિ તપ કીધો નહિ (૬). દેહરા-ઉપાસરામાંહિ પેસતાં નિસીહિ, નિસરતાં આવસ્સહી કહેવી વિસારી, ઈચ્છા-મિચ્છાદિક દશવિધ ચક્રવાલ સામાચારી સાચવી નહિ, ગુરુતણો વચન તહત્તિ કરી પડિવજ્યો નહિ,

અપરાધ આવ્યાં મિચ્છામિ દુક્કડં દીધાં નહિ (૭). સ્થાનકે રહેતાં હરિયકાય બીયકાય કીડીતણાં નગરાં શોધ્યાં નહિ (૮). ઓઘો મુહપત્તિ ચોળપટ્ટો ઉત્સંઘટ્ટયા, સ્ત્રી-તિર્યંચ-તણા સંઘટ્ટ અનન્તર પરંપર હુઆ (૯-૧૦). વડા પ્રત્યે 'પસાય કરી' લહુડાં પ્રત્યે 'ઈચ્છાકાર' ઈત્યાદિક વિનય સાચવ્યો નહિ. સાધુ સમાચારી વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ-બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મન-વચન-કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

શબ્દાર્થ :-

વ્યાક્ષિપ્તચિત્તપણે-વ્યગ્રચિત્તે, અશાંત ચિત્તે
આઘી પાછી-મોડી વહેલી
અસ્તોવ્યસ્ત-જેમ તેમ, અવિધિએ
પડિવજ્યો-સ્વીકાર્યો
આવ્યાં-થતાં

સ્થાનકે-ઉભા રહેતાં
નગરાં-દર-કીડીયારૂં
શોધ્યાં-સંભાળ્યાં
ઉત્સંઘટ્ટયા-એક હાથથી વધારે છેટા મૂક્યા
સંઘટ્ટ-સ્પર્શ
લહુડાં-નાના સાધુઓ પ્રત્યે

### ઈતિ પાક્ષિક અતિચાર સંપૂર્ણ

## સાધુ પ્રતિક્રમણ સૂત્ર સાર્થ

### ।। પગામ-સિજ્જા.।।

**અવતરણ** : હવે સાધુના પ્રતિક્રમણ સૂત્ર ''પગામ સિજ્જાએ૦''નું વિવરણ લખીએ છીએ. તેમાં 'પ્રતિક્રમણ' શબ્દનો અર્થ શુભ યોગોમાંથી અશુભ યોગોમાં ગયેલા આત્માનું પુનઃ શુભ યોગોમાં પ્રતિ-પ્રતિકૂળ (ઉલટું) ગમન કરવું, પાછા ફરવું તેને 'પ્રતિક્રમણ' કહ્યું છે. તે પ્રતિક્રમણ બે પ્રકારનું છે.

એક યાવજ્જીવ–જીવન પર્યંતનું અને બીજું અમુક કાલ સુધીનું. તેમાં જીવનપર્યંત મહાવ્રતો આદિ ઉચ્ચરવાં તે યાવજ્જીવ માટેનું અને દૈવસિક–રાઈ વિગેરે પ્રતિક્રમણો મર્યાદિત કાલનું સમજવું, આ પ્રતિક્રમણ ચાર વિષયનું કરાય છે.

(૧) વીતરાગદેવોએ નિષેધેલ કાર્ય કર્યું હોય તેનું

(૨) કરવા યોગ્ય કાર્ય ન કર્યું હોય તેનું

(૩) જિનવચનમાં અશ્રદ્ધા કરી હોય તેનું

(૪) જિનવચનથી વિપરીત પ્રરૂપણા કરી હોય તેનું

મંગળ–પ્રતિક્રમણસૂત્રના પ્રારંભે (ભાવમંગળરૂપ) શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર અને 'કરેમિ ભંતે' કહેવું. તે પછી વિઘ્નોની શાન્તિ માટે પ્રતિક્રમણસૂત્ર મંગળપૂર્વક કહેવું જોઈએ; માટે સૂત્રકાર સ્વયં મંગળને જણાવે છે.

"ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં."

શબ્દાર્થ :

ચત્તારિ–ચાર પદાર્થો
મંગલં–મંગળરૂપ છે
અરિહંતા–અરિહંત ભગવંતો
સિદ્ધા–સિદ્ધ ભગવંતો
સાહૂ–સાધુ ભગવંતો
કેવલિ–કેવળી ભગવંતો
પણ્ણત્તો–પ્રરૂપેલો સાવદ્યની વિરતિ રૂપ
ધમ્મો–ધર્મ

અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી ભગવાને પ્રરૂપેલો ધર્મ, આ ચાર પદાર્થો જીવોને મંગળરૂપ છે.

વ્યાખ્યા : 'સંસારથી મને ગાળે' (પાર ઉતારે) તે 'મંગલં' અથવા 'મંગાય (પ્રાપ્ત કરાય) હિત જેનાથી' તે 'મંગલં', અથવા 'મંગ' એટલે ધર્મને 'લા' એટલે આપે તે 'મંગલં' એમ 'મંગલ' શબ્દની

જીુદી જીુદી વ્યુત્પત્તિઓ દ્વારા જુદા જુદા અર્થો થઈ શકે છે. (છતાં તાત્પર્યથી બધા અર્થો એક અર્થવાળા છે.) તેમાં ચાર પદાર્થો મંગલ છે, તે કહે છે, 'અરિહંત મંગલં' વિગેરે. અરિહંતો ૧, સિદ્ધો ૨, સાધુઓ ૩ અને કેવલિપ્રરૂપિત ધર્મ ૪, એ ચાર મંગલો છે. તેમાં આચાર્યો-ઉપાધ્યાયો પણ સાધુપણાથી યુક્ત હોવાથી 'સાધુપદથી તેઓનો પણ સંગ્રહ સમજવો. અને કેવલિપ્રરૂપિત ધર્મમાં શ્રુતધર્મ અને ચારિત્રધર્મ (જ્ઞાન અને ક્રિયા) બન્ને ધર્મો સમજી લેવા. એ પદાર્થોની મંગલતા એ કારણે છે કે હિત તેઓ દ્વારા જ મંગાય છે (મેળવાય છે). આ કારણથી જ તેઓનું લોકોત્તમપણું છે અથવા લોકમાં તે પદાર્થોનું ઉત્તમપણું છે. એ જણાવવા કહે છે.

"ચત્તારિ લોગુત્તમા-અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા-કેવલિ પણ્ણત્તો ધમ્મો લોગુત્તમો."

**લોગુત્તમો-લોકમાં ઉત્તમ**

અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી ભગવંતે પ્રરૂપેલો ધર્મ, આ ચાર પદાર્થો લોકમાં ઉત્તમ છે.

**વ્યાખ્યા:** પૂર્વે કહેલા ચાર પદાર્થો, લોક એટલે (ક્ષાયોપશમિક આદિ ભાવોરૂપ) ભાવલોકમાં ઉત્તમ છે. માટે 'લોકોત્તમ' છે. તેમાં 'અરિહંતો' ભાવલોકમાં પ્રધાન છે, કારણ કે તેઓને કર્મની સર્વ શુભ પ્રકૃતિઓનો ઉદય હોય છે, અર્થાત્ શુભ ઔદયિકભાવે તેઓ વર્તતા હોય છે. સમગ્ર લોકમાં અરિહંતની તુલનામાં આવે તેવો કોઈ આત્મા શુભ ઔદયિકભાવવાળો હોતો નથી. 'સિદ્ધો' ચૌદ રાજલોકના ઉપરના અંતભાગે-ત્રણલોકના મસ્તકસ્થાને રહેલા હોવાથી ક્ષેત્રલોકમાં ઉત્તમ છે. (સાધુઓ તો સમ્યગ્ જ્ઞાન-દર્શન અને ચારિત્રની અપેક્ષાએ ભાવલોકમાં ઉત્તમ છે જ. અર્થાત્ જ્ઞાનાદિ ગુણોરૂપ ભાવધર્મની પ્રાપ્તિવાળા હોવાથી ભાવલોકોત્તમ છે અને ધર્મમાં શ્રુતધર્મ ક્ષાયોપશમિક

ભાવલોકની અપેક્ષાએ તથા ચારિત્રધર્મ, ક્ષાયિકભાવ અને મિશ્ર (સાંનિપાતિક) ભાવની અપેક્ષાએ ભાવલોકોત્તમ છે, આ રીતે તેઓનું લોકોત્તમપણું હોવાથી જ તે શરણ કરવા યોગ્ય પણ છે, (અથવા તે શરણ કરવા યોગ્ય હોવાથી તેઓમાં લોકોત્તમપણું છે.) એ જણાવે છે કે...

**"ચત્તારિ સરણં પવજ્જામિ – અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજજામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવજ્જામિ."**

**શબ્દાર્થ :**

**ચત્તારિ**–ચાર

**સરણં**–શરણોને

**પવજ્જામિ**–હું સ્વીકારું છું

**વ્યાખ્યા :** ચાર શરણોને હું અંગીકાર કરું છું. સાંસારિક દુઃખોથી મારી રક્ષા કરવા માટે હું ચાર

શરણાનો આશ્રય સ્વીકારું છું. ચારને ભજું છું. ૧ અરિહંતોનું શરણ સ્વીકારું છું. ૨ સિદ્ધોનું શરણ સ્વીકારું છું. ૩ સાધુઓનો આશ્રય કરું છું. અને ૪ કેવલિ-પ્રરૂપિત ધર્મનો આશ્રય કરું છું. આ રીતે માંગલિક વ્યવહાર કરીને હવે પ્રતિક્રમણસૂત્ર કહે છે.

**"ઈચ્છામિ પડિક્કમિઉં જો મે. ઈત્યાદિ તસ્સ મિચ્છામિ દુક્કડં."** સુધી કહેવું. (આ સૂત્રનો અર્થ આગળ આવી ગયો છે.) આ સૂત્રદ્વારા એ રીતે અતિચારોને સામાન્યથી જણાવીને તેનું સંક્ષેપમાં પ્રતિક્રમણ જણાવ્યું, હવે વિસ્તારથી તેનું પ્રતિક્રમણ કહે છે-તેમાં પણ પહેલાં ગમન-આગમન અંગેના અતિચારોનું પ્રતિક્રમણ કરવા માટે **"ઈચ્છામિ પડિક્કમિઉં ઈરિઆવહિયાએ"** વિગેરે બોલે, એમ ગમન-આગમન અંગેના અતિચારોનું પ્રતિક્રમણ કહ્યું, હવે બાકીના સઘળા અતિચારોના પ્રતિક્રમણ માટે મૂલ પ્રતિક્રમણ સૂત્ર કહે છે.

શબ્દાર્થ :

ઈચ્છામિ-ઈચ્છું છું

પડિક્કમિઉં-પ્રતિક્રમણ કરવાને

પગામસિજ્જાએ-અત્યંત ચારે પ્રહર સતત શયન કરવા વડે

નિગામસિજ્જાએ-હંમેશાં પ્રકામ-સતત શયન કરવા વડે

સંથારાઉવટ્ટણાએ-સંથારાને વિષે પડખું ફેરવવાથી

પરિઅટ્ટણાએ-જમણા પડખેથી ડાબા પડખે ફરવા વડે

આઉંટણાએ-અંગોપાંગ સંકોચવા વડે

પસારણાએ-અંગોપાંગ લંબાવવા વડે

છપ્પઈઅસંઘટ્ટણાએ-જૂ વિગેરેને સ્પર્શ-કિલામણા થવા વડે

કૂઈએ-ખાંસી ખાતાં મુખ વસ્ત્રિકા ન રાખવાથી

કક્કરાઈએ-પ્રતિકૂળ વસતિ અંગે નારાજીના શબ્દો બોલવાથી

છીએ-છીંક ખાવાથી-મુખ વસ્ત્રિકા ન રાખવાથી

જંભાઈએ-બગાસું ખાવાથી, મુખ વસ્ત્રિકા ન રાખવાથી

આમોસે-વસ્તુને પ્રમાર્જ્યા વિના સ્પર્શ કરવાથી

સસરક્ખામોસે-રજયુક્ત (સચિત્ત) પૃથ્વીને સ્પર્શ કરવાથી

સોઅણવત્તિઆએ-સ્વપ્નના નિમિત્તવાળી

આઉલમાઉલાએ-આકુળતા વ્યાકુળતાને કરીને

ઈત્થીવિપ્પરિયાસિઆએ-સ્ત્રીના વિપર્યાસથી

દિટ્ઠી વિપ્પરિયાસિઆએ-દૃષ્ટિના વિપર્યાસથી

મણ વિપ્પરિયાસિઆએ-મનના વિપર્યાસથી

પાણભોઅણ વિપ્પરિયાસિઆએ-પાન અને ભોજનનો વિપર્યાસ કરવાથી

જો-જે

મે-મેં

દેવસિઓ-દિવસ સંબંધી

અઈઆરો-અતિચાર

કઓ-કર્યો હોય

તસ્સ-તેનું

દુક્કડં-દુષ્કૃત-પાપ

મે-મારે

મિચ્છા-મિથ્યા થાઓ

હું તે અતિચારોથી પ્રતિક્રમવાને-પાછો ફરવાને ઈચ્છું છું. તે અતિચારો કયા ? તે કહે છે. પ્રકામ એટલે અત્યંત અર્થાત્ રાત્રિના ચારે પહોર સુધી અથવા પ્રમાદથી કે વિહારના શ્રમથી દિવસે પણ દીર્ઘ શયન કરવા વડે કરીને અથવા અધિક ઉપકરણવાળા સંથારા વડે કરીને, તથા હંમેશા તે જ પ્રકામ શય્યાએ કરીને, તથા સંથારાને વિષે ડાબા પડખાથી જમણા પડખે ફરવા વડે કરીને, તથા જમણા પડખેથી ડાબે પડખે ફરવા વડે કરીને, તથા હાથ-પગ વગેરે અંગો સંકોચવા વડે

કરીને, તથા અંગોને, પ્રસારવા વડે કરીને, આ સર્વ ક્રિયાઓ પૂંજ્યા વિના કરવાથી અતિચાર લાગે છે. તથા જૂ વિગેરેને અવિધિથી સંઘટ્ટ-સ્પર્શ કિલામણા કરવા વડે કરીને જે અતિચાર સેવ્યો હોય, તથા ઉઘાડે મુખે ઉધરસ ખાવાથી, તથા કચકચ અવાજ કરતી શય્યામાં શયન કરવાથી, તથા ઉઘાડે મુખે છીંક ખાવાથી, ઉઘાડે મુખે બગાસું ખાવાથી, અવિધિએ પૂંજ્યા વિના ભૂમિ વિગેરેનો પૂંજ્યા વિના સ્પર્શ કરવાથી, સૂતા છતાં સ્વપ્નના નિમિત્તવાળી આકુળતા-વ્યાકુળતા કરીને એટલે સ્ત્રી આદિના ભોગ, વિવાહ તથા યુદ્ધાદિકની સામગ્રીના સ્પર્શથી ઉત્પન્ન થયેલી આકુળતા-વ્યાકુળતાએ કરીને જે અતિચાર લાગ્યા હોય, તથા સ્ત્રીના વિપર્યાસથી મૈથુન સેવવાથી ઉત્પન્ન થયેલી દૃષ્ટિના વિપર્યાસથી એટલે સ્ત્રી વિગેરેને રાગ દૃષ્ટિએ જોવાથી ઉત્પન્ન થયેલી, તથા મનના વિપર્યાસથી એટલે સ્ત્રીને દેખી મનનો વિકાર

થવાથી ઉત્પન્ન થયેલી, પાન અને ભોજનનો વિપર્યાસ એટલે રાત્રિએ પાન-ભોજન કરવાની ઈચ્છાથી ઉત્પન્ન થયેલી આકુળતા-વ્યાકુળતા વડે કરીને જે મને દિવસ સંબંધી અતિચાર લાગ્યો હોય તેનું પાપ મારે મિથ્યા થાઓ.

**વ્યાખ્યા :** પ્રથમ શયન ક્રિયાના અતિચારોના પ્રતિક્રમણ માટે કહે છે કે – 'પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું' કોનું પ્રતિક્રમણ? તે કહે છે કે – **'પગામસિજ્જાએ'** અર્થાત્ 'પ્રકામશય્યા' કરવાથી લાગેલા દિવસ સંબંધી અતિચારનું. અહીં પણ 'ક્રિયાકાળ' સમજવો. અર્થાત્ જ્યારે જ્યારે પ્રકમ શય્યા કરવાથી મને અતિચાર લાગ્યો હોય તે તે વખતે લાગેલા અતિચારનું મને 'મિચ્છામિ દુક્કડં' થાઓ, એ સમાપ્તિકાળ જાણવો. એટલે અત્યારે તે મારું પાપ મિથ્યા થાઓ એમ સમજવું. એમ આગળના પદોમાં પણ ક્રિયાકાળ અને સમાપ્તિકાળનો વિવેક કરવો. હવે

'પ્રકામશય્યા'નો અર્થ કહે છે કે – 'શયન કરવું તે શય્યા' તે 'પ્રકામ' – અતિચાર–ચારે પ્રહર સુધી કરવું તે 'પ્રકામ શય્યા' આ અર્થમાં શય્યા એટલે સંથારીયું વગેરે પણ સમજવું. તે અર્થમાં 'પ્રકામા' એટલે સંથારા–ઉત્તરપટ્ટાથી વધારે ઉપકરણો અથવા કપડાને ઉદ્દેશીને ત્રણથી વધારે કપડા વાપરવા તે 'પ્રકામશય્યા' કહેવાય. એવી કોઈપણ 'પ્રકામશય્યા' કરવાથી–લાગેલા અતિચારનું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું. આ રીતે 'પ્રકામશય્યા' કરવાથી સ્વાધ્યાયાદિ ન થઈ શકે તે અહીં અતિચાર સમજવો. **'નિગામસિજ્જાએ'** દરરોજ 'પ્રકામશય્યા' કરવી તે 'નિકામશય્યા' કહેવાય, તેનાથી સ્વાધ્યાય વિગેરેમાં વ્યાઘાત થવારૂપ અતિચાર સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ તથા **'સંથારાઉવટ્ટણાએ'** સંથારામાં 'ઉદ્વર્તન' એટલે શયન કર્યું હોય તેની અપેક્ષાએ બીજા પડખે ફરવાથી અને **'પરિયટ્ટણાએ'** પુનઃ તે જ પૂર્વના

પડખે ફરવાથી પુનઃ પડખું બદલવાથી, આ ઉદ્વર્તના અને પરિવર્તના કરતાં સંથારાને અને કાયાને નહિ પ્રમાર્જવા વિગેરેથી અતિચાર સમજવો. **આઉંટણાએ** શરીરના અવયવો (પગ વિગેરે) ને સંકોચવાથી તથા **પસારણાએ** સંકોચેલા અવયવોને પહોળા (લાંબા) કરવાથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ અહિં કુકડીની જેમ આકાશે (ઉંચે) પગ કરીને સુવાને બદલે પગ વગેરે અવયવોને લંબાવવાની તથા સંકોચવાની ક્રિયા પણ પ્રમાર્જીને કરવી જોઈએ. તે પ્રમાણે નહિ કરવાથી અતિચાર સમજવો. **છપ્પઈઅ-સંઘટ્ટણાએ**-જૂઓને અવિધિએ સંઘટ્ટણ-કિલામણા કરવાથી, **કૂઈએ** ખાંસી આવવાથી, અર્થાત્ ખાંસી વખતે મુખ આગળ મુખવસ્ત્રિકા કે હાથ નહિ રાખવાથી, **કક્કરાઈએ** નારાજીથી વસતિ (મકાન)માં તો 'ખાડા ટેકરા છે' અથવા 'ગરમી છે' વિગેરે બોલવું તે 'કર્કરાચિત' કહેવાય.

વસતિને અંગે એવી નારાજી થાય તે આર્તધ્યાન રૂપ અતિચાર સમજવો. **છીએ** છીંક **જંભાઈએ** બગાસુ અવિધિએ ખાવાથી અર્થાત્ છીંક કે બગાસુ આવતાં મુખે મુખવસ્ત્રિકા કે હાથથી જયણા નહિ કરવાથી. **આમોસે** સ્પર્શ કરવાથી, અર્થાત્ કોઈ વસ્તુને પ્રમાર્જન કર્યા વિના હાથ લગાડવાથી, **સસરક્ખામોસે** પૃથ્વી આદિ રજવાળી વસ્તુને સ્પર્શ કરવાથી.

આ જાગૃત અવસ્થામાં સંભવિત અતિચારોને ઉદ્દેશી કહ્યું. હવે નિદ્રાધીન અવસ્થામાં સંભવિત અતિચારોને કહે છે-**આઉલમાઉલાએ સોઅણવત્તિઆએ**-આકુળ-વ્યાકુળતાથી સ્વપ્નનિમિત્તક એટલે સ્વપ્નમાં સ્ત્રી આદિનો ભોગ, વિવાહ કે કોઈની સાથે યુદ્ધ વિગેરે કરવું, અર્થાત્ તે તે વિષયની આકુળતાથી નિદ્રામાં જુદા જુદા પ્રકારનાં સ્વપ્નો આવવાને લીધે જે અતિચાર લાગ્યો હોય, આ આકુળ-વ્યાકુળતા પણ

મૂળગુણ અને ઉત્તરગુણને અંગે, એમ બે પ્રકારની હોય, તેથી તેને ભિન્ન ભિન્ન જણાવે છે કે - **ઈત્થીવિપ્પરિઆસિઆએ** અબ્રહ્મ (સ્ત્રી) સેવન સંબંધી આકુળ-વ્યાકુળતાથી, **દિટ્ઠીવિપ્પરિ-આસિઆએ**-રૂપને જોવાના અનુરાગથી-સ્ત્રીને જોવારૂપ દૃષ્ટિવિકારથી થયેલી આકુળ-વ્યાકુળતાથી, એ પ્રમાણે **મણવિપ્પરિઆસિઆએ** -મનમાં સ્ત્રીનું ધ્યાન-ચિંતન કરવારૂપ મનોવિકારથી થયેલી આકુળ-વ્યાકુળતાથી, તથા **પાણભોઅણવિપ્પરિ-આસિઆએ**-રાત્રે આહાર પાણી વાપરવારૂપ વિપરીત વર્તન જેમાં હોય તેવી આકુળ-વ્યાકુળતાથી (તાત્પર્ય કે નિદ્રામાં તે તે પ્રકારની વ્યાકુળતાને કારણે અબ્રહ્મ સેવનનું, સ્ત્રીના રૂપને જોવાનું, તેના ચિંતનનું, કે આહારપાણી વાપરવા વિગેરે સંબંધી સ્વપ્ન આવવાથી **જો મે દેવસિઓ અઈઆરો કઓ**-જે

મેં દિવસ સંબંધી અતિચાર કર્યો હોય તસ્સ મિચ્છામિ દુક્કડં તે મારું પાપ મિથ્યા થાઓ.

પ્રશ્ન–સાધુને દિવસે શયનનો નિષેધ હોવાથી એ અતિચારો દિવસે કેવી રીતે થાય ?

ઉત્તર–પ્રશ્ન બરાબર છે, પણ આ પાઠ જ એમ જણાવે છે કે વિહારને કારણે થાક લાગ્યો હોય, ઈત્યાદિ પ્રસંગે અપવાદથી સાધુ દિવસે પણ શયન કરી શકે અને ત્યારે આ અતિચારો પણ સંભવિત છે.

એમ શયન સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કહીને હવે ગોચરી સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરવા માટે કહે છે કે–

**પડિક્કમામિ ગોઅરચરિઆએ, ભિક્ખાયરિઆએ, ઉગ્ઘાડકવાડઉગ્ઘાડણાએ સાણા–વચ્છાદારા–સંઘટ્ટણાએ, મંડીપાહુડિઆએ, બલિપાહુડિઆએ, ઠવણાપાહુડિઆએ, સંકિએ,**

સહસાગારિએ, અણેસણાએ, પાણેસણાએ, પાણભોઅણાએ, બીઅભોઅણાએ, હરિઅ-ભોઅણાએ, પચ્છેકમ્મિઆએ, પુરેકમ્મિઆએ, અદિટ્ઠહડાએ, દગાસંસટ્ઠહડાએ, રયસંસટ્ઠ-હડાએ, પારિસાડણિઆએ, પારિટ્ઠાવણિઆએ, ઓહાસણભિક્ખાએ જં ઉગ્ગમેણં ઉપ્પાયણેસણાએ, અપરિસુદ્ધં પરિ(ડિ)-ગ્ગહિઅં, પરિભુત્તં વા જં ન પરિટ્ઠવિઅં, તસ્સ મિચ્છા મિ દુક્કડં ।।

શબ્દાર્થ :

પડિક્કમામિ-પડિક્કમું છું
ગોઅરચરિઆએ-ગોચરચર્યા (ગોચરી) વિષયમાં
ભિક્ખાયરિઆએ-ભિક્ષાચર્યામાં
ઉગ્ઘાડકવાડ-કાંઈક ઢાંકેલા કમાડને
ઉગ્ઘાડણાએ-ઉઘાડવા વડે કરીને

**સાણાવચ્છાદારાસંઘટ્ટણાએ**–કુતરો, વાછરડો અને બાળકના સંઘટ્ટાએ કરીને

**મંડીપાહુડિઆએ**–મંડીપ્રાભૃતિકાવડે કરીને

**બલિપાહુડિઆએ**–બલિપ્રાભૃતિકાવડે કરીને

**સંકિએ**–શંકિતદોષવાળી

**સહસાગારિએ**–સહસાત્કારદોષવાળી (ભિક્ષા)

**અણેસણાએ**–એષણારહિતપણા વડે કરીને

**પાણેસણાએ**–પાણીની એષણા વડે

**બીઅભોઅણાએ**–બીજની વિરાધના વડે

**હરિઅભોઅણાએ**–લીલી વનસ્પતિની વિરાધના વડે

**પચ્છેકમ્મિઆએ**–પશ્ચાત્કર્મદોષ લાગવા વડે

**પુરેકમ્મિઆએ**–પુર:કર્મ દોષ લાગવા વડે

**અદિટ્ઠહડાએ**–નહિ જોયેલી વસ્તુ લેવા વડે

**દગસંસટ્ઠહડાએ**–પાણીના સ્પર્શવાળી ભિક્ષા લેવા વડે

રયસંસટ્ઠહડાએ–રજના સ્પર્શવાળી ભિક્ષા લેવા વડે

પારિસાડણિઆએ–ઢોળાતી ભિક્ષા લેવા વડે

પારિટ્ઠાવણિઆએ–અકલ્પ્યવસ્તુ રહિત કરેલા પાત્ર વડે ભિક્ષા આપે તે

ઓહાસણભિક્ખાએ–વસ્તુ માંગીને લેવી તે

જં–જે કાંઈ વસ્તુ

ઉગ્ગમેણં–ઉદ્‌ગમ સંબંધી દોષે કરીને

ઉપ્પાયણેસણાએ–ઉત્પાદનના દોષે કરીને

અપરિસુદ્ધં–અશુદ્ધ

પરિગ્ગહિઅં–ગ્રહણ કર્યું હોય કે

પરિભુત્તં–ખાધું હોય

જં ન પરિટ્ઠવિઅં–જે પરઠવ્યું ન હોય

ગાયના ચરવાની જેવી જે ચર્યા–ફરવું તે ગોચરચર્યા તેને વિષે, તથા ભિક્ષાચર્યાને વિષે મને જે અતિચાર લાગ્યો હોય તેને હું પડિક્કમું છું–આલોવું છું. ગોચરીમાં અતિચાર શી રીતે થાય ?

તે બતાવે છે-કાંઈક ઢાંકેલા કમાડને પૂંજ્યા વિના ઉઘાડવાવાડે કરીને, તથા કુતરો, વાછરડો અને બાળકના સંઘટ્ટાએ કરીને, ઢાંકણી કે બીજા પાત્રમાં પ્રથમ ભાત વિગેરે કાઢીને જે અપાય તે મંડી-પ્રાભૃતિકા કહેવાય છે તે વડે કરીને, ચારે દિશામાં અથવા અગ્નિમાં પ્રથમ બળિદાન નાંખીને પછી જે ભિક્ષા આપે તે બલિપ્રાભૃતિકા કલ્પે નહિ, તેથી તે વડે કરીને, ભિક્ષુકોને માટે જુદી સ્થાપન કરી રાખેલી ભિક્ષા કલ્પે નહીં છતાં તે લેવાવડે કરીને, આધાકર્માદિકની શંકાવાળી ભિક્ષા ગ્રહણ કરવા વડે કરીને, સહસાત્કારે-ઉતાવળે અકલ્પનીય લેવા વડે કરીને થયેલી જે અનેષણા તે વડે કરીને, ભોજન લેતાં કે દેતાં પ્રાણીઓની-જીવોની વિરાધના થાય એવી ભિક્ષાવડે કરીને, ભોજનમાં બીજની વિરાધના થાય એવી ભિક્ષાવડે, ભોજનમાં હરિતતૃણ (લીલા ઘાસ)નો સંઘટ્ટો થતો હોય એવી ભિક્ષા લેવાવડે, ભિક્ષા આપ્યા પછી

કાચા પાણી વડે વહોરાવનારે હાથ વિગેરે ધોવાથી પશ્ચાત્કર્મ લાગે એવી ભિક્ષા વડે, ભિક્ષા આપ્યા પહેલાં હાથ વિગેરે ધોવે તે પુરઃકર્મ કહેવાય છે, તેવી ભિક્ષાવડે, અંદર રહેલી વસ્તુ જોયા વિના બહાર લાવ્યા હોય તે લેવાવડે, સચિત્ત જળના સ્પર્શવાળી લાવેલી ભિક્ષા લેવાવડે, સચિત્ત રજના સ્પર્શવાળી લાવેલી ભિક્ષા લેવાવડે, અન્નના કણીયા અથવા ઘી વિગેરેના બિંદુ પડતા હોય એવી ઢોળાતી ભિક્ષા લેવાવડે, જે પાત્રમાં અકલ્પ્ય વસ્તુ રહેલી હોય તે બીજા પાત્રમાં નાખીને તે ખાલી કરેલા પાત્રવડે જે ભિક્ષા અપાય તે લેવાવડે, કોઈપણ વસ્તુ માગીને લેવી તે 'ઓહાસણ' કહેવાય એવી ભિક્ષા લેવાવડે, જે કોઈ વસ્તુ આધાકર્માદિક ઉદ્‌ગમના દોષે કરીને, ધાત્રી આદિ ઉત્પાદનના દોષે કરીને તથા શક્તિ આદિ એષણાના દોષે કરીને દૂષિત હોય તેવી ભિક્ષા ગ્રહણ કરી હોય અથવા ખાધી–

વાપરી હોય તથા જે વસ્તુ પરઠવવા યોગ્ય હોય છતાં ન પરઠવી હોય ઈત્યાદિ જે અતિચારો ઉત્પન્ન થયા હોય તે અતિચારો સંબંધી મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

**વ્યાખ્યા : પડિક્કમામિ પ્રતિક્રમણ કરું છું.** શાનું ? ગોચરી ફરવામાં જે અતિચારો લાગ્યા હોય તેનું. આ પ્રમાણે સર્વ સ્થાને સંબંધ જોડવો. 'ગોઅરચરિઆએ' 'ગાયનું ચરવું' તે 'ગોચર' કહેવાય, ગોચરની જેમ 'ચર્યા' ભ્રમણ કરવું તે 'ગોચરચર્યા' તેમાં લાગેલા અતિચારોનું. કયા વિષયમાં ? **'ભિક્‌ખાયરિઆએ'** ભિક્ષા માટે ભ્રમણ કરવું તે ભિક્ષાચર્યામાં, અર્થાત્ ભિક્ષા માટે ભ્રમણ કરતાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. તે આ પ્રમાણે : સાધુ આહારાદિ વસ્તુ મળે કે ન મળે તેની અપેક્ષા વિનાનો ચિત્તમાં દીનતારહિત હોય, અર્થાત્ મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ, એમ ઉભયથા લાભને માનતો હોય, માટે

જ મળવા-ન મળવામાં નિરપેક્ષ હોવાથી દીનતા વિનાના, વળી ઉત્તમ (શ્રીમંતનાં), અધમ (દરિદ્રોના) અને મધ્યમ (સામાન્યના) ઘરોમાં ઈષ્ટ વસ્તુ મળે તો પણ રાગ વિના અને અનિષ્ટ મળે તો પણ દ્વેષ વિના ફરે, એ ગોચરી ફરવાનો વિધિ છે. તેમાં અતિચાર કેવી રીતે લાગે તે કહે છે- '**ઉગ્ઘાડકવાડઉગ્ઘાડણાએ**' ઉદ્ઘાટ એટલે માત્ર સાંકળ ચઢાવેલું કે અલ્પ માત્ર (પ્રમાણમાં) બંધ કરેલું, માત્ર અડકાવેલું 'કપાટ' એટલે કમાડ, ઉપલક્ષણથી જાળી-બારી-કબાટ-કોઠાર વિગેરે તે 'ઉદ્ઘાટનયા' એટલે સંપૂર્ણ ઉઘાડવાથી, અહિં વિના પ્રમાર્જે ઉઘાડવાથી અતિચાર સમજવો. તથા '**સાણાવચ્છાદારા સંઘટ્ટણાએ**' કૂતરાનો, વાછરડાનો કે નાના બાળકનો (ઉપલક્ષણથી બીજો પણ તિર્યંચ વિગેરેનો) સંઘટ્ટો (સ્પર્શ) થવાથી અતિચાર, '**મંડીપાહુડિઆએ**' 'પ્રાભૃતિકા' એટલે સિદ્ધાન્તની પરિભાષાથી ભાત

(આહાર) સમજવો, તે જ્યાં 'મંડીમાં' એટલે ઢાંકણી–ઢાંકણ કે બીજા કોઈ ભાજનમાં અગ્રકૂર (ઉપરનો ભાગ) જુદો કાઢીને પછી ભિક્ષા આપે તે **'મંડીપ્રાભૃતિકા'** કહેવાય, તેમ કરવાથી સાધુને નિમિત્તે આહારને જુદો કાઢવા રૂપ પ્રવૃત્તિ (દોષ) થાય, તે અહીં અતિચાર સમજવો.

**'બલિપાહુડિઆએ'** બલિ એટલે અન્ય ધર્મવાળા સ્વધર્મ અનુસારે મૂળ ભાજનમાંથી પ્રથમ ચારે દિશામાં (દિક્પાલોને) કે અગ્નિને બલિદાન ફેંકીને પછી ભિક્ષા આપે તે 'બલિપ્રાભૃતિકા' કહેવાય, આ રીતે આહાર ફેંકવાથી જીવોની વિરાધના થવા રૂપ અહીં અતિચાર સમજવો. **'ઠવણાપાહુડિઆએ'** સ્થાપના એટલે અન્ય ભિક્ષુકોને માટે રાખી મૂકેલી 'પ્રાભૃતિકા' (આહાર), તેમાંથી ભિક્ષા આપે તે લેતાં ભિક્ષુકોને અંતરાય થાય તે, (અથવા નિર્ગ્રંથ સાધુને આપવા માટે પણ રાખી મૂકેલી વસ્તુ વહોરવાથી 'સ્થાપના

દોષ' રૂપ) અતિચાર લાગે. તથા '**સંકિએ**' જે આહાર આદિ વહોરતાં '**આધાકર્મ**' વિગેરે કોઈપણ દોષની શંકા રહે તે આહાર આદિ શંકિત કહેવાય, તેમાં જે જે દોષથી શંકિત હોય તે તે દોષરૂપ અતિચાર લાગે '**સહસાગારિએ**' શીઘ્રતયા (રભસવૃત્તિ–ઉતાવળથી) અકલ્પનીય વસ્તુ ગ્રહણ કરી તેને ન પરઠવવાથી અથવા અવિધિએ પરઠવવાથી અતિચાર, એ પ્રકારે '**અણેસણાએ**' અનેષણા કરવાથી અર્થાત્ (અહીં 'નમ' અલ્પ અર્થમાં હોવાથી) એષણા સમિતિમાં પ્રમાદ કરવાથી દોષનો સર્વથા વિચાર નહિ કરવાથી લાગેલો અતિચાર, તથા '**પાણભોઅણાએ**' પાણ એટલે રસ વિગેરેમાં ઉત્પન્ન થયા જીવો 'ભોજનમાં' દહીં–ભાત વિગેરેમાં (કાલાતીત દહીંમાં કે વાસી ભાતમાં), તથા સડેલા કેળામાં કે ભાંગેલી કેરી વિગેરેમાં, અથવા જુની ખારેક વિગેરેમાં (ઉત્પન્ન થયેલા જીવોવાળી તે તે

વસ્તુ વાપરવામાં), જે વિરાધના થાય તે પ્રાણના (જીવોવાળી વસ્તુના) ભોજનથી લાગેલો અતિચાર. એ પ્રમાણે **'બીઅભોઅણાાએ'** તથા **'હરિઅભોઅણાાએ'** તલસાંકળી વિગેરે ખાવમાં કાચા તલ વિગેરે બીજોની વિરાધના અને ભીંજાવેલી દાળ વિગેરેની નખીમાં ઉગેલા અંકુરા (અનંતકાય) નો સંભવ હોવાથી તેવી વસ્તુ ખાવામાં 'હરિત' (વનસ્પતિકાય) ની વિરાધનાનો સંભવ છે. એમ બીજ અને હરિતની વિરાધનાથી લાગેલો અતિચાર. તથા 'પરછેકમ્મિઆએ' અને 'પુરેકમ્મિઆએ' દાન દીધા પછી પાત્ર કે હાથ વિગેરે ધોવામાં પાણી વાપરવું, વિગેરે 'પશ્ચાત્કર્મ' જેમાં થાય તેવી અને દાન દીધા પહેલાં પાત્ર હાથ ધોવા વિગેરે 'પુર :કર્મ' જેમાં થયું હોય તેવી ભિક્ષા લેવાથી લાગેલો અતિચાર. **'અદિઠ્ઠહડાએ'** લેતાં-મૂકતાં દેખાય નહિ તે રીતે લીધેલી, અંદરથી લાવેલી, મૂકેલી, ભિક્ષા લેવાથી, તેમાં દાતારથી

સચિત્તનો સંઘટ્ટો વિગેરે દોષો થવાનો સંભવ હોવાથી અતિચાર. '**દગસંસટ્ઠહડાએ**' (સચિત્ત) પાણીથી સંસૃષ્ટ (ભીંજાએલા) પાણીવાળા સ્થાનેથી અથવા પાણીનો સંઘટ્ટ કરવા પૂર્વક લાવેલી ભિક્ષા લેવાથી (સચિત્ત સંઘટ્ટન રૂપ) અતિચાર. એ પ્રમાણે '**રયસંસટ્ઠહડાએ**' સચિત્ત પૃથ્વી આદિ રજવાળા સ્થાનેથી અથવા સંઘટ્ટો કરવા પૂર્વક લાવેલી ભિક્ષા લેતાં પણ સચિત્ત રજ સંઘટ્ટન રૂપ અતિચાર. '**પારિસાડણિઆએ**' આપવાની વસ્તુને જમીન ઉપર ઢોળતો વહોરાવે તે 'પારિશાટનિકા' ભિક્ષા કહેવાય, લેવાથી છકાય જીવોની વિરાધના રૂપ અતિચાર. '**પારિટ્ઠાવણિઆએ**' ભોજન વહોરાવવાના ભાજનમાં રહેલા દ્રવ્યને બીજા પાત્રમાં ખાલી કરીને તેનાથી દાન દેવું તે 'પારિષ્ઠાપન' કહેવાય, તેવી રીતે આપેલી ભિક્ષા લેવાથી પણ સચિત્ત આદિના સંઘટ્ટા વિગેરેનો સંભવ હોવાથી અતિચાર. '**ઓહાસણભિક્ખાએ**'

વિશિષ્ટ દ્રવ્યની માગણી કરવી તેને સિદ્ધાન્તની ભાષામાં અવભાષણ (ઓહાસણ) કહેવાય છે. એવી ભિક્ષા લેવાથી લાગેલો અતિચાર. હવે ઉપસંહાર કરતાં કહે છે કે–એ રીતે ભેદો ઘણા જ સંભવિત છે, તે કેટલા કહી શકાય ? માટે સઘળા ભેદો 'ઉદ્ગમ, ઉત્પાદન અને એષણા' એ ત્રણ પ્રકારોમાં અંતર્ગત થતા હોવાથી કહે છે કે–'**જં ઉગ્ગમેણં ઉપ્પાયણેસણાએ અપરિસુદ્ધં પરિગ્ગહિઅં**' જે કાંઈ અશનાદિ 'આધાકર્મ' વિગેરે ઉદ્ગમ દોષોથી 'ધાત્રીદોષ' વિગેરે ઉત્પાદન દોષોથી અને 'શંકિત' વિગેરે એષણા દોષોથી દૂષિત છતાં લીધું હોય, '**પરિભુત્તં વા જં ન પરિટ્ઠવિઅં**' લેવા છતાં જે પરઠવ્યું નહિ, અથવા વાપર્યું, એમ જે જે અતિચાર લાગ્યો હોય, '**તસ્સ મિચ્છામિ દુક્કડં**' 'તે મારું પાપ મિથ્યા થાઓ' વિગેરે પૂર્વે કરેલી વ્યાખ્યા પ્રમાણે સમજવું.

એ પ્રમાણે ગોચરી સંબંધી અતિચારનું પ્રતિક્રમણ કહીને હવે સ્વાધ્યાય આદિમાં લાગેલા અતિચારના પ્રતિક્રમણ માટે કહે છે –

પડિક્કમામિ ચાઉક્કાલં સજ્ઝાયસ્સ અકરણયાએ, ઉભઓકાલં, ભંડોવગરણસ્સ અપ્પડિલેહણાએ, દુપ્પડિલેહણાએ, અપ્પમજ્જણાએ, દુપ્પમજ્જણાએ, અઈક્કમે, વઈક્કમે, અઈયારે, અણાયારે, જો મે દેવસિઓ અઈયારો કઓ, તસ્સ મિચ્છામિ દુક્કડં ।।

અઘરા શબ્દાર્થ :

ચાઉક્કાલં–ચાર કાળ, વેળા

સજ્ઝાયસ્સ–સ્વાધ્યાયને

અકરણયાએ–ન કરવા વડે

ઉભઓકાલં–ઉભયકાળ, વેલા

ભંડોવગરણસ્સ–વસ્ત્ર–પાત્રાદિક ભાંડ–ઉપકરણની

**અપ્પડિલેહણાએ**–પ્રતિલેખના–ન કરવા વડે
**દુપ્પડિલેહણાએ**–જેમ તેમ પ્રતિલેખના કરવા વડે
**અપ્પમજ્જણાએ**–પ્રમાર્જન નહિ કરવા વડે
**દુપ્પમજ્જણાએ**–જેમ તેમ પ્રમાર્જન ન કરવા વડે
**અઈક્કમે**–અતિક્રમ કરે છતે
**વઈક્કમ્મે**–વ્યતિક્રમ કરે છતે
**અઈયારે**–અતિચારે સેવે છતે
**અણાયારે**–અનાચાર સેવવાથી

**વ્યાખ્યા** : હું તે અતિચારને પડિક્કમું છું. કયા અતિચાર ? ચાર કાળ એટલે દિવસના પહેલા બે અને રાત્રિના છેલ્લા બે, એમ ચાર પ્રહરને વિષે સ્વાધ્યાય કરવો જોઈએ તે સૂત્ર પોરસીને ન કરવા વડે કરીને જે અતિચાર લાગ્યો હોય, તથા બે કાળ એટલે દિવસની પહેલી તથા છેલ્લી પોરસીને (પ્રહરને) વિષે વસ્ત્ર–પાત્રાદિક ભાંડોપકરણની પડિલેહણા નહીં કરવા વડે કરીને, એટલે મૂળથી જ દૃષ્ટિ વડે નહીં જોવાવડે કરીને, તથા

દુષ્પ્રતિલેખનાવડે કરીને એટલે સારી રીતે નહીં જોવાએ કરીને, તથા રજોહરણાદિકથી પ્રમાર્જન નહીં કરવા વડે કરીને, તથા દુષ્પ્રમાર્જન વડે કરીને એટલે વિધિરહિત જેમ તેમ ઓછું-વધતું પ્રમાર્જન કરવા વડે કરીને મેં જે અતિચાર કર્યા હોય, તથા અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર સેવવા વડે જે મેં દિવસ સંબંધી અતિચાર સેવ્યો હોય તે અતિચાર સંબંધી મારું દુષ્કૃત મિથ્યા થાઓ. અહીં અતિક્રમ વિગેરેનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું-જેમકે-આધાકર્માદિક દોષવાળા આહાર માટે નિમંત્રણા કર્યે છતે તેનો નિષેધ ન કરવાથી અતિક્રમ થાય છે, લેવા જતાં વ્યતિક્રમ થાય છે, લીધે છતે અતિચાર થાય છે અને ખાવા માટે હાથમાં કવળ-કોળીઓ ગ્રહણ કરી મુખમાં મૂકતાં અનાચાર થાય છે. (આ પ્રમાણે દરેક બાબતમાં અતિક્રમ આદિનો અર્થ સમજવો.)

**વ્યાખ્યા : 'પ્રતિક્રમણ કરું છું' કોનું પ્રતિક્રમણ ?**

**'ચાઉક્કાલં સજ્ઝાયસ્સ અકરણયાએ'** દિવસના અને રાત્રિનો પહેલો અને છેલ્લો એક એક પ્રહર, એમ ચાર વાર સૂત્રનો સ્વાધ્યાય કરવાનું વિધાન છે, તે પ્રમાણે ન કરવાથી જે અતિચાર કર્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું, એમ સર્વત્ર સંબંધ સમજવો તથા **'ઉભઓકાલં'** દિવસની પહેલી અને છેલ્લી પોરિસીમાં **'ભંડોવગરણસ્સ' 'ભાણ્ડ'** પાત્ર વિગેરે અને **'ઉપકરણ'** વસ્ત્રો વિગેરેને (અહીં સમાહાર દ્વંદ્વ સમાસથી એકવચનાન્ત પ્રયોગ સમજવો તેને) **'અપ્પડિલેહણાએ'** દૃષ્ટિ વડે સર્વથા નહિ જોવાથી, અને **'દુપ્પડિલેહણાએ'** જેમ તેમ (અધૂરી રીતે અવિધિથી) જોવાથી, તથા **'અપ્પમજ્જણાએ'** રજોહરણ વિગેરેથી સર્વથા પ્રમાર્જના નહિ કરવાથી, **'દુપ્પમજ્ઝણાએ'** અવિધિથી (જેમ-તેમ) પ્રમાર્જના કરવાથી, તથા **'અઈક્કમે, વઈક્કમે, અઈઆરે, અણાચારે'** અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર કરવાથી **'જો મે**

દેવસિઓ અઈઆરો કઓ, તસ્સ મિચ્છામિ દુક્કડં' મેં જે દિવસ સંબંધી અતિચાર કર્યો હોય તે મારું પાપ મિથ્યા થાઓ. તે અતિક્રમ વિગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

જેમકે–કોઈ આધાકર્મિકાદિ દોષિત વસ્તુ વહોરવા નિમંત્રણ કરે તેને (દોષિત જાણવા છતાં) સાંભળવાથી (નિષેધ નહિ કરવાથી) ૧. અતિક્રમ, તેને વહોરવા માટે જતાં વહોરે નહિ ત્યાં સુધી ૨. વ્યતિક્રમ, તે દોષિત વસ્તુ લેતાં–લેવાથી મુખમાં મૂકે નહિ ત્યાં સુધી ૩. અતિચાર અને તે દોષિત આહારનું ભોજન કરવા કોળીયો મૂખમાં મૂકવાથી ૪. અનાચાર. એમ અન્ય પ્રસંગોમાં પણ સ્વયં સમજી લેવું.

હવે એકવિધ દ્વિવિધાદિ ભેદોથી પ્રતિક્રમણ કહે છે.

આ અતિચાર સંક્ષેપથી એક પ્રકારે છે અને વિસ્તારથી અનેક પ્રકારે છે, તેમાં એક પ્રકારથી આરંભીને કેટલાક પ્રકારો કહે છે.-

**પડિક્કમામિ એગવિહે અસંજમે.**

**એગવિહે**–એક પ્રકારે

**અસંજમે**–અસંયમ કરે છતે

એક પ્રકારના અવિરતિરૂપ અસંયમને હું પડિક્કમું છું–પાછો ફરું છું. અર્થાત્ એક પ્રકારે અસંયમરૂપ મેં જે અતિચાર સેવ્યો હોય તે સંબંધી મારું દુષ્કૃત મિથ્યા થાઓ. આ રીતે સર્વત્ર વાક્ય પ્રયોગ કરવો.

'**પડિક્કમામિ**' પાપનું પ્રતિક્રમણ કરું છું, પાપથી પાછો ફરું છું. કયા હેતુઓથી લાગેલા પાપનું પ્રતિક્રમણ ? તે વિગતવાર કહે છે, '**એગવિહે અસંજમે**' અવિરતિરૂપ એક અસંયમથી જે અતિચાર કર્યો (સેવ્યો) હોય 'તે મારું પાપ મિથ્યા થાઓ' એમ '**વાયણાયરિયસ્સ આસાયણાએ**'

સુધીના દરેક પદોનો છેલ્લા પદ 'મિચ્છામિ દુક્કડં' ની સાથે સંબંધ સમજવો.

**પડિક્કમામિ દોહિં બંધણેહિં-રાગબંધણેણં-દોષબંધણેણં। પડિક્કમામિ તિહિં દંડેહિં-મણાદંડેણં, વયદંડેણં, કાયદંડેણં। પડિક્કમામિ તિહિં ગુત્તીહિં-મણાગુત્તીએ, વયગુત્તીએ, કાયગુત્તીએ। પડિક્કમામિ તિહિં સલ્લેહિં-માયાસલ્લેણં, નિયાણાસલ્લેણં, મિચ્છાદંસણાસલ્લેણં। પડિક્કમામિં તિહિં ગારવેહિં-ઈડ્ઢિગારવેણં, રસગારવેણં, સાયાગારવેણં। પડિક્કમામિ તિહિં વિરાહણાહિં-નાણાવિરાહણાએ, દંસણા-વિરાહણાએ, ચરિત્તવિરાહણાએ ।**

**શબ્દાર્થ :**

દોહિં-બે પ્રકારના

બંધણેહિં-બંધનો વડે

રાગબંધણેણં-રાગરૂપ બંધન વડે
દોસબંધણેણં-દ્વેષરૂપ બંધન વડે
તિહિં-ત્રણ પ્રકારનાં
દંડેહિ-દંડો વડે
મણાદંડેણં-મનદંડ વડે
વયદંડેણં-વચનદંડ વડે
કાયદંડેણં-કાયદંડ વડે
તિહિં-ત્રણ પ્રકારની
ગુત્તીહિં-ગુપ્તિઓ વડે
મણાગુત્તીએ-મનગુપ્તિ વડે
વયગુત્તીએ-વચનગુપ્તિ વડે
કાયગુત્તીએ-કાયગુપ્તિ વડે
તિહિં-ત્રણ પ્રકારના
સલ્લેહિં-શલ્યો વડે
માયા સલ્લેણં-માયા શલ્ય વડે
નિયાણ સલ્લેણં-નિદાન શલ્ય વડે
મિચ્છા દંસણ સલ્લેણં-મિથ્યાદર્શન શલ્ય વડે

તિહિં–ત્રણ પ્રકારના

ગારવેહિં–ગારવ (મોટાઈ) વડે

ઈડ્ઢિગારવેણ–શિષ્યાદિ સમૃદ્ધિ સંબંધી ગૌરવ વડે

રસગારવેણં–વિવિધ રસ સંબંધી ગૌરવ વડે

સાયાગારવેણં–વિવિધ સુખ સંબંધી ગૌરવ વડે

તિહિં–ત્રણ પ્રકારણી

વિરાહણાહિં–વિરાધનાઓ વડે

નાણવિરાહણાએ–જ્ઞાનની વિરાધના વડે

દંસણવિરાહણાએ–સમકિતની વિરાધના વડે

ચરિત્તવિરાહણાએ–ચારિત્રની વિરાધના વડે

બે બંધનવડે કરીને જે અતિચાર લાગ્યા હોય, તે બે બંધન કહે છે–રાગરૂપ બંધનવડે કરીને અને દ્વેષરૂપ બંધનવડે કરીને, તેને હું પડિક્કમું છું. ત્રણ દંડવડે કરીને એટલે કે – પાપી મન વડે કરીને, સાવદ્ય વચન વડે કરીને અને જયણારહિત કાય વડે કરીને જે અતિચાર થયા હોય; તથા ત્રણ ગુપ્તિ વડે કરીને એટલે–મનગુપ્તિ વડે કરીને,

વચનગુપ્તિ વડે કરીને અને કાયગુપ્તિ વડે કરીને અર્થાત્ એ ત્રણ ગુપ્તિનું પાલન નહિ કરવાથી જે અતિચાર થયા હોય; તથા ત્રણ શલ્ય વડે કરીને એટલે–માયા વડે કરીને, નિદાન કરવા વડે કરીને અને મિથ્યાદર્શન સેવવા વડે કરીને જે અતિચાર કર્યા હોય; તથા ત્રણ ગારવ વડે કરીને એટલે–ઋદ્ધિગારવે કરીને, રસગારવે કરીને અને શાતાગારવે કરીને મારા વડે જે અતિચાર કરાયા હોય; ત્રણ વિરાધનાએ કરીને એટલે જ્ઞાનની વિરાધનાએ કરીને, દર્શન એટલે સમકિતની વિરાધનાએ કરીને અને ચારિત્રની વિરાધનાએ કરીને જે અતિચાર મને લાગ્યા હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

**વ્યાખ્યા : 'પડિક્કમામિ દોહિં બંધણેહિં- રાગબંધણેણં, દોસબંધણેણં।'** રાગ અને દ્વેષ એ બે બંધનોથી સેવેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. તેમાં 'રાગ એટલે અભિષ્વડ્ગ'

(આસક્તિ-અનુરાગ) અને દ્વેષ એટલે અપ્રીતિ. એ બન્ને આત્માને (કર્મબંધ કરાવનાર હોવાથી) સંસારમાં બંધન રૂપ છે. એ સ્પષ્ટ છે.+

---

+ અહિં અસંયમથી રાગ-દ્વેષ જુદા નથી, તેમ આગળ કહેવાતા ત્રણ દંડો વિગેરે બધા હેતુઓ એક-બીજામાં અંતર્ગત છે, અર્થાત્ અસંયમથી લાગતા અતિચારો રાગદ્વેષથી જ થાય છે. અને તે પણ મન, વચન અને કાયારૂપ ત્રણ દંડથી થાય છે, એમ એક હેતુમાં પછી પછીના બધાય હેતુઓ અંતર્ગત છે. છતાં ભિન્નભિન્ન જણાવવાનું કારણ એ છે કે પ્રતિક્રમણ કરનાર ભિન્નભિન્ન રીતે ખ્યાલ કરીને લાગેલા દોષોનું સારી રીતે પ્રતિક્રમણ કરી શકે. વળી અસંયમ, રાગદ્વેષ, ત્રણ દંડ, શલ્યો, ગારવો, કષાયો, વિગેરે અશુભ ભાવોથી તો અતિચાર લાગે અને તેનું પ્રતિક્રમણ પણ કરાય, પરંતુ ત્રણ ગુપ્તિ, શુભધ્યાન, પાંચ મહાવ્રતો, સમિતિ વિગેરે શુભ ભાવો છે. તેનું પ્રતિક્રમણ શા માટે ? એમ પ્રશ્ન થાય તો સમજવું કે એ કરવા યોગ્ય ભાવોને

(અહીં કોઈ પદોમાં તૃતીયા વિભક્તિ છે અને કોઈ પદોમાં સપ્તમી વિભક્તિ છે તે વ્યાકરણના નિયમ પ્રમાણે હેતુ વિગેરેમાં તૃતીયા (પંચમી) સપ્તમી વિકલ્પે થાય છે એ અર્થમાં સર્વપદોમાં તે તે વિભક્તિ સમજી લેવી. અહીં માત્ર શબ્દાર્થ કહીએ છીએ) જેનાથી આત્મા દંડાય અર્થાત્ જ્ઞાનાદિ ગુણોરૂપ ઐશ્વર્યનું હરણ કરીને જે આત્માને નિર્ધન (દરિદ્ર) બનાવે તે 'દંડ' કહેવાય. અહીં દુષ્ટ માર્ગે જોડાએલ મન, વચન અને કાયાએ ત્રણ દંડો છે, માટે-

---

ન કરવાથી, અવિધિયે કરવાથી, તેમાં શ્રદ્ધા ન કરવાથી, કે વિપરીત પ્રરૂપણા આદિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવાનું છે. આ રીતે 'सोलसहिं गाहासोलसणहिं, एगुणवीसाए नायज्झयणेहि,' વિગેરેમાં પણ તે તે શ્રુતજ્ઞાનની શ્રદ્ધા ન કરવાથી કે ઉત્સૂત્ર પ્રરૂપણા આદિથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવાનું હોય છે. ઈત્યાદિ સ્વયં સમજી લેવું.

'પડિક્કમામિ તિહિં દંડેહિં-મણદંડેણ, વયદંડેણં, કાયદંડેણ।' મનદંડ, વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડથી જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું. x

'પડિક્કમામિ તિહિં ગુત્તીહિં-મણગુત્તીએ, વયગુત્તીએ, કાયગુત્તીએ.'*

---

x રાજા દંડ ફરમાવીને ધનવાનને લૂંટે તેમ મોહરાજા મન, વચત અને કાયા દ્વારા આત્માના ગુણરત્નોને લૂંટે છે માટે તે 'દંડો' કહેવાય છે.

* આર્ત્ત-રૌદ્ર ધ્યાન કરાવનાર કલ્પનાઓનો રોધ કરવો તે ૧, ધર્મધ્યાનજનક શાસ્ત્રાનુસારી માધ્યસ્થ્યપરિણતિ સેવવી તે-૨, અને મનની કલ્પનાઓનો સર્વથા રોધ કરવો તે-૩. એમ મનોગુપ્તિના ત્રણ પ્રકારો છે. વચનગુપ્તિના બે પ્રકારો છે. ૧. મુખ, નેત્ર આદિની સંજ્ઞાનો પણ ત્યાગ કરીને સર્વથા મૌન કરવું તે, ૨. મુખે મુખવસ્ત્રિકા રાખીને વાચના, પૃચ્છના આદિ સ્વાધ્યાય કરવો તથા શાસ્ત્ર

મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ, એ ત્રણ ગુપ્તિઓના વિષયમાં થયેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. તેમાં ગોપન કરવું–રક્ષણ કરવું તે ગુપ્તિ સમજવી. અર્થાત્ શુભમાં પ્રવૃત્તિ અને અશુભમાંથી નિવૃત્તિ કરવા રૂપે મન, વચન અને કાયાનું રક્ષણ કરવું, તે ત્રણ ગુપ્તિઓ ન પાલવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું, એમ સર્વત્ર સમજવું.

---

કે વ્યવહારથી અવિરુદ્ધ સત્ય–હિતકર બોલવું તે. ત્રીજી કાયગુપ્તિના પણ બે પ્રકારો છે. એક પરિષહ–ઉપસર્ગ આદિ પ્રસંગે પણ કાયોત્સર્ગ રૂપે કાયચેષ્ટાની નિવૃત્તિ અથવા ચૌદમા ગુણસ્થાનકે કાયયોગનો સર્વથા નિરોધ કરવો તે અને બીજો વિનય, વૈયાવચ્ચ, પડિલેહણ, પ્રમાર્જન આદિ શાસ્ત્રાનુસારી સંયમ અનુષ્ઠાન આચરવું તે. આ પ્રમાણે ત્રણ ગુપ્તિનું પાલન ન કરવાથી, તેમાં શ્રદ્ધા ન કરવાથી કે વિપરીત પ્રરૂપણા કરવાથી અતિચાર લાગે એમ સમજવું.

**'પડિક્કમામિ તિહિં સલ્લેહિં – માયાસલ્લેણં, નિયાણસલ્લેણં, મિચ્છાદંસણસલ્લેણં.'**

**વ્યાખ્યા :** માયા, નિયાણું અને મિથ્યાત્વ, એ ત્રણ શલ્યોથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. જેનાથી આત્માને શલ્ય = દુઃખ પીડા થાય તે 'શલ્ય' અર્થાત્ આત્માનો કાંટો, તેમાં – ૧. '**માયા–કપટ**' એજ શલ્ય. જેમકે–જીવ અતિચાર સેવવા છતાં કપટથી ગુરૂની સમક્ષ આલોચના ન કરે, કરે તો બીજી (ખોટી) રીતે કરે, કે કપટથી બીજાની ઉપર પોતાના દોષો ચઢાવે, ત્યારે માયાથી અશુભ કર્મનો બંધ કરીને પોતે આત્માને દુઃખી કરે, 'માયા પ્રવૃત્તિ' એજ તેનું શલ્ય કહેવાય, તેનાથી કરેલો અતિચાર. ૨. '**નિદાન**' દેવની અથવા મનુષ્યની ઋદ્ધિ જોઈને કે સાંભળીને તેને મેળવવાની અભિલાષાથી (ધર્મ) અનુષ્ઠાન કરવું, એ પાપસાધનની અનુમોદના દ્વારા આત્માને કષ્ટ આપનાર હોવાથી શલ્ય અને ૩. મિથ્યા–વિપરીત

દર્શન (અર્થાત્ ખોટી માન્યતા-શ્રદ્ધા), તેના દ્વારા પણ કર્મબંધ કરીને આત્માને દુઃખી કરાતો હોવાથી તે પણ શલ્ય, એમ માયા, નિદાન અને મિથ્યાત્વ એ ત્રણ શલ્યોથી કરેલા અતિચારોનું પ્રતિક્રમણ.

**'પડિક્કમામિ તિહિં ગારવેહિં-ઈડ્ઢિગારવેણં, રસગારવેણં, સાયાગારવેણં।'**

અહીં ગુરુપણું (મોટાઈ) એટલે ગૌરવ, અર્થાત્ અભિમાન અને લોભરૂપ આત્માનો અશુભભાવ. આવું ગૌરવ રાજપૂજા કે આચાર્યપણું વિગેરે ઋદ્ધિ (સંપત્તિ) મળવાથી થાય, ઈષ્ટ (મનોનુકૂળ) રસોની પ્રાપ્તિથી થાય અને શાતાથી (સુખથી) થાય. અર્થાત્ તે તે પ્રાપ્તિનું અભિમાન કરવાથી અને વધારે મેળવવાની પ્રાર્થના (અભિલાષા) કરવાથી થાય, માટે તેના ઋદ્ધિ, રસ અને શાતા એમ ત્રણ પ્રકારો કહ્યા, તે કરવાથી થયેલા અતિચારનું પ્રતિક્રમણ.

પડિક્કમામિ તિહિં વિરાહણાહિં-નાણાવિરાહણાએ, દંસણાવિરાહણાએ, ચરિત્તવિરાહણાએ।

વ્યાખ્યા: વિરાધના એટલે ખંડના, જ્ઞાનની, દર્શનની અને ચારિત્રની એમ ત્રણની વિરાધના દ્વારા. તેમાં જ્ઞાનની વિરાધના પાંચ પ્રકારે થાય. ૧. જ્ઞાનની નિંદા કરવાથી, ૨. ગુરૂ આદિ ઉપકારીઓને ઓળવવાથી-છૂપાવવાથી, તેઓને ઉપકારી માની કૃતજ્ઞભાવ દાખવવાને બદલે તેઓના ઉપકારને ઓળવવાથી, ૩. 'શાસ્ત્રોમાં તેના તે જ પૃથ્વીકાયાદિ જીવોનું અને પ્રાણાતિપાત વિરમણ આદિ વ્રતોનું વારંવાર વર્ણન (નિષ્કારણ) કર્યું છે, મદિરા-વિષય આદિ પ્રમાદોનું અને તેના પ્રતિપક્ષી અપ્રમાદોનું જ્યાં ત્યાં વારંવાર વર્ણન કરીને પુનરુક્ત દોષ કર્યો છે, તથા સાધુ જીવનમાં જ્યોતિષ કે યોનિના જ્ઞાનની શું જરૂર છે? જ્યોતિષ શાસ્ત્રનું અને યોનિપ્રાભૃત

વિગેરેનું નિરર્થક વર્ણન કર્યું છે, આ રીતે શાસ્ત્રોની નિંદા આદિ આશાતના કરવાથી, ૪. સ્વાધ્યાય કરનારને અન્તરાય આદિ કરવાથી અને ૫. અકાળે સ્વાધ્યાય કરવો વિગેરે આઠ જ્ઞાનાચારની વિરૂદ્ધ વર્તન કરવાથી, જ્ઞાન વિરાધના થાય.

બીજી દર્શનની એટલે સમ્યક્ત્વની વિરાધના પણ દર્શનનો મહિમા જણાવનારાં 'સંમતિતર્ક' આદિ દર્શન શાસ્ત્રોની વિરાધના એજ પાંચ પ્રકારે થાય છે. જેમકે-૧. જૈન દર્શનની નિંદાથી, ૨. જૈન ધર્મીની નિંદા કરવાથી, ૩. જૈન દર્શનની સત્યતા સિદ્ધ કરનારા જૈન દર્શનના ગ્રન્થોની, જિન મંદિર, મૂર્ત્તિ કે તીર્થોની તથા જૈનદર્શનની પ્રભાવના કરનારાં ઉદ્યાપન આદિ ધર્મ કાર્યોની નિંદા કરવાથી, ૪. સાધર્મી આદિને ઉપદ્રવ કે ધર્મમાં અંતરાય કરવાથી અને ૫. દર્શનાચારના આઠ

આચારોને નહિ પાળવાથી, એમ યથાયોગ્ય પાંચ પ્રકારો સમજી લેવા.

ચારિત્રની વિરાધના પણ વ્રત વિગેરેના ખંડનરૂપ પાંચ પ્રકારે સમજવી. તેના પણ ૧–ચારિત્રની નિંદા, ૨–ચારિત્રવંત સાધુ–સાધ્વીની નિંદા, ૩–ચારિત્રના ઉપકરણોની આશાતના, ૪–ચારિત્ર લેવામાં કે પાળવામાં તે તે પ્રકારે અંતરાય કરવો અને ૫–સમિતિ–ગુપ્તિઓનું કે ચરણ–કરણસિત્તરી વિગેરેનું યથાયોગ્ય પાલન નહિ કરવું. એમ પાંચ પ્રકારો યથાયોગ્ય સમજવા. આ ત્રણ પ્રકારની વિરાધનાથી જે અતિચાર સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

પડિક્કમામિ ચઉહિં કસાએહિં–કોહકસાએણં, માણકસાએણં, માયાકસાએણં, લોહકસાએણં। પડિક્કમામિ ચઉહિં સણ્ણાહિં–આહાર સણ્ણાએ, ભયસણ્ણાએ, મેહુણસણ્ણાએ, પરિગ્ગહસણ્ણાએ। પડિક્કમામિ ચઉહિં

વિકહાહિં-ઇત્થિકહાએ, ભત્તકહાએ, દેસકહાએ, રાયકહાએ। પડિક્કમામિ ચઉહિં ઝાણેહિં-અટ્ટેણં ઝાણેણં, રુદ્દેણં ઝાણેણં, ધમ્મેણં ઝાણેણં, સુક્કેણં ઝાણેણં।

શબ્દાર્થ :

પડિક્કમામિ-પ્રતિક્રમું છું

ચઉહિં-ચાર પ્રકારના

કસાએહિં- કષાયો વડે

કોહકસાએણં-ક્રોધ કષાય વડે

માણકસાએણં-માનકષાય વડે

માયાકસાએણં-માયારૂપ કષાય વડે

લોહકસાએણં-લોભ કષાય વડે

સણ્ણાહિં-સંજ્ઞાઓ વડે

આહારસણ્ણાએ-આહાર સંજ્ઞા વડે

ભયસણ્ણાએ-ભય સંજ્ઞા વડે

મેહુણસણ્ણાએ-મૈથુન સંજ્ઞા વડે

પરિગ્ગહસણ્ણાએ-પરિગ્રહ સંજ્ઞા વડે

વિકહાહિં-વિકથાઓ વડે
ઇત્થિકહાએ-સ્ત્રી સંબંધી કથા વડે
ભત્તકહાએ-ભોજન સંબંધી કથા વડે
દેસકહાએ-દેશ સંબંધી કથા વડે
રાયકહાએ-રાજ્ય સંબંધી કથા વડે
ઝાણેહિં -ધ્યાનો વડે
અટ્ટેણં ઝાણેણં-આર્તધ્યાન વડે
રુદ્દેણં ઝાણેણં-રૌદ્રધ્યાન વડે
ધમ્મેણં ઝાણેણં-ધર્મધ્યાન વડે
સુક્કેણં ઝાણેણં-શુક્લધ્યાનવડે

**વ્યાખ્યા :** ક્રોધ, માન, માયા અને લોભ. આ ચાર કષાયો સેવવા વડે જે અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ. આ ચાર સંજ્ઞાઓને વશ જે અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું. સ્ત્રી કથા, ભક્ત કથા, દેશ કથા અને રાજકથા. આ ચાર વિકથાઓ કરવા વડે જે અતિચાર લાગ્યા હોય

તેનું પ્રતિક્રમણ કરું છું. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. આ ચાર ધ્યાનના વિષયમાં જે કોઈ દોષ લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

**પડિક્કમામિ ચઉહિં કસાએહિં–કોહકસાએણં, માણકસાએણં, માયાકસાએણં, લોહકસાએણં।'**

જ્યાં જીવો વિવિધ દુ:ખોથી કસાય એટલે પીડાય–રીબાય–મરી જાય તેને 'કષ' એટલે સંસાર કહ્યો છે, તેનો આય એટલે લાભ જેનાથી થાય તે 'કષાયો' ચાર છે. ક્રોધ, માન, માયા અને લોભ. તેમાં ક્રોધ એટલે અપ્રીતિ, માન એટલે અહંભાવ, માયા એટલે કપટ–કુટિલતા અને લોભ એટલે પર પદાર્થ ઉપર મૂર્છા, એ દરેકનો ઉદય થયા પહેલાં ઉદય થતો નહિ અટકાવવાથી અને ઉદયમાં આવેલાને નિષ્ફળ નહિ કરવાથી અતિચાર લાગે.

(કષાયના ઉત્તરભેદો, સ્થિતિ, ફળ અને સ્વરૂપ સંબંધી વિશેષ હકીકત પ્રથમ કર્મગ્રંથ આદિ અન્ય ગ્રંથોમાંથી જાણી લેવી.)

**'પડિક્કમામિ ચઉહિં સન્નાહિં–આહારસન્નાએ, ભયસન્નાએ, મેહુણાસન્નાએ, પરિગ્ગહસન્નાએ।'**

સંજ્ઞા એટલે બુદ્ધિ, અભિલાષા, વૃત્તિ વગેરે. અર્થાત્ અનાદિ કાળથી આત્મા ઉપર લાગેલું પૌદ્ગલિક વાસનાનું ઝેર તે સંજ્ઞા, તેના ચાર પ્રકારો છે. ૧. ક્ષુધા વેદનીયના ઉદયથી આહારની અભિલાષા તે 'આહારસંજ્ઞા', ૨. ભય મોહનીયના ઉદયથી ડરવું તે 'ભયસંજ્ઞા', ૩. વેદ મોહનીયના ઉદયે મૈથુનની અભિલાષા થાય તે 'મૈથુનસંજ્ઞા', ૪. તીવ્ર લોભના ઉદયે પર પદાર્થો ઉપર મૂર્છા–મમતા થાય તે 'પરિગ્રહ સંજ્ઞા', (આ ઉપરાંત સંજ્ઞાના દશ, સોળ વિગેરે ભેદો પણ કહ્યા છે, જે આ ચારના

જ ઉત્તર ભેદો રૂપ છે. તે દંડક વિગેરે ગ્રંથોથી જાણી લેવા.) ચાર સંજ્ઞાઓ વશ જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ.

**'પડિક્કમામિ ચઉહિં વિકહાહિં-ઈત્થિકહાએ, ભત્તકહાએ, દેસકહાએ, રાયકહાએ।'**

અહિં વિરુદ્ધ-વિપરીત કહેવું તે વિકથા. જેમ કે-સ્ત્રી કે પુરૂષ સંબંધી કામોત્તેજક વાર્તા કરવી તે ૧. સ્ત્રીકથા, બલ, રૂપ, સ્વાદને ઉદ્દશીને રાગ-દ્વેષ-જનક ભોજનની વાર્તા કરવી તે ૨. ભક્તકથા, સુખસંપત્તિ કે દુઃખ, પ્રતિકૂળતાને ઉદ્દેશીને રાગ-દ્વેષ વશ થઈ 'સ્વ-પર દેશની વાર્તા કરવી તે ૩. દેશકથા અને રાગ-દ્વેષ આદિ દુર્ભાવને વશ રાજાના ગુણદોષ વિગેરેની વાર્તા કરવી તે ૪. રાજકથા. શ્રી સ્થાનાંગ સૂત્રમાં આ ચાર ઉપરાંત મૃદુકારુણિકી, દર્શનભેદિની અને ચારિત્રભેદિની એ ત્રણ મળી સાત વિકથાઓ કહી છે. તેમાં પુત્ર

આદિના વિયોગથી દુઃખી માતા વિગેરે અત્યંત કરૂણાજનક વિલાપ કરે તે મૃદુકારુણિકી, અન્ય કુતીર્થિઓના જ્ઞાન, આચાર વિગેરેની પ્રશંસા કરવાથી સાંભળનારની જૈનદર્શન ઉપરની શ્રદ્ધા તૂટે તેવી વાત કરવી તે દર્શનભેદિની અને વર્તમાનમાં સાધુઓ ઘણા પ્રમાદી હોવાથી આ કાળમાં મહાવ્રતોનો સંભવ નથી, અતિચારની શુદ્ધિ કરે તેવો આલોચનાચાર્ય નથી. અને તેમણે આપેલા પ્રાયશ્ચિત્તથી અતિચારોની શુદ્ધિ પણ થાય તેમ નથી, ઈત્યાદિ ચારિત્રમાં અશ્રદ્ધા થાય તેવી વાત કરવી તે ચારિત્રભેદિની. એ ત્રણનો પૂર્વની ચાર વિકથાઓમાં અંતર્ભાવ પણ સમજવો. એ વિકથોઓથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ.

**'પડિક્કમામિ ચઉહિં ઝાણેહિં–અટ્ટેણં ઝાણેણં, રુદ્દેણં ઝાણેણં, ધમ્મેણં ઝાણેણં, સુક્કેણં ઝાણેણં।'**

અહિં ધ્યાન એટલે મનનો સ્થિર અધ્યવસાય, અર્થાત્ મનનું અંતર્મુહૂર્ત સુધી એક વિષયનું એકાગ્ર આલંબન. તેના ચાર પ્રકારો છે. તેમાં ૧. 'આર્ત્ત' એટલે વિષયાદિના અનુરાગ વગેરેથી થતું, ૨. 'રૌદ્ર' એટલે હિંસાના પરિણામથી થતું, ૩. 'ધર્મ્ય, ક્ષમા આદિ દશ પ્રકારના ધર્મ વાળું અને ૪. 'શુક્લ' એટલે શોકને દૂર કરાવવાળું શ્રી જિનવચનના અર્થના નિર્ણયરૂપ અને જેમાં રાગનું ઝેર (વિભાવ વૃત્તિ) ન હોય તેવું રાગ વિનાનું. એ દરેકના ચાર ચાર પ્રકારો છે.

**૧. આર્ત્તધ્યાન:** આર્ત્તધ્યાનના પ્રકારોમાં ૧- 'અનિષ્ટ વિયોગ'-શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શરૂપ (પાંચે) ઈન્દ્રિયોના અશુભ વિષયો કે તેના આધારભૂત પદાર્થો ગધેડા વિગેરેના યોગ થતાં તેના વિયોગની અને ભવિષ્યમાં એવો યોગ ન થવાની, ઈત્યાદિ ચિંતા-અભિલાષા કરવી તે, ૨- 'રોગચિંતા' 'શૂલ' વિગેરેનો રોગ થતાં તેના

વિયોગનું ધ્યાન કરવું, કે તે મટ્યા પછી પુનઃ ન થાય એવી ચિંતા કરવી તે. ૩–'ઈષ્ટ સંયોગ' મળેલા મનપસંદ શબ્દાદિ વિષયોનો તથા ઉદયમાં આવેલા શાતા વેદનીય વિગેરે (સુખ)નો વિયોગ ન થાય તેવી તથા તે સુખ કે સુખના સાધનરૂપ શબ્દાદિ વિષયોનો યોગ થાય તેવી અભિલાષા–ચિંતા કરવી તે અને ૪–'નિદાન' અન્યભવમાં ચક્રવર્તી આદિની સંસારની ઋદ્ધિ (સુખ)ની પ્રાર્થના કરવી તે. આર્તના ચાર પ્રકારો જાણવા. આ આર્તધ્યાનને ઓળખવાનાં લિંગો–ચિહ્નો પણ ચાર છે. ૧–દુઃખીઆનો વિલાપ, ૨–અશ્રુપૂર્ણ નયને રુદન, ૩–દીનતા કરવી અને ૪–માથું કૂટવું–છાતી પીટવી વિગેરે, એમ કરનારો આર્તધ્યાની છે એમ સમજવું.

૨. **રૌદ્રધ્યાન :** રૌદ્રધ્યાનનાં ચાર પ્રકારો છે. તેમાં ૧–હિંસાનુબંધિ–ક્રોધાદિને વશ જીવોને મારવા, વિંધવા, બાંધવા, ડામ દેવો, અંગોપાંગ આદિ છેદવાં કે પ્રાણથી મુક્ત કરવા, ઈત્યાદિ વિચારવું

તે. ૨-મૃષાનુબંધિ-ઈહલૌકિક સ્વાર્થ વગેરેને વશ થઈ ચાડી, અસભ્ય, અસત્ય કે કોઈનો ઘાત વિગેરે થાય તેવું સાવદ્ય વચન બોલવાનું વિચારવું તે. ૩-સ્તોયાનુબંધિ-ક્રોધ, લોભ વિગેરેથી બીજાનું ધન વગેરે હરણ કરવાનું ચિંતવવું તે અને ૪-વિષયસંરક્ષણાનુ-બંધિ-પાંચે ઈન્દ્રિયોના શબ્દાદિ વિષયોના આધારભૂત તે તે પદાર્થોના રક્ષણ માટે 'રખે કોઈ લઈ ન લે' એવી સર્વ પ્રત્યેની શંકાથી બીજાઓને મારી નાખવા સુધી વિચારવું તે. એમ ચાર પ્રકારો રૌદ્રધ્યાનના જાણવા. રૌદ્રધ્યાનનાં લિંગો (નિશાનીઓ) પણ ૧-ઉત્સન્ન, ૨-બહુલ, ૩-નાનાવિધ અને ૪-આમરણ, એમ ચાર છે. તેમાં હિંસાનુબંધિ આદિ ચાર પ્રકારો કહ્યા તે પૈકીના કોઈ એક પ્રકારના રૌદ્રધ્યાનમાં ઉત્સન્ન-સતત પ્રવૃત્તિ કરે તે ૧-'ઉત્સન્નદોષ'. ૨-'બહુલ દોષ' ચારે ય પ્રકારમાં એ રીતે (પરસ્પર) પ્રવૃત્તિ કરે (અર્થાત હિંસા, જૂઠ, ચોરી અને વિષય રક્ષણ એ

ચારે ય આચારે) તે. ૩–'નાનાવિધ દોષ' ચામડી ઉતારવી, નેત્રો ઉખેડવાં, વિગેરે હિંસાના ભિન્નભિન્ન ઉપાયો (પ્રકારો) વારંવાર કરે તે. ૪–'આમરણ દોષ' પોતે કે સામો પણ મહા આપત્તિ (મારણાંતિક કષ્ટ) માં મૂકાય તો પણ પોતાના અકાર્યથી ન અટકે તે.

૩. **ધર્મધ્યાન :** ધર્મધ્યાનના ચાર પ્રકારો છે. તેમાં ૧–આજ્ઞાવિચય–જ્ઞાન, દર્શન, ચારિત્ર, વૈરાગ્ય, અને ભાવનાઓથી જેણે આત્માને અભ્યાસી બનાવ્યો હોય તેવો આત્મા નય, નિક્ષેપ, સપ્તભંગી વિગેરે તે તે અપેક્ષાઓથી અતિગહન એવું શ્રી જિનવચન પોતાને તુચ્છબુદ્ધિથી ન સમજાય તો પણ તે સત્ય જ છે એવું ચિંતન કરે તે. ૨–અપાયવિચય–રાગ, દ્વેષ અને કષાયોને વશ થનારા અને તેના યોગે હિંસા, જૂઠ, ચોરી વિગેરે આશ્રવોને–પાપસ્થાનોને સેવનારા તે તે આત્માઓ તે તે આશ્રવોથી આ લોક–પરલોકમાં જે જે દુ:ખો

પામે તેનો વિચાર કરવો તે. ૩-વિપાકવિચય-પ્રકૃતિ, સ્થિતિ, રસ, અને પ્રદેશ આ ચાર ભેદથી બંધાતા આઠે કર્મોનું સ્વરૂપ ફળ વગેરે વિચારવું તે અને ૪-સંસ્થાનવિચય-શ્રી જિનેશ્વરદેવે કહેલા (ધર્માસ્તિકાયાદિ) છ દ્રવ્યોનાં લક્ષણ, આકાર, આધાર, ભેદો અને પ્રમાણ વિગેરનું ધ્યાન કરવું તે. તેમાં ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિસહાયકતા, જીવના જ્ઞાનાદિ વિગેરે તે તે ભાવોનાં તે તે લક્ષણો કહેવાય. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયનો આકાર લોકાકાશ જેવો, જીવોનો સમચતુરસ્ત્રસંસ્થાન આદિ છ પ્રકારનો, અજીવનો ગોળ-લંબગોળ આદિ પાંચ પ્રકારનો, કાળનો મનુષ્યક્ષેત્રના જેવો ગોળ, વિગેરે તે તે દ્રવ્યોનો આકાર સમજવો. છ એ દ્રવ્યોનો આધાર ચૌદ રાજલોક પ્રમાણ લોકાકાશ દ્રવ્ય સમજવું.

જીવ-અજીવ વિગેરેના પ્રકારો તથા તેના ભેદો અને તે તે પદાર્થોનું જઘન્ય ઉત્કૃષ્ટ વિગેરે માપ તે પ્રમાણ

જાણવું. તેનું 'વિચય' એટલે ચિંતન દ્વારા પરિચય કરવો તે સંસ્થાનવિચય, એમ ચાર ભેદો ધર્મધ્યાનના છે. તેનાં લિંગો ૧–આગમથી, ૨–ઉપદેશ શ્રવણથી, ૩–(ગુરૂની) આજ્ઞાથી અને ૪–નૈસર્ગિક ભાવે. એમ શ્રીજિનેશ્વરોએ કહેલા પ્રત્યક્ષ–પરોક્ષ ભાવોમાં તે તે પ્રકારે શ્રદ્ધા થવી તે ધર્મધ્યાનનાં લિંગો જાણવાં. અર્થાત્ જિનકથિત તત્વોની શ્રદ્ધાથી ઓળખાય કે જીવમાં આ ધર્મધ્યાનનાં લિંગો છે.

૪. શુક્લધ્યાન: આ ધ્યાનના પણ ૧–પૃથક્ત્વવિતર્ક–સવિચાર, ૨–એકત્વવિતર્ક–અવિચાર, ૩–સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ અને ૪–વ્યુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતિ, એમ ચાર ભેદો છે. તેમાં એક જ દ્રવ્યમાં તેના ઉત્પત્તિ, વ્યય, સ્થૈર્ય આદિ પર્યાયોની તે દ્રવ્યથી ભિન્નતાનો જે વિતર્ક (કલ્પના), તેનો 'વિચાર' એટલે સંક્રમ, તેનાથી યુક્ત જે ધ્યાન તે ૧–'પૃથક્ત્વવિતર્કસવિચાર'

અહિં સંક્રમ પરસ્પર 'અર્થ- વ્યંજનમાં તથા યોગોમાં' સમજવો, તેમાં-અર્થ એટલે પદાર્થ (દ્રવ્ય) માંથી, વ્યંજન એટલે શબ્દમાં અને શબ્દમાંથી પદાર્થમાં એમ ત્રણ યોગોમાં (મન-વચન-કાયમાં) પણ પરસ્પર વિચારનું સંક્રમણ તે 'વિચાર' અને તેવા વિચારવાળું ધ્યાન માટે 'સવિચાર' (અર્થાત્ એકજ દ્રવ્યમાં તેના પર્યાયોના ભેદની કલ્પનાથી પરસ્પર શબ્દ-અર્થ (વાચક-વાચ્ય)ના તથા મન-વચન-કાયાના સંક્રમથી વિચાર કરવો તે. ૨-**'એકત્વવિતર્કઅવિચાર'** 'એકત્વ' એટલે દ્રવ્ય-પર્યાયના અભેદપણાનો 'વિતર્ક' એટલે શબ્દ અથવા અર્થની કલ્પના, તે પણ 'અવિચાર' એટલે શબ્દ-અર્થ-યોગના સંક્રમરહિત અર્થાત્ કોઈ એક જ યોગનું આલંબન લઈને માત્ર શબ્દથી અથવા અર્થથી એકજ અપેક્ષાએ દ્રવ્યપર્યાયની અભિન્નતાનું ધ્યાન કરવું તે. શુક્લ ધ્યાનના આ બે ભેદો પૂર્વધરોને હોય છે. ૩-**'સૂક્ષ્મક્રિયા**

અનિવૃત્તિ' - ત્રણ યોગો પૈકી મન-વચનના બાદર યોગોનો સંપૂર્ણ રોધ કર્યા પછી સૂક્ષ્મ કાયયોગનો અર્ધો રોધ કરનાર કેવલિને યોગનિરોધ કરતાં (માત્ર સૂક્ષ્મકાયયોગના વ્યાપારરૂપ) હોય તે ત્રીજું અને ૪-'વ્યુચ્છિન્નક્રિયા અપ્રતિપાતિ' - ચૌદમે ગુણસ્થાનકે શૈલેશી અવસ્થામાં યોગ વ્યાપારના સર્વથા અભાવ રૂપ માટે વ્યુચ્છિન્નક્રિયા અને નાશ નહિ પામનારું માટે અપ્રતિપાતિ, (અર્થાત્ યોગજન્ય સર્વજડની ક્રિયાનો કાયમી અભાવ), તેમાં છદ્મસ્થના મનની નિશ્ચલતાની જેમ કેવલીની કાયાની નિશ્ચલતા એ ત્રીજું ધ્યાન અને યોગોનો નિરોધ કરવાથી દ્રવ્યમનના અભાવે પણ પૂર્વ પ્રયોગથી કુંભારનું ચક્ર ચાલે તેમ જીવનો ઉપયોગ વર્તતો હોવાથી ભાવમન હોય તે ચોથું ભવસ્થ (અયોગી) કેવળીને હોય છે. અહિં ધ્યાન શબ્દ જે ધાતુ ઉપરથી બને છે તે 'ધ્યૈ' ધાતુના પણ

'ચિંતન, કાયાનો નિરોધ અને અયોગીપણું' એમ અનેક અર્થો થતા હોવાથી કાયનિરોધ અને અયોગી અવસ્થાને પણ 'ધ્યાન' કહી શકાય છે. આ શુક્લધ્યાનના ૧-અવધ, ૨-અસંમોહ, ૩-વિવેક અને ૪-વ્યુત્સર્ગ, એમ ચાર લિંગો છે. ૧-'અવધ' પરિષહો-ઉપસર્ગો પ્રસંગે પણ ધ્યાનથી ચલાયમાન ન થાય એવો ધીર-સ્થિર આત્મા તે તે પરિષહાદિથી પણ ભય ન પામે તે. ૨-'અસંમોહ' અત્યંત ગહન-સૂક્ષ્મ વિષયોમાં પણ સંમોહને (મૂઢતાને) વશ ન થાય, તેમજ અનેકવિધ દેવકૃત માયામાં પણ ન મુંઝાય. ૩-'વિવેક' આત્માથી શરીરને તેમજ સર્વ સંયોગોને જુદા માને. પરપદાર્થ (જડ વસ્તુ)માં મમત્વ ન કરે. ૪-'વ્યુત્સર્ગ' શરીર, આહાર અને ઉપધિ સર્વનો સર્વથા ત્યાગ કરી, નિ:સંગ બને તે.

આ રીતે કુલ ચાર ધ્યાનોમાંથી આર્ત્ત-રૌદ્ર ધ્યાનને સેવવા દ્વારા અને ધર્મ શુક્લધ્યાનને નહિ

સેવવાથી, (અથવા) તે ધ્યાનોની શ્રદ્ધા પ્રરૂપણા આદિ વિપરીત કરવાથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ કરું છું.

પડિક્કમામિ પંચહિં કિરિયાહિં – કાઈઆએ, અહિગરણિયાએ, પાઉસિયાએ, પારિતાવણિયાએ, પાણાઈવાયકિરિયાએ। પડિક્કમામિ પંચહિં કામગુણેહિં – સદ્દેણં, રુવેણં, રસેણં, ગંધેણં, ફાસેણં। પડિક્કમામિ પંચહિં મહવ્વએહિં–પાણાઈવાયાઓ વેરમણં, મુસાવાયાઓ વેરમણં, અદિન્નાદાણાઓ વેરમણં, મેહુણાઓ વેરમણં, પરિગ્ગહાઓ વેરમણં। પડિક્કમામિ પંચહિં સમિઈહિં–ઈરિયાસમિઈએ, ભાસાસમિઈએ, એસણાસમિઈએ, આયાણ-ભંડમત્તનિક્ખેવણાસમિઈએ, ઉચ્ચાર-પાસવણખેલજલ્લ-સિંઘાણપારિટ્ઠાવણિઆ સમિઈએ।

શબ્દાર્થ :

પંચહિં–પાંચ પ્રકારની
કિરિયાહિં–ક્રિયાઓ વડે
કાઈઆએ–કાયા સંબંધી ક્રિયા વડે
અહિગરણિઆએ–અધિકરણ–હિંસાનાં સાધનોથી થતી ક્રિયા વડે
પાઉસિયાએ–પ્રદ્વેષરૂપ ક્રિયા વડે
પારિતાવણિયાએ–સ્વ–પર સંતાપ ઉપજાવનારી ક્રિયા વડે
પાણાઈવાયકિરિયાએ–જીવહિંસારૂપ ક્રિયા વડે
કામગુણેહિં–કામ–અભિલાષાના હેતુભૂત ગુણો વડે
સદ્દેણં–શબ્દ વડે
રૂવેણં–રૂપવડે
રસેણં–રસ વડે
ગંધેણં–ગંધ વડે
ફાસેણં–સ્પર્શ વડે

મહવ્વએહિં-મહાવ્રતોના વિષયમાં
પાણાઈવાયાઓ-પ્રાણાતિપાતથી
વેરમણં-અટકવું
મુસાવાયાઓ-મૃષાવાદથી
અદિન્નાદાણાઓ-અદત્તાદાનથી
મેહુણાઓ-મૈથુનથી
પરિગ્ગહાઓ-પરિગ્રહથી મૂર્છાથી
સમિઈહિં-સમિતિઓ વડે. સમ્યક્ પ્રવૃત્તિ વિષે
ઈરિયાસમિઈએ-ઈર્યાસમિતિ વડે
ભાસાસમિઈએ-ભાષા સમિતિ વડે
એસણાસમિઈએ-એષણા સમિતિ વડે
આયાણભંડમત્તનિક્ખેવણાસમિઈએ-પાત્ર
આદિને ગ્રહણ કરવા મૂકવાની સમિતિ વડે
ઉચ્ચારપાસવણ ખેલજલ્લસિંઘાણ
પારિટ્ઠાવણિઆ-સમિઈએ
ઉચ્ચાર-વડીનીતિ

પાસવણ-લઘુનીતિ
ખેલ-શ્લેષ્મ, કદ
જલ્લ-શરીરનો મેલ
સિંઘાણ-નાસિકાનો મેલ
પારિટ્ઠાવણિઆ-પરઠવવાની
સમિઈએ-સમ્યક્ પ્રવૃત્તિ વિષયે

**વ્યાખ્યા :** કાયાથી થતી ગમનાદિ ક્રિયા વડે, ખડ્ગ આદિ શસ્ત્ર રૂપ અધિકરણથી થતી ક્રિયા વડે, જીવ અને અજીવ ઉપર દ્વેષ કરવારૂપ ક્રિયા વડે, પોતાને અને પરને સંતાપ ઉપજાવનારી ક્રિયા કરવા વડે, તથા જીવહિંસારૂપ ક્રિયા કરવા વડે, આ પાંચ પ્રકારની ક્રિયા કરવાથી જે અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરું છું. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ આ પાંચ પ્રકારના કામગુણો-ઇંદ્રિયોના વિષયોએ કરીને નિષિદ્ધ (રાગ-દ્વેષાદિ) આચરણ કરવાથી જે અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરું છું. પ્રાણાતિપાત,

મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહથી વિરામ પામવા-અટકવા સ્વરૂપ આ પાંચ મહાવ્રતોને વિષે નિષિદ્ધ આચરણ (સમ્યક્ પાલન) નહિ કરવાથી જે અતિચારો લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરું છું. ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, ભાંડમાત્રપાત્ર આદિને ગ્રહણ કરવા મૂકવા સંબંધી સમિતિ, તથા વડીનીતિ, લઘુનીતિ, શ્લેષ્મ, શરીરનો મેલ, નાસિકાનો મેલ વિગેરે પરઠવવાની સમિતિ, આ પાંચે સમિતિ પાળવામાં પ્રમાદ આદિને લીધે જે કોઈ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

'પડિક્કમામિ પંચહિં કિરિયાહિંકાઈઆએ, અહિગરણિયાએ, પાઉસિયાએ, પારિતાવણિયાએ, પાણાઈવાયકિરિયાએ।'

ક્રિયા એટલે વ્યાપાર, તેમાં કાયાનો વ્યાપાર તે કાયિકી ક્રિયા ત્રણ પ્રકારે છે. ૧-અવિરતકાયિકી - આ ક્રિયામાં મિથ્યાદૃષ્ટિ અને અવિરત

સમ્યગ્દૃષ્ટિ તથા દેશવિરતિરૂપ પાંચમા ગુણસ્થાનક સુધીના જીવોની 'ફેંકવું' વિગેરે અજયણારૂપ કર્મબંધના કારણભૂત સર્વ ક્રિયાઓ સમજવી. **૨–દુષ્પ્રણિહિતકાયિકી** – આ ક્રિયામાં પ્રમત્તસંયત (છઠ્ઠા ગુણસ્થાનકવાળા) ની પાંચે પ્રકારના પ્રમાદયુક્ત ઈન્દ્રિયો અને મન દ્વારા થતી સર્વ પ્રવૃત્તિ સમજવી. અને **૩–ઉપરતકાયિકી** – આ ક્રિયા પ્રાયઃ પાપવ્યાપારથી નિવૃત્ત અપ્રમત્ત સંયત (છઠ્ઠાથી ઉપરના ગુણસ્થાનકવાળા) ની સમજવી. એમ મૂળ કાયિકી ક્રિયાના ત્રણ ભેદો જાણવા. હવે બીજી **અધિકરણિકી** – જેનાથી આત્મા નરક આદિ દુર્ગતિનો અધિકારી થાય (ત્યાં ઉપજે) તે અધિકરણ કહેવાય અને એવાં અધિકરણો દ્વારા થતી ક્રિયાને અધિકરણિકી ક્રિયા કહેવાય. તેના બે ભેદો છે. તેમાં ચક્ર રથ – (ગાડાં, મોટર, સાઈકલ, રીક્ષા) વિગેરે વાહનો ચલાવવાં, પશુને બાંધવાં, (પક્ષીઓને પાંજરે

ઘાલવાં, મનુષ્યોને જેલમાં પૂરવા વિગેરે) તથા મન્ત્ર-તન્ત્રનો પ્રયોગ ઈત્યાદિ પ્રયોગો કરવા તે **૧-અધિકરણપ્રવર્તની** અને ખડ્ગ વિગેરે શસ્ત્રો બનાવવાં તે **૨-અધિકરણનિવર્તની** જાણવી. ત્રીજી **પ્રાદ્વેષિકી** - મત્સરને યોગે થતી ક્રિયા. તેના પણ ૧ - કોઈ સજીવ પદાર્થ ઉપર મત્સર કરવો તે અને કોઈ નિર્જીવ પદાર્થ ઉપર મત્સર કરવો તે એમ બે ભેદ જાણવા. ચોથી **પારિતાપનિકી** - એટલે તાડન-તર્જનાદિનું દુઃખ તે પરિતાપ અને દુઃખથી થતી ક્રિયાને 'પારિતાપનિકી' ક્રિયા જાણવી. તેના પણ ૧-પોતાના શરીરને તાડન-તર્જનાદિ કરવું તે અને ૨-પરના શરીરને તાડનતર્જ નાદિ કરવું તે, એમ બે ભેદો જાણવા. પાંચમી **પ્રાણાતિપાતિકી** - પ્રાણનો નાશ કરવા રૂપ ક્રિયા. તે ક્રિયાના પણ પોતાના પ્રાણનો નાશ અને બીજાના પ્રાણનો નાશ એમ બે ભેદો છે. તેમાં

પહેલી સંસારના દુઃખોથી કંટાળીને મરવા માટે અથવા સ્વર્ગ આદિનાં સુખ મેળવવા માટે પર્વત ઉપરથી પડીને મરી જવું ઈત્યાદિ પોતાનો આપઘાત કરવો તે અને બીજી–મોહ ક્રોધ વિગેરેને વશ થઈ બીજાને હણાવો તે, એ ઉપર જણાવેલી પાંચ ક્રિયાઓ વડે જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

**'પડિક્કમામિ પંચહિં કામગુણેહિં–સદ્દેણં, રુવેણં, રસેણં, ગંધેણં, કાસેણં।'**

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. એ પાંચ કામગુણોમાં કરેલા રાગ–દ્વેષાદિથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ. તેમાં પાંચે ઈન્દ્રિયોના તે તે 'શબ્દ, રૂપ,' આદિ વિષયોની ઈચ્છા થાય માટે તે 'કામ' કહેવાય અને દ્રવ્યને આશ્રયીને રહેલા દ્રવ્યના ગુણ હોવાથી તેને ગુણ પણ કહેવાય. માટે તે કામગુણ સમજવા.

'પડિક્કમામિ પંચહિં મહવ્વએહિં-પાણાઈવાયાઓ વેરમણં, મુસાવાયાઓ વેરમણં, અદિન્નાદાણાઓ વેરમણં, મેહુણાઓ વેરમણં, પરિગ્ગહાઓ વેરમણં।'

(અહીં પ્રથમા વિભક્તિ સપ્તમીના અર્થમાં હોવાથી) પ્રાણાતિપાતવિરમણ આદિ પાંચ મહાવ્રતોમાં જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ સમજવું અને તે તે વ્રતોને અંગે નહિ કરવા યોગ્ય કરવાથી, કરવા યોગ્ય ન કરવાથી, ઈત્યાદિ ચાર કારણોથી અથવા સંઘટ્ટો, પરિતાપ વિગેરે કરવાથી પ્રાણાતિપાતાદિ તે તે વ્રતમાં લાગતા અતિચારો સ્વયં વિચારી લેવા.

પડિક્કમામિ પંચહિં સમિઈહિં-ઈરિયાસમિઈએ, ભાસાસમિઈએ, એસણાસમિઈએ, આયાણભંડ-મત્તનિક્ખેવણા સમિઈએ, ઉચ્ચાર-પાસવણખેલજલ્લ-સિંઘાણ પારિટ્ઠાવણિઆ-સમિઈએ !'

ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિઓનું યથાર્થ પાલન વિગેરે નહિ કરવાથી તેમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ, તેમાં **૧-ઈર્યાસમિતિ** - એટલે જે રસ્તે લોકો ચાલેલા હોય, સૂર્યનો પ્રકાશ જ્યાં પડતો હોય ત્યાં જીવહિંસા ન થાય તે માટે યુગ-ધૂંસરાપ્રમાણ દૃષ્ટિથી ભૂમિને જોઈને ચાલવું તે. **૨-ભાષાસમિતિ** - પાપ ન લાગે તેવું, સર્વ જીવોનું હિત કરનારૂં, પ્રિય નિરવદ્ય અને મીત વચન બોલવું તે. **૩-એષણાસમિતિ** - આહાર-પાણી, વસ્ત્ર, પાત્ર અને શય્યા-વસતિ એ ચતુર્વિધપિંડ વહોરતાં (લેતાં) શાસ્ત્રમાં બતાવેલા બેંતાલીસ દોષોને ટાળવા તે. **૪-આદાનભાણ્ડમાત્ર-નિક્ષેપણાસમિતિ** - અહિં આદાન એટલે લેવું, નિક્ષેપણા એટલે મૂકવું અને ભાંડમાત્ર એટલે પાત્ર, વસ્ત્ર આદિ સંયમ માટે ઉપકારક સર્વ વસ્તુઓ-તેમાં વચ્ચેનો 'ભાંડ-માત્ર' શબ્દ આગળ-પાછળના બન્ને શબ્દો સાથે સંબંધવાળો હોવાથી

એ અર્થ થયો કે ભાંડમાત્રને (સર્વ ઉપકરણોને) લેવા-મૂકવામાં, પૂંજવા-પ્રમાર્જવા પૂર્વક સમ્યક્ પ્રવૃત્તિ કરવી તે આદાનભાંડમાત્રનિક્ષેપણાસમિતિ, તથા ૫-**ઉચ્ચાર-પ્રસ્ત્રવણ-ખેલ-જલ્લ-સિંઘાન-પારિષ્ઠાપનિકાસમિતિ** - ઉચ્ચાર-મળ (ઝાડો), પ્રસ્ત્રવણ-માત્રુ (પેશાબ), ખેલ-થૂંક, કફ વિગેરે, જલ્લ-શરીર ઉપરનો મેલ અને સિંઘાન-શ્લેષ્મ (નાકનો મેલ) તેની પારિષ્ઠાપનિકા સમિતિ - એ દરેકને ફરી નહિ લેવાના ઉદ્દેશાથી નિર્જીવ ભૂમિમાં વિધિપૂર્વક સર્વથા તજી દેવું તે. આ પાંચ સમિતિઓમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું.

**'પડિક્કમામિ છહિં જીવનિકાઓહિં-પુઢવિકાએણં, આઉકાએણં, તેઉકાએણં,' વાઉકાએણં, વણસ્સ-ઈકાએણં, તસકાએણં! પડિક્કમામિ છહિં લેસાહિં - કિણ્હલેસાએ, નીલલેસાએ, કાઉલેસાએ, તેઉલેસાએ,**

પમ્હલેસાએ, સુક્કલેસાએ। પડિક્કમામિ સત્તહિં ભયટ્ઠાણેહિં!'

શબ્દાર્થ :

છહિં-છ પ્રકારની
જીવનિકાએહિં-જીવનિકાયો વડે
પુઢવિકાએણં-પૃથ્વીકાય વડે
આઉકાએણં-અપકાય વડે
તેઉકાએણં-તેઉકાય વડે
વાઉકાએણં-વાયુકાય વડે
વણસ્સઈકાએણં-વનસ્પતિકાય વડે
તસકાએણં-ત્રસકાય વડે
લેસાહિં-લેશ્યાઓ વડે
કિણ્હલેસાએ-કૃષ્ણલેશ્યા વડે
નીલલેસાએ-નીલલેશ્યા વડે
કાઉલેસાએ-કાપોતલેશ્યા વડે
તેઉલેસાએ-તેજોલેશ્યા વડે

પઉમલેસાએ-પદ્મલેશ્યા વડે
સુક્કલેસાએ-શુકલલેશ્યા વડે
સત્તહિં-સાત
ભયટ્ઠાણેહિં-ભયસ્થાનો વડે

વ્યાખ્યા: પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિ્કાય અને ત્રસકાય એ છ કાયના સંબંધમાં પ્રતિષિદ્ધનું આચરણ કરવાથી, તે જીવોને કીલામણા વિગેરે ઉપજાવવાથી જે અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, શુક્લલેશ્યા. આ છ લેશ્યાઓમાં પહેલી ત્રણ લેશ્યાનું સેવન કરવાથી અને છેલ્લી ત્રણ લેશ્યાનું પાલન ન કરવાથી જે અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું (૧) આ લોક સંબંધી ભય, (૨) પરલોક સંબંધી ભય, (૩) આદાન ભય, (૪) અકસ્માત્ ભય, (૫) મરણનો ભય, (૬) અપયશભય અને (૭) આજીવિકા ભય, આ સાત ભય સ્થાનકોના વશ

થઈ જે અતિચાર સેવ્યા હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું.

**'પડિક્કમામિ છહિં જીવનિકાએહિં-પુઢવિકાએણં આઉકાએણં, તેઉકાએણં, વાઉકાએણં, વણસ્સ-ઈકાએણં, તસકાએણં!'**

પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય, આ છ કાયના જીવો અંગે વિરાધના કરવા આદિરૂપ જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું.

**'પડિક્કમામિ છહિં લેસાહિં-કિણ્હલેસાએ, નીલલેસાએ, કાઉલેસાએ, તેઉલેસાએ, પમ્હલેસાએં, સુક્કલેસાએ।**

કૃષ્ણ આદિ છ લેશ્યાઓમાંથી પ્રથમની ત્રણ લેશ્યાઓને સેવવાથી અને છેલ્લી ત્રણનું પાલન ન કરવાથી જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું. નિર્મળ એવા પણ સ્ફટિક

રત્નમાં જેમ તે તે વર્ણવાળા દ્રવ્યના સંયોગથી તેવો તેવો વર્ણ થાય છે, તેમ નિર્મળ એવા પણ આત્મામાં કર્મ પ્રકૃતિઓના રસભૂત (ઝરણારૂપ) તે તે કૃષ્ણ-નીલ વિગેરે દ્રવ્યોના સંબંધથી તેવો પરિણામ થાય તેને લેશ્યા કહેવાય છે. લેશ્યા-કૃષ્ણ, નીલ, કાપોત વિગેરે છ પ્રકારની છે. તેનું સ્વરૂપ ગામનો વધ કરવા નીકળેલા છ [૧]ચોરો અને જાંબુને ખાનારા છ પુરૂષોના દૃષ્ટાંતોથી સમજવું.

---

૧. કેટલાક ચોરો કોઈ ગામમાં ચોરી કરવા નીકળ્યા. રસ્તે જતાં પરસ્પર વિચાર કરતાં એક ચોર બોલ્યો ‘‘જે ગામમાં જવું છે ત્યાં જે દેખાય તેને મારવો.’’ બીજાએ કહ્યું: ‘‘એમ શા માટે ? પશુઓએ આપણો અપરાધ કર્યો નથી માટે તેને ન મારવા પરંતુ મનુષ્યોને જ મારવા.’’ ત્રીજાએ કહ્યું: ‘‘એ પણ ઠીક નથી, સ્ત્રીઓ બાળકો વિગેરેને છોડીને, માત્ર પુરૂષોને જ મારવા કે જે ધનના માલીક છે.’’ ચોથાએ કહ્યું: ‘‘એમ

શા માટે ? જેઓ શસ્ત્રધારી હોય તેને જ મારવા.'' પાંચમાએ કહ્યું: ''એમ નહિં, ભલે શસ્ત્રધારી હોય, સામે થાય તેને જ મારવા.'' છટ્ઠાએ કહ્યું: ''અરે એક તો ચોરી અને બીજી મનુષ્યની હત્યા ? કોઈને પણ શા માટે મારવો ? માત્ર ધન જ લેવું.'' આ છ જુદા જુદા પરિણામવાળા ચોરોની અનુક્રમે કૃષ્ણ–નીલ–કાપોત–તેજો–પદ્મ અ શુક્લ લેશ્યા જાણવી. એ રીતે કોઈ છ માણસો અટવીમાં ભૂલા પડ્યા. ભૂખ્યા થયેલા તેઓએ ચારે બાજુ નજર નાંખતા એક પાકેલા જાંબુનું વૃક્ષ જોયું. આનંદમાં આવી એક જણ બોલ્યો: ''ઝાડને મૂળમાંથી કાપી નીચે નાંખો જેથી આપણે સહેલાઈથી જાંબૂ ખાઈ શકીએ.'' બીજો બોલ્યો: 'આવું મોટું ઝાડ ફરીથી ક્યારે ઊગે ? માટે મોટી મોટી ડાળીઓને જ કાપો. કારણ કે ફળો તો ડાળીઓ ઉપર જ છે ને ?' ત્રીજો બોલ્યો: ''મોટી ડાળીઓ પણ ઘણા વર્ષોએ તૈયાર થાય, તો તેને શા માટે કાપવી ?'' નાની ડાળીઓ જ કાપો, જાંબૂ તો નાની ડાળીઓ ઉપર જ છે.'' ચતુર એવો ચોથો માણસ બોલ્યો: ''નાની ડાળીઓ શા માટે

કાપવી ? જાંબૂના ગુચ્છાઓ જ કાપો, આપણે જાંબૂની જ જરૂર છે.'' પાંચમો બોલ્યો : ''અરે ગુચ્છામાં પણ ઘણા કાચાં કે ખરાબ જાંબૂ હોય તેનું આપણે શું પ્રયોજન છે ? માત્ર પાકેલાં જાંબૂ જ તોડવાં, આપણે તેનું જ કામ છે.'' છઠ્ઠો બોલ્યો : ''પ્રયોજન વિના ઉપરનાં જાંબૂ શા માટે તોડવાં ? નીચે પાકેલાં ઢગલાબંધ જાંબૂ પડયાં છે તે જ જાંબૂ ખાવા. કામ તો જાંબૂ ખાવાનું જ છે તો કારણ વિના હિંસા શા માટે કરવી !'' એમ છ જણમાં જેમ પરિણામનું તારતમ્ય છે, તેમ કૃષ્ણ આદિ ત્રણ લેશ્યાવંતમાં ઉત્તરોત્તર અશુદ્ધિની ન્યૂનતા અને છેલ્લી ત્રણમાં ઉત્તરોત્તર શુદ્ધિની પ્રકૃષ્ટતા–વૃદ્ધિ જાણવી. આ પ્રત્યેક લેશ્યામાં પણ તારતમ્યની અપેક્ષાએ અસંખ્યાત ભેદો હોય છે અર્થાત્ પ્રત્યેક લેશ્યામાં વર્તતા વિચિત્ર પરિણામવાળા જીવો અસંખ્યાતા હોય છે.

"પડિક્કમામિ સત્તહિ ભયટ્ઠાણેહિ।"

ભયનાં સ્થાન એટલે ભયનાં આશ્રયો (નિમિત્તો), તે 'આ લોક, પર લોક, આદાન, અકસ્માત્, આજીવિકા, મરણ અને અપયશ' એમ સાત પ્રકારનાં છે. તેમાં 'મનુષ્યને મનુષ્યથી, પશુને પશુથી વિગેરે પોતાની જાતિથી ભય તે ૧-ઈહલોક ભય, પરજાતિનો મનુષ્ય વિગેરેને તિર્યંચ વિગેરેથી ભય તે ૨-પરલોકભય, કોઈ ચોર વિગેરે રખે મારું ધાન વિગેરે લઈ જશે ઈત્યાદિ ભય તે ૩-આદાનભય. કોઈ બાહ્ય નિમિત્ત વિના જ (એકાએક વિજળી પડવા વિગેરેનો) અથવા ઘરમાં અંધકારનો ભય તે ૪-અકસ્માત ભય. નિર્ધન વિગેરે મનુષ્યને 'અરે રે, હું દુષ્કાળમાં શી રીતે જીવીશ?' વિગેરે ભય તે ૫-આજીવિકા ભય. મરણથી બીવું અથવા કોઈ પણ નિમિત્ત ઉત્પન્ન થતાં, હું મરી જઈશ' એવી સતત લાગણી ઉત્પન્ન થવી તે ૬-મરણભય, કોઈ પણ કાર્ય કરતી વખતે

લોકમાં મારી અપકીર્તિ થશે એવો ડર રાખવો તે ૭-અપયશભય. આ સાત ભયસ્થાનોને લીધે જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

**અટ્ઠહિં મયટ્ઠાણેહિં નવહિં બંભચેર ગુત્તીહિં, દસવિહે સમણધમ્મે।**

**શબ્દાર્થ :**

**અટ્ઠહિં**–આઠ પ્રકારના

**મયટ્ઠાણેહિં**–મદના અભિમાનના સ્થાનકો વડે

**નવહિં**–નવ પ્રકારની

**બંભચેરગુત્તીહિં**–બ્રહ્મચર્યની ગુપ્તિઓ વડે

**દસવિહે**–દશ પ્રકારના

**સમણધમ્મે**–શ્રમણધર્મને વિષે

**વ્યાખ્યા :** આઠ મદસ્થાન, નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ અને દશ પ્રકારના શ્રમણધર્મના વિષયમાં જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું.

હવે પછીના પાઠોમાં સૂત્રકાર ભગવંતે 'પડિક્કમામિ' ક્રિયાપદ તથા તે તે સ્થાનોની નામપૂર્વક ગણના કરી નથી તેથી તે સ્વયમેવ સમજી લેવાં. મદ આઠ પ્રકારના છે. ૧-જાતિમદ, ૨-કુળમદ, ૩-બળમદ, ૪-રૂપમદ, ૫-તપમદ, ૬-ઐશ્વર્ય-ઠકુરાઈનો મદ, ૭-શ્રુતમદ અને ૮-લાભમદ. આ આઠે વસ્તુઓનો મદ-એટલે અભિમાન કરવાથી તેના નિમિત્તે જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરવામાં આવે છે. બ્રહ્મચર્યની રક્ષા માટે ઉપાયભૂત ગુપ્તિઓ નવ પ્રકારની છે. ૧-સ્ત્રી, પશુ અને નપુંસકવાળી વસતિ (સ્થાન) ન સેવવી. ૨-એકલી સ્ત્રી સાથે અથવા સ્ત્રી સંબંધી કથા ન કરવી. ૩-સ્ત્રીની સાથે એક આસન ઉપર બેસવું નહીં અથવા સ્ત્રી જ્યાં બેઠી હોય ત્યાં બે ઘડી પહેલાં પુરૂષે બેસવું નહીં. પુરુષ બેઠો હોય ત્યાં સ્ત્રી ત્રણ પ્રહર સુધી બેસે નહીં. ૪-રાગપૂર્વક સ્ત્રીઓના અવયવો જોવા

નહીં. ૫-સ્ત્રીના મોહ ઉપજાવનારા શબ્દો સંભળાય તેવી ભીંતને આંતરે રહેવું નહીં. ૬-સ્ત્રીની સાથે પૂર્વે સેવેલી કામ ક્રીડા આદિ યાદ કરવું નહીં. ૭-પ્રણીત ભોજન -સ્નિગ્ધ અથવા વિકાર ઉપજાવે તેવો આહાર કરવો નહીં. ૮-રૂક્ષ આહાર પણ અત્યંત-પ્રમાણથી અધિક લેવો નહીં. ૯-શરીર વગેરેની શોભા કરવી નહીં. આ નવ વાડો (ગુપ્તિઓનું) પાલન નહિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવામાં આવે છે. શ્રમણ ધર્મ દશ પ્રકારે છે- ૧-ક્ષાંતિ (ક્ષમા), ૨-માર્દવ (મૃદુતા-નિરભિમાનતા), ૩-આર્જવ (સરળતા), ૪-મુક્તિ (નિર્લોભતા), ૫-તપ, ૬-સંયમ, ૭-સત્ય, ૮-શૌચ (અભ્યંતર મનની પવિત્રતા), ૯-અકિંચનતા (અધિક સંગ્રહનો ત્યાગ) અને ૧૦-બ્રહ્મચર્ય. આ દશ પ્રકારના યતિધર્મનું યથાસ્થિત પાલન નહિ કરવા વિગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણથાય છે.

**એગારસહિં ઉવાસગપડિમાહિં।**

**શબ્દાર્થ :**

**એગારસહિં**–અગીયાર પ્રકારની

**ઉવાસગ**–શ્રાવકની

**પડિમાહિં**–પ્રતિમાઓના વિષયમાં

શ્રાવકની અગિયાર પ્રતિમાઓના વિષયમાં અશ્રદ્ધા વગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરૂં છું.

**વ્યાખ્યા :** શ્રાવકની પ્રતિમાઓ (અભિગ્રહ વિશેષ) અગીઆર છે. તે આ પ્રમાણે–**પહેલી સમકિત પ્રતિમા**, તેમાં એક માસ સુધી અતિચાર રહિત નિર્મળ સમકિતનું પાલન કરે. **બીજી વ્રત પ્રતિમા**, તેમાં બે માસ સુધી પહેલી પ્રતિમાના પાલન ઉપરાંત અતિચાર રહિત બાર વ્રતોનું પાલન કરે. **ત્રીજી સામાયિક પ્રતિમા**, તેમાં પૂર્વની બેના પાલન સહિત ત્રણ માસ સુધી બન્ને કાળ નિરતિચાર સામાયિક

સહિત પ્રતિક્રમણ કરે. **ચોથી પૌષધ પ્રતિમા**, તેમાં પૂર્વની ત્રણના પાલન પૂર્વક ચાર માસ સુધી ચાર પર્વોને વિષે એટલે કે બે આઠમ અને બે ચૌદશે નિરતિચાર પૌષધ કરે. **પાંચમી પ્રતિમા નામની પ્રતિમા**, તેમાં પૂર્વોકત ચારના પાલન સહિત પાંચ માસ સુધી પૌષધને વિષે દિવસે અને રાત્રે દોષરહિત કાયોત્સર્ગ કરે, પાંચ માસ સુધી સ્નાન ન કરે, રાત્રે ચતુર્વિધ આહારનો ત્યાગ કરે, દિવસે બ્રહ્મચર્ય પાળે અને રાત્રિએ મૈથુનનું પરિમાણ કરે, પણ પૌષધ હોય ત્યારે તો રાત્રિએ પણ સર્વથા બ્રહ્મચર્ય પાળે ને કાયોત્સર્ગ કરે. **છઠ્ઠી બ્રહ્મચર્ય પ્રતિમા**, તેમાં પૂર્વોકત પાંચના પાલન સહિત છ માસ સુધી રાત્રિ-દિવસ નિરતિચાર બ્રહ્મચર્ય પાળે અને કચ્છ ધારણ કરે. **સાતમી સચિત્ત વર્જન પ્રતિમા**, તેમાં પૂર્વોકત છના પાલન સહિત સાત માસ સુધી સચિત્ત આહારનો ત્યાગ કરે. **આઠમી આરંભવર્જન પ્રતિમા**, તેમાં પૂર્વોક્ત સાતના પાલન

સહિત આઠ માસ સુધી સ્વયં પોતે કાંઈ પણ આરંભ-સમારંભ કરે નહીં. **નવમી પ્રેષ્યવર્જન પ્રતિમા**, તેમાં પૂર્વોકત આઠના પાલન પૂર્વક નવ માસ સુધી બીજા પાસે પણ આરંભ સમારંભ કરાવે નહીં. **દશમી ઉદ્દિષ્ટવર્જન પ્રતિમા**, તેમાં પૂર્વની નવના પાલન સહિત દશ માસ સુધી પોતાને ઉદ્દેશીને કરેલા આહારાદિક ગ્રહણ ન કરે. **અગીયારમી શ્રમણભૂત-સાધુ જેવી પ્રતિમા**, તેમાં પૂર્વોક્ત દશના પાલન સહિત અગીયાર માસ સુધી મસ્તકે મુંડન કરાવી અથવા લોચ કરી શ્રમણની જેમ વિચરે, રજોહરણ અને પાત્રાં રાખે તથા પોતાની જ્ઞાતિ આદિમાં વિચરી ભિક્ષા માગીને ખાય. (પ્રતિમાધારી શ્રાવકને ભિક્ષા આપો' આ પ્રમાણે ગૃહસ્થને ઘેર જઈને ભિક્ષા માગે અને પોતાના સ્થાને આવી વાપરે.) આ અગીઆર પ્રતિમાના વિષયમાં અશ્રદ્ધા વિગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.

બારસહિં ભિક્ખુ પડિમાહિં ।

શબ્દાર્થ :

બારસહિં-બાર પ્રકારની
ભિક્ખુ-ભિક્ષુઓની-યતિઓની
પડિમાહિં-પ્રતિમાઓના વિષયમાં

સાધુની બાર પ્રતિમાઓના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

વ્યાખ્યા : સાધુની બાર પ્રતિમાઓ આ પ્રમાણે છે-
**પહેલી પ્રતિમા એક માસની** હોય છે, તેમાં અલેપ ભોજન ગ્રહણ કરવાનું હોય છે તથા આહાર પાણીની એક દત્તિ (એક ધારાથી જેટલું પડે તે દત્તિ) ગ્રહણ કરવાની હોય છે. **બીજી પ્રતિમા બે માસની**, તેમાં બે દત્તિ ગ્રહણ કરવાની. એ રીતે વધતાં વધતાં એટલે કે-

ત્રીજી પ્રતિમા ત્રણ માસની અને ત્રણ દત્તિવાળી

ચોથી પ્રતિમા ચાર માસની અને ચાર દત્તિવાળી

**પાંચમી પ્રતિમા** પાંચ માસની અને પાંચ દત્તિવાળી **છઠ્ઠી પ્રતિમા** છ માસની અને છ દત્તિવાળી અને **સાતમી પ્રતિમા** સાત માસની અને તેમાં સાત દત્તિ ગ્રહણ કરવાની હોય છે. **આઠમી પ્રતિમા સાત અહોરાત્રિની**, તેમાં ચોવિહાર ઉપવાસ કરે, ગામની બહાર કાયોત્સર્ગ કરે, ઉત્તાનાદિક આસને રહી ઉપસર્ગો સહન કરે. **નવમી પ્રતિમા સાત અહોરાત્રિની**, તેમાં ઉત્કટિક આસને અથવા દંડ જેવા આસને રહે, ચોવિહાર ઉપવાસ કરે અને ગામ બહાર કાયોત્સર્ગ કરી ઉપસર્ગ સહન કરે. **દશમી પ્રતિમા સાત અહોરાત્રિની**, તેમાં પૂર્વોક્ત ક્રિયા સહિત ગોદોહિકાસને રહે. **અગ્યારમી પ્રતિમા એક અહો-રાત્રિની**, તેમાં ચોવિહાર છઠ્ઠ કરે, ગામ બહાર કાયોત્સર્ગ કરી ઉપસર્ગ સહન કરે. **બારમી પ્રતિમામાં** ચોવિહાર અઠ્ઠમ કરી એક રાત્રિ ઇષત્પ્રાગ્ભાર શિલા (સિદ્ધશિલા) ઉપર

એકાગ્ર દષ્ટિ રાખી કાયોત્સર્ગ કરી ઉપસર્ગ સહન કરે. એમ વિશિષ્ટ પ્રકારના અભિગ્રહ સ્વરૂપ આ બાર પ્રતિમાઓમાં અશ્રદ્ધા વિગેરે કરવાથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

**તેરસહિં કિરિઆઠાણેહિં ।**

**શબ્દાર્થ :**

**તેરસહિં**-તેર પ્રકારનાં

**કિરિઆઠાણેહિં**-ક્રિયાના સ્થાનકો સંબંધી

ક્રિયાના તેર સ્થાનકો આશ્રયી જે કાંઈ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

**વ્યાખ્યા :** ક્રિયા એટલે કર્મબંધમાં હેતુભૂત ચેષ્ટા, તેનાં સ્થાનો તે ક્રિયાસ્થાનો, તે આ પ્રમાણે છે- **અર્થાય (સપ્રયોજન) ક્રિયા**-સંયમનો નિર્વાહ ન થાય તેવા પ્રસંગે અથવા ગ્લાનપણું વિગેરેના કારણે, એમ સ્વ-પરાર્થે દોષિત આહાર આદિ વસ્તુ લેવી પડે તે. (અથવા ત્રસ આદિ જીવની વિરાધના

કરવી તે) **૧-અર્થક્રિયા.** અનર્થાય (નિષ્પ્રયોજનાય) ક્રિયા-કારણ વિના પણ દોષિત વસ્તુ લેવી પડે (અથવા કોતરો કે વનના વેલા આદિ તોડવા ઈત્યાદિ **૨-અનર્થક્રિયા.** હિંસાર્થે (હિંસા માટે) ક્રિયા - દેવ, ગુરુ કે સંઘના શત્રુઓની હિંસા, અથવા સર્પ વિગેરે એણે હણ્યા, હણે છે, કે હણશે; એમ તેઓની ત્રણકાળ સંબંધી હિંસા માટે દંડ કરવો-માર મારવો તે **૩-હિંસાક્રિયા. ૪-અકસ્માત્ ક્રિયા** - કોઈ બીજાને હણવા માટે બાણ વિગેરે શસ્ત્ર ફેંકવા જતાં બીજાનો ઘાત થાય તે. **૫-દૃષ્ટિ વિપર્યાસક્રિયા**-મિત્ર છતાં શત્રુ જાણીને કે ચોર ન હોય તેને ચોર સમજીને હણવો. **૬-મૃષાક્રિયા** - (પોતાના માટે કે જ્ઞાતિજન વિગેરે માટે) અસત્ય બોલવા રૂપ ક્રિયા. **૭-અદત્તાદાનક્રિયા**-(પોતાના કે જ્ઞાતિજન વિગેરેને માટે) સ્વામિઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત અને ગુરુઅદત્ત. એ ચાર પ્રકારનું અદત્ત ગ્રહણ કરવા

રૂપ ક્રિયા. ૮–અધ્યાત્મક્રિયા – કોંકણ દેશના[૧] સાધુની જેમ ચિંતવવું તે. (અથવા કોઈ કંઈ કહે નહિ તો પણ પોતે હૃદયમાં ક્રોધ–માન–માયા–લોભથી દુઃખી થાય તે પોતાના આત્મામાં થતી ક્રિયા.) ૯–માનક્રિયા – પોતાની જાતિ, કુળ

---

[૧] કોંકણ દેશના એક ખૂડૂતે શ્રી ઋષભદેવપ્રભુના શાસનમાં દીક્ષા લીધેલી. તે સાધુએ એક દિવસ કાયોત્સર્ગ કર્યો. તેમાં બહુ વાર લાગવાથી ગુરુએ પૂછ્યું.' "હે મહાનુભાવ ! આટલા વખત સુધી કાયોત્સર્ગમાં તેં શું ચિંતવ્યું?" તેણે કહ્યું: "અત્યારે વર્ષા ઋતુ છે, હું ખેતી કરતો તે વખતે ખેતરમાં 'સૂડ' વિગેરે સારી રીતે કરતો તેથી અનાજ ઘણું પાકતું. હવે પુત્રો પ્રમાદી છે, તેઓ સૂડ વિગેરે નહિ કરે તો અનાજ ઓછું પાકશે, તો તે બિચારા શું ખાશે? માટે સૂડ વિગેરે કરે તો સારું. વિગેરે ચિંતવ્યું." ગુરુએ આવો વિચાર સાવધ ગણાય એમ જણાવી નિષેધ કર્યો વિગેરે.

વિગેરેનો મદ કરી બીજાને હલકા માનવા - અવહીલના કરવી તે. **૧૦-અમિત્રક્રિયા**-માતા-પિતા કે જ્ઞાતિજન વિગેરેને અપરાધ અલ્પ હોવા છતાં તાડન-તર્જત-દહન આદિ સખત દંડ કરવો તે. (આ ક્રિયાને **મિત્રદ્વેષ** ક્રિયા પણ કહેલ છે.) **૧૧-માયાક્રિયા** - કપટનો આશ્રય કરીને બોલવું જુદું અને કરવું જુદું તે. **૧૨-લોભક્રિયા** - લોભથી અશુદ્ધ (દોષિત) આહાર આદિ ગ્રહણ કરવાં તે અથવા પાપના આરંભમાં કે સ્ત્રીભોગમાં આસક્ત જીવ પોતાની રક્ષા કરતાં બીજા જીવોને મારે-હણે-બાંધે ઈત્યાદિ ક્રિયા. **૧૩-ઈર્યાપથિકી ક્રિયા** - વીતરાગ એટલે કે રાગ-દ્વેષથી રહિત એવા જીવની નિરવદ્ય ક્રિયા, જેમાં માત્ર યોગ પ્રત્યયિક કર્મબંધ હોય. પહેલે સમયે બંધાય, બીજે સમયે ભોગવાય અને ત્રીજે સમયે નિર્જરા થાય તેવી યૌગિક માત્ર ક્રિયા.

ચઉદ્દસહિં ભૂઅગામેહિં, પન્નરસહિં પરમાહમ્મિએહિં, સોલસહિં ગાહાસોલસએહિં, સત્તરસવિહે અસંજમે।

શબ્દાર્થ :

ચઉદ્દસહિં–ચૌદ પ્રકારના
ભૂઅ–ભૂત એટલે પ્રાણીઓના
ગામ–સમુદાયના વિષયમાં
પન્નરસહિં–પંદર પ્રકારના
પરમાહમ્મિએહિં–પરમાધામીઓના વિષયમાં
સોલસહિં–સોળ સંખ્યાવાળાં અધ્યયનો
ગાહાસોલસએહિં–'ગાથા' નામનું અધ્યયન જેમાં સોળમું છે તેવા અધ્યયનોના વિષયમાં
સત્તરસવિહે–સત્તર પ્રકારના
અસંજમે–અસંયમમાં

ચૌદ પ્રકારના જીવોના સમુદાયના વિષયમાં, પંદર પરમાધામીઓના વિષયમાં, સૂયગડાંગ સૂત્રના

એકથી સોળમી ગાથા સુધીના સોળ અધ્યયનના વિષયમાં અને સત્તર પ્રકારના અસંયમના વિષયમાં જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

**વ્યાખ્યા :** ચૌદ ભૂતગ્રામો આ પ્રમાણે–સૂક્ષ્મ અને બાદર એકેંદ્રિય, ૨, બેઈંદ્રિય, ૩, તેઈંદ્રિય ૪ ચઉરિંદ્રિય ૫, અસંજ્ઞિ અને સંજ્ઞિ પચેંદ્રિય ૭. આ સાત પર્યાપ્તા અને સાત અપર્યાપ્તા એમ કુલ ચૌદ ભૂતગ્રામ (જીવોના સમૂહ) ગણાય છે. અથવા ચૌદ ગુણસ્થાનકોમાં વર્તતા સર્વ જીવોની અપેક્ષાએ પણ ચૌદભૂતગ્રામ ગણાય છે. તે વિષયમાં અશ્રદ્ધા - વિપરીત પ્રરૂપણા, હિંસા આદિથી સેવેલા અતિચારનું પ્રતિક્રમણ છે. ૧–અમ્બ, ૨–અમ્બરીશ, ૩–શ્યામ, ૪–શબલ, ૫–રૌદ્ર, ૬–ઉપરૌદ્ર, ૭–કાલ, ૮–મહાકાલ, ૯–અસિપત્ર, ૧૦–ધનુ, ૧૧–કુમ્ભ, ૧૨–વાલુકા, ૧૩–વૈતરણી, ૧૪–ખરસ્વર અને ૧૫–મહાઘોષ. એમ અસુરકુમાર નામની નિકાયના આ પંદર જાતિના

પરમાધામીદેવો નારકજીવોને વિવિધ પ્રકારની પીડાઓ ઉપજાવે છે. તેમના વિષયમાં અશ્રદ્ધા આદિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ થાય છે. ગાથા નામનું અધ્યયન જેમાં સોળમું છે તે સૂયગડાંગસૂત્રના પહેલા શ્રુતસ્કંધમાં સોળ અધ્યયનો છે. તે આ પ્રમાણે ૧–સ્વ સમય પર સમયજ્ઞ, ૨–વૈતાલિક, ૩–ઉપસર્ગપરિજ્ઞા, ૪–સ્ત્રીપરિજ્ઞા, ૫–નરક–વિભક્તિ, ૬–વીરસ્તવ, ૭–કુશીલભાષાજ્ઞા, ૮–વીતરજા, ૯–ધર્મમાર્ગ, ૧૦–સમાધિ, ૧૧–સમવસરણ, ૧૨–અહાતહા (અવિતથ), ૧૩–ગ્રંથાધ્યયન, ૧૪–સંયમ–માર્ગ, ૧૫–માર્ગાધ્યયન (યદતીતં), ૧૬–ગાથાધ્યયન. આ સોળ અધ્યયનોના વિષયમાં અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા આદિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ થાય છે.

સત્તર પ્રકારનો અસંયમ – ૧. પૃથ્વીકાય અસંયમ, ૨. અપકાય અસંયમ, ૩. તેજસ્કાય અસંયમ, ૪.

વાઉકાય અસંયમ, ૫. વનસ્પતિકાય અસંયમ, ૬. બેઇંદ્રિય અસંયમ, ૭. તેઇંદ્રિય અસંયમ, ૮. ચઉરિંદ્રિય અસંયમ, ૯. પંચેંદ્રિય અસંયમ, ૧૦. અજીવ અસંયમ (પુસ્તક આદિનો સંઘટ્ટ કરવો વિગેરે), ૧૧. પ્રેક્ષા અસંયમ, ૧૨. ઉપેક્ષા અસંયમ, ૧૩. પ્રમાર્જના અસંયમ, ૧૪. પારિષ્ઠાપનિકા અસંયમ, ૧૫. મન અસંયમ, ૧૬. વચન અસંયમ, અને ૧૭. કાય અસંયમ. આ સત્તર પ્રકારનો અસંયમ આચરવાથી જે કોઈ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરવામં આવે છે.

**અટ્ઠારસવિહે અબંભે એગૂણવીસાએ નાયજ્ઝયણેહિં, વીસાએ અસમાહિઠાણેહિં।**

**શબ્દાર્થ :**

**અટ્ઠારસવિહે**–અઢાર પ્રકારનાં

**અબંભે**–બ્રહ્મચર્ય ન પાલન કરવાના વિષયમાં

**એગૂણવીસાએ**–ઓગણીશ સંખ્યાવાળા

**નાયજ્ઝયણેહિં**–જ્ઞાતા સૂત્રના અધ્યયનના વિષયમાં

**વીસાએ**–વીશ પ્રકારના

**અસમાહિઠાણેહિં**–અસમાધિના સ્થાનકોના વિષયમાં

અઢાર પ્રકારના અબ્રહ્મના સેવન આદિને વિષે, ઓગણીશ જ્ઞાતા સૂત્રના અધ્યયનોનો પાઠ ન કરવા વડે તથા વીશ અસમાધિના સ્થાનકો સેવવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ થાય છે.

**વ્યાખ્યા :** ઔદારિક અને વૈક્રિય શરીર દ્વારા (એટલે મનુષ્ય, તિર્યંચ અને દેવના શરીર સાથે) ત્રિકરણયોગથી – મન, વચન અને કાયાથી મૈથુન સેવવું નહિ, સેવરાવવું નહિ, સેવતાને સારો માનવો નહિ, એમ (૨x૩=૬, ૬x૩=૧૮) આ અઢાર પ્રકારના બ્રહ્મચર્યથી વિપરીત અબ્રહ્મને આચરવા વિગેરેથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ થાય છે.

'જ્ઞાતા ધર્મકથા' નામના છટ્ઠા અંગસૂત્રના પહેલા શ્રુત-સ્કંધના ઓગણીશ અધ્યયનો છે. ૧-ઉત્ક્ષિપ્તજ્ઞાત, ૨-સંઘાટક જ્ઞાત, ૩-અંડકજ્ઞાત, ૪-કર્મજ્ઞાત, ૫-સેલકજ્ઞાત, ૬-તુંબકજ્ઞાત, ૭-રોહિણીજ્ઞાત, ૮-મલ્લીજ્ઞાત, ૯-માકંદીજ્ઞાત, ૧૦-ચંદ્રમસજ્ઞાત, ૧૧-દાવદ્રવજ્ઞાત, ૧૨-ઉદકજ્ઞાત, ૧૩-મંડુક્કજ્ઞાત, ૧૪-તેતલીજ્ઞાત, ૧૫-નંદીફળજ્ઞાત, ૧૬-અપરકંકાજ્ઞાત, ૧૭-આકીર્ણજ્ઞાત, ૧૮-સુંસમાજ્ઞાત અને ૧૯-પુંડરીકજ્ઞાત, આ ઓગણીસ અધ્યયનો અંગે અશ્રદ્ધા, ઉત્સૂત્ર પ્રરૂપણા વિગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ થાય છે. વીશ અસમાધિ સ્થાનોનું સ્વરૂપ-સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા, અર્થાત્ મોક્ષમાર્ગમાં સ્થિરતા-દઢતા, તેનો અભાવ તે અસમાધિ, તેનાં સ્થાનો એટલે આશ્રયો-નિમિત્તો, તે સ્વ-પરને અસમાધિ પેદા કરનારાં માટે અસમાધિ સ્થાનો-તે વીશ આ પ્રમાણે - ૧-

અજયણાથી (ઈર્યાસમિતિનો ઉપયોગ રાખ્યા વિના) ઉતાવળા ઉતાવળા ચાલવું, ૨-પ્રમાર્જના કર્યા સિવાય સ્થાનમાં બેસવું, સૂવું ઈત્યાદિ, ૩-પ્રમાર્જેલા સ્થાને પણ જેમતેમ બેસવું વિગેરે, ૪-શાસ્ત્રની આજ્ઞાથી વધારે શય્યા વાપરવી, ૫-શાસ્ત્રની આજ્ઞા ઉપરાંત વધારે આસન વાપરવું. (અહિં ઉપલક્ષણાથી વસ્ત્રપાત્ર આદિ સર્વ ઉપકરણો સમજવાં.) ૬-રત્નાધિક (વડિલ નો અપમાન આદિ પરાભવ કરવો, ૭-સ્થવિરના ત્રણ પ્રકાર છે-(૧) સમવાયાંગ સૂત્ર સુધીના જ્ઞાતા તે **શ્રુત સ્થવિર**, (૨) વીશ વર્ષના દીક્ષાના પર્યાયવાળા તે **પર્યાય સ્થવિર**, અને (૩) સાઠ અથવા સીત્તેર વર્ષની વયવાળા તે **વય સ્થવિર**. આ ત્રણે પ્રકારના સ્થવિરોનો ઉપઘાત કરવો. ૮-પૃથ્વીકાય આદિ ભૂતોની એટલે જીવોની હિંસા કરવી, ૯-ક્ષણે ક્ષણે કોપ કરવો, ૧૦-લાંબા કાળ સુધી ક્રોધને વશ થવું, ૧૧-બીજાનો અવર્ણવાદ બોલવો (નિંદા

કરવી), ૧૨–કોઈ દોષિતને પણ વારંવાર 'તું ચોર છે, તું દ્રોહ કરનાર છે, તું કપટી છે' વિગરે કહેવું, ૧૩–શાન્ત થયેલા કષાયની પુનઃ ઉદીરણા કરવી, ૧૪–શાસ્ત્રે નિષિધ્ધ કરેલા કાળે સ્વાધ્યાય કરવો, ૧૫–સચિત્ત રજથી ખરડાયેલા હાથ–પગ છતાં પ્રવૃત્તિ કરવી એટલે અસ્થંડિલ ભૂમિથી સ્થંડિલ ભૂમિમાં જઈને પગનું પ્રમાર્જન ન કરે, રજવાળા હાથે ભિક્ષા ગ્રહણ કરે અથવા અશુદ્ધ પૃથ્વી ઉપર બેસવું, સૂવું વિગેરે પ્રવૃત્તિ કરવી, ૧૬– –રાત્રે (અથવા દિવસે પણ અવિવેકથી) ઊંચા સ્વરે બોલવું અથવા ગૃહસ્થની ભાષા બોલવી, ૧૭–કલહ–જેની તેની સાથે વાક્–કલહ કરવો, ૧૮–ઝંઝા એટલે ગચ્છમાં પરસ્પર સાધુઓમાં ભેદ પડાવવો, ૧૯–સૂર્યાસ્ત સુધી આહાર–પાણી વાપરવાં અને ૨૦–એષણા સમિતિનું પાલન ન કરવું આ વીશ અસમાધિસ્થાનો સેવવા વિગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.

એક્કવીસાએ સબલેહિં ।

શબ્દાર્થ :

એક્કવીસાએ-એકવીશ પ્રકારે

સબલેહિં-ચારિત્રની મલિનતાના હેતુઓ વડે

ચારિત્રની મલિનતાના કારણ સ્વરૂપ એકવીશ શબલો વડે લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ.

**વ્યાખ્યા :** જે દોષો ચારિત્રનું મૂળથી ખંડન કરતા નથી પરંતુ ચારિત્રમાં મલિનતાને ઉત્પન્ન કરે છે, તેવાં મલિનતા ઉત્પન્ન કરનારા દોષોનાં નિમિત્તો એકવીશ છે તે આ પ્રમાણે. ૧. હસ્તક્રિયા કરવા-કરાવવારૂપ અબ્રહ્મનું સેવવું, ૨. અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારરૂપે દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી 'મૈથુન સેવવું' અર્થાત્ એ ત્રિવિધ મૈથુનને અંગે અતિક્રમ આદિ ત્રણદોષો સેવવા. (આલંબન વિના અતિક્રમાદિ સેવનાર કે અનાચાર સેવનાર વિરાધક જાણવો, કારણે અતિક્રમાદિ સેવનાર

શબલ જાણવો, એમ આગળના ભેદોમાં પણ સમજવું.), ૩. 'દિવસે વહોરેલું દિવસે, દિવસે વહોરેલું રાત્રિએ, રાત્રિએ વહોરેલું દિવસે અને રાત્રિએ વહોરેલું રાત્રિએ વાપરવું, એ ચાર ભાંગામાં પહેલો ભાંગો શુદ્ધ છે. બાકીના ત્રણ ભાંગારૂપ 'રાત્રિ ભોજન'માં અતિક્રમાદિ ત્રણ દોષો સેવવા તે શબલ. (પહેલો ભાંગો પણ પૂર્વ દિવસે લાવેલું બીજા દિવસે વાપરવું તે દુષ્ટ છે.) (ગાઢ કારણે તો જયણાથી સંનિધિ વિગેરે રાખવામાં દોષ નથી.) ૪. આધાકર્મ ભોજન કરે અથવા હંમેશાં બે-ત્રણ વાર ખાય, ૫. રાજપિંડ ગ્રહણ કરે, ૬. વેચાતો લીધેલો પિંડ ગ્રહણ કરે, ૭. પ્રામિત્યક દોષવાળો એટલે ઉધારે લીધેલા આહારાદિ લે, ૮. સામો લાવેલો પિંડ લે, ૯. આચ્છેદ્ય એટલે કોઈની પાસેથી આંચકી લીધેલો પિંડ લે, ૧૦. પચ્ચખ્ખાણ કરેલી (ત્યાગ કરેલી) વસ્તુ ગ્રહણ કરે, ૧૧. જ્ઞાન, દર્શન આદિ ખાસ કારણ વિના છ મહિનામં એક

ગણથી બીજા ગણની નિશ્રામાં જવું, ૧૨. એક મહિનામાં ત્રણ વાર દગલેપ – નાભિ જેટલા પાણીમાં ઉતરવું, અર્ધજંઘા સુધી પાણી હોય તે 'સંઘટ્ટ' નાભિ સુધી હોય તે 'દગલેપ' અને એથી વધારે ઊંડું હોય તે 'લેપોપરિ' કહેવાય છે. તેમાં એક માસમાં વધુમાં વધુ બે વાર 'દગલેપ' કરી શકાય, ત્રણ વાર કરે તો શબલ, ૧૩–એક માસમાં ત્રણ વાર કપટ–માયા કરવાથી શબલ, અહીં ન આચરવા યોગ્ય આચરીને લજ્જા (ભય આદિ) થી આચાર્યને ન કહેવું – છૂપાવવું તે માયા–કપટ સમજવું, ૧૪–ઈરાદાપૂર્વક એક, બે અથવા ત્રણ વાર લીલી વનસ્પતિના અંકુરા વિગેરે તોડવા ઈત્યાદિ પ્રાણાતિપાત–હિંસા કરવી, ૧૫. ઈરાદાપૂર્વક એક, બે કે ત્રણવાર જૂઠું બોલવું. ૧૬. ઈરાદાપૂર્વક એક, બે કે ત્રણ વાર અદત્ત વસ્તુ લેવી, ૧૭.ઈરાદાપૂર્વક ભીનાશવાળી, કીડી, મંકોડી વિગેરેના ઇંડાંવાળી, ત્રસ જીવવાળી કે સચિત્ત

બીજ (કણ) આદિવાળી જમીન ઉપર તથા સચિત્ત પત્થર કે કીડાઓએ ખાધેલા (કીડાવાળા) લાકડા ઉપર કંઈ પણ આસન આદિ પાથર્યા વિના જ સીધો સંઘટ્ટો થાય તેમ ઉભા રહેવું-બેસવું, ૧૮. નિર્દયતાપૂર્વક મૂળ, કંદ, પુષ્પ, ફળ વિગેરે સચિત વનસ્પતિનું ભોજન કરવું, ૧૯. એક વર્ષમાં દશ વાર દગલેપ કરવા (નાભિ સુધી પાણીમાં ઉતરવું), ૨૦. એક વર્ષમાં દશ વાર માયા કપટ કરવું (ભૂલો કરીને છુપાવવી), અને ૨૧. ઈરાદાપૂર્વક સચિત પાણીથી ભીંજાયેલા-ગળતા જળબિંદુવાળા હાથ કે પાત્રવાળા ગૃહસ્થ પાસેથી ભોજન વહોરીને વાપરવું એમ એકવીશ પૈકી કોઈ પણ શબલથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ થાય છે.

**બાવીસાએ પરીસહેહિં ।**

**શબ્દાર્થ :**

**બાવીસાએ**-બાવીશ પ્રકારના

**પરીસહેહિં–પરિષહો વડે**

બાવીશ પરિષહો ન સહન કરવામાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ.

**વ્યાખ્યા :** ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, અચેલક, અરતિરતિ, સ્ત્રીપરિષહ, ચર્યા, નિષધા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને સમ્યક્ત્વ. આ બાવીશ પરિષહોને ન સહન કરવાથી અથવા તે અંગે આર્તધ્યાન આદિ કરવાથી જે અતિચારો લાગ્યાં હોય તેનું પ્રતિક્રમણ થાય છે.

**તેવીસાએ સુઅગડજ્ઝયણેહિં, ચઉવીસાએ દેવેહિં, પણવીસાએ ભાવણાહિં, છવ્વીસાએ દસાકપ્પવવહારાણં ઉદ્દેસણકાલેહિં, સત્તાવીસાએ અણગારગુણેહિં ।**

શબ્દાર્થ :

તેવીસાએ-ત્રેવીશ સંખ્યાવાળાં

સુઅગડજઝયણેહિં-સૂત્રકૃતાગં સૂત્રના અધ્યાયનોના વિષયમાં

ચઉવીસાએ-ચોવીશ પ્રકારના

દેવેહિં-દેવોના વિષયમાં

પણવીસાએ-પચીશ પ્રકારની

ભાવણાહિં-ભાવનાઓના વિષયમાં

છવ્વીસાએ-છવ્વીસ સંખ્યાવાળા

દસા-દશાશ્રુતસ્કંધ

કપ્પ-જીતકલ્પ

વવહારાણં-તથા વ્યવહાર સૂત્રના

ઉદ્દેસણકાલેહિં-અધ્યયનોના ઉદ્દેશાના કાળના વિષયમાં

સત્તાવીસાએ-સત્તાવીશ સંખ્યાવાળા

અણગારગુણેહિં-સાધુના ગુણોના વિષયમાં

સૂયગડાંગ સૂત્રના ત્રેવીશ અધ્યયનોની વિરુદ્ધ પ્રરૂપણા આદિથી, ચોવીશ પ્રકારના દેવો અથવા ચોવીશ અરિહંતોની આશાતના કરવાથી, પાંચ મહાવ્રતની પચીશ ભાવના ન ભાવવાથી, દશાશ્રુતસ્કંધનાં દશ અધ્યયન, જીતકલ્પનાં છ અને વ્યવહારનાં દશ મળી છવ્વીશ અધ્યયનોનાં છવ્વીશ ઉદ્દેશાના કાળની વિરુદ્ધ પ્રરૂપણા આદિથી, તથા સાધુના સત્તાવીશ ગુણોના પાલનમાં દોષ લગાડવા વિગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ થાય છે.

**વ્યાખ્યા :** સૂયગડાંગ નામના બીજા અંગસૂત્રના ત્રેવીશ અધ્યયનો, તેમાં પહેલા શ્રુત સ્કંધના સોળ (સોળમા આલાવામાં) કહ્યાં તે અને બીજા શ્રુત સ્કંધનાં ૧-પુંડરિક, ૨-ક્રિયાસ્થાન, ૩-આહારપરિજ્ઞા, ૪-પચ્ચકખાણ ક્રિયા, ૫-અનગાર, ૬-આર્દ્રકીય અને ૭-નાલંદીય એ સાત મળી ત્રેવીસ અધ્યયનોને અંગે અશ્રદ્ધા - વિપરીત

પ્રરૂપણા, વિરાધના આદિ કરવા દ્વારા લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ. શ્રી ઋષભ આદિ ચોવીશ જિનેશ્વરોની વિરાધનાથી (આશાતના આદિથી) અથવા દશ ભવન-પતિઓ, આઠ વ્યંતરો, પાંચ જ્યોતિષીઓ અને એક પ્રકારે સર્વ વૈમાનિકો મળી કુલ ચારે નિકાયના ચોવીશ જાતિના દેવોને અંગે અશ્રદ્ધા આદિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ. પચીશ ભાવના-દરેક મહાવ્રતની પાંચ પાંચ ભાવના હોવાથી પાંચ મહાવ્રતની પચીશ થાય છે. તેમાં પહેલા પ્રાણાતિપાત વિરમણ વ્રતની - ઈર્યાસમિતિ સંબંધી-૧, આદાન નિક્ષેપણા સમિતિ સંબંધી-૨, એષણાસમિતિ સંબંધી-૩, સંયમને વિષે દોષરહિત મન પ્રવર્તાવવા (મનગુપ્તિ) સંબંધી-૪ તથા અન્ન પાણ આદિ જોઈને વાપરવા સંબંધી-૫, આ પાંચ ભાવના પ્રથમ વ્રતની છે. બીજા વ્રતની - હાસ્ય ૧, લોભ ૨, ભય, ૩ અને ક્રોધનો પરિત્યાગ કરવા સંબંધી ૪, તથા અસત્યનું

પચ્ચક્ખાણ છે માટે બોલવા પૂર્વે વિચારીને બોલવા સંબંધી ૫, આ પાંચ ભાવના છે. ત્રીજા મહાવ્રતની ઉપાશ્રયના સ્વામી પાસે પોતેજ અવગ્રહની યાચના કરીને વાપરે-૧, તૃણાદિકની બીજાને અનુજ્ઞા આપવી હોય તો ઉપાશ્રય દેનારના કહેવાથી આપે-૨, આહાર-પાણીનો, શયનનોં અને બેસવા વિગેરે માટે વારંવાર અવગ્રહ સ્પષ્ટ રીતે અનુજ્ઞા લઈને વાપરે-૩, ગુરૂની અથવા જેની નિશ્રામાં હોય તે વડીલની અનુજ્ઞા લઈને જ આહારપાણી વાપરે-૪, તથા સાધર્મિક સાધુઓ પાસેથી પણ અવગ્રહની યાચના કરી પોતે સ્થાન આદિ કરે-૫ - એ પાંચે પ્રકારમાં તત્પર રહેવારૂપ પાંચ ભાવનાઓ છે. ચોથા મહાવ્રતની-પ્રમાણથી વધારે અથવા સ્નિગ્ધ આહાર ન કરે-૧, શરીરે વિભૂષા ન કરે-૨, સ્ત્રીને તથા તેના અવયવોને ન જુએ અથવા પૂર્વની ક્રીડા ન સંભારે-૩, સ્ત્રી પશુ, પંડકવાળી વસતિમાં ન રહે-૪, તથા સ્ત્રીઓ સાથે

અથવા સ્ત્રી સંબંધી કથા ન કરે-૫, આ પાંચ પ્રકારમાં સાવધાન રહેવા સંબંધી પાંચ ભાવનાઓ (નવવાડોના પાલન રૂપ) છે. પાંચમા મહાવ્રતની-શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, એ પાંચ વિષયો મનોજ્ઞમાં રાગ ન કરવો અને અમનોજ્ઞમાં દ્વેષ ન કરવો એ પાંચ ભાવનાઓ છે અથવા બીજી રીતે પણ પચીશ ભાવનાઓ ગ્રંથાંતરમાં કહેલી છે, તે આ પ્રમાણે - અનિત્ય ૧, અશરણ ૨, સંસાર ૩, એકત્વ ૪, અન્યત્વ ૫, અશુચિત્વ ૬, આશ્રવ ૭, સંવર ૮, નિર્જરા ૯, લોકસ્વરૂપ ૧૦, બોધિ ૧૧, તથા ધર્મભાવના ૧૨, એ બાર અને મૈત્રી ૧, પ્રમોદ ૨, કારુણ્ય ૩, અને માધ્યસ્થ્ય ૪, એ ચાર મળી ૧૬, તેમાં મિત્ર, તારા આદિ આઠ દૃષ્ટિ મેળવવાથી ૨૪, અને પચીશમી પ્રવચન નિ:શંકિની એટલે પ્રવચનને વિશે શંકા ન કરવી તે. આ ભાવનાઓ ન સેવવી કે શ્રદ્ધા ન કરવી; આદિથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ.

'છવ્વીસાએ'... અહીં સૂત્ર આદિના ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞાx માટે ગુરુને છ વંદન દેવાં, ત્રણ વાર કાયોત્સર્ગ કરવો, ઈત્યાદિ શાસ્ત્રોક્ત (મોટા જોગની) ક્રિયા કરવી તે ઉદ્દેશન કાળ જાણવો.

દશાશ્રુત સ્કંધના દશ અધ્યયનોમાં દશ, કલ્પસૂત્રનાં (જીતકલ્પનાં) છ અધ્યયનોમાં છ અને વ્યવહારના દશ ઉદ્દદેશાનાં દશ, એમ છવ્વીશને અંગે કાલગ્રહણ આદિ તે તે તે ક્રિયા અવિધિએ કરવાથી કે અશ્રદ્ધા, અસદ્ભાવ આદિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ.

---

x ઉદ્દેશ – મૂળ સૂત્ર ભણાવવું – ભણાવું, સમુદ્દેશ – અર્થથી ભણાવું–ભણાવવું, સ્થિર કરવું અને અનુજ્ઞા એટલે ભણેલું બરાબર છે એવી તથા બીજાને ભણાવવાની સંમતિ લેવી–દેવી. અથવા ઉદ્દેશ એટલે ભણવાના ક્રમનો નિર્ણય, સમુદ્દેશ એટલે તે ક્રમનું પાલન અને અનુજ્ઞા એટલે એ રીતે ભણ્યા પછી બીજાને ભણાવવાનો અધિકાર.

સાધુના સત્તાવીશ ગુણોનું પ્રતિક્રમણ - ૧-૬ રાત્રિભોજન વિરમણ સહિત છ વ્રતોનું પાલન, ૭-૧૧ પાંચ ઈન્દ્રિયોનો વિજય, ૧૨-ભાવશુદ્ધિ, ૧૩-પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાની શુદ્ધિ, ૧૪-ક્ષમાનું પાલન, ૧૫-વૈરાગ્ય, ૧૬-૧૭-૧૮ મન-વચન-કાયાની દુષ્ટ પ્રવૃત્તિનો નિરોધ, ૧૯-૨૪ છ કાયના જીવોની રક્ષા કરવી, ૨૫-વિનય-વૈયાવચ્ચ, સ્વાધ્યાય વિગેરે સંયમના વ્યાપારોનું સેવન, ૨૬-શીત આદિ પરિષહોની પીડાઓને સહન કરવી અને ૨૭-પ્રાણાન્ત ઉપસર્ગ વિગેરેમાં પણ સમાધિ રાખવી. આ સાધુના સત્તાવીશ ગુણોનું પાલન નહિ કરવાથી અથવા એમાં દોષ વિગેરે લગાડવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ થાય છે.

**અટ્ઠાવીસાએ આયારપ્પકપ્પેહિં, એગુણતીસાએ પાવસુઅપ્પસંગેહિં ।**

શબ્દાર્થ :

**અટ્ઠાવીસાએ**–અટ્ઠાવીશ સંખ્યાવાળાં

**આયારપ્પકપ્પેહિં**–આચાર પ્રકલ્પ નિશિથ સૂત્ર સહિત. આચારાંગ સૂત્રનાં અધ્યયનોના વિષયમાં

**એગુણતીસાએ**–ઓગણત્રીશ પ્રકારના

**પાવસુઅપ્પસંગેહિં**–પાપશ્રુતના પ્રસંગમાં

અટ્ઠાવીશ આચારપ્રકલ્પ એટલે નિશીથ સહિત આચારાંગ સૂત્રના અધ્યયનોની વિરુદ્ધ પ્રરૂપણા આદિ કરવાથી તથા ઓગણત્રીશ પાપશ્રુત એટલે કે પાપનાં નિમિત્તભૂત શાસ્ત્રોના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

**વ્યાખ્યા :** 'આચાર' એટલે આચારાંગ સૂત્ર અને 'પ્રકલ્પ' એટલે તેની જ પાંચમી ચૂલારૂપ 'નિશીથ' નામું અધ્યયન, એ બે મળીને 'આચાર પ્રકલ્પ' 'આચારાંગ' પચીશ અધ્યયનોવાળું હોવાથી તેનાં પચીશ અને તેમાં ઉદ્‌ઘાતિમ (નાનું પ્રાયશ્ચિત્ત)

અનુદ્‌ઘાતિમ (મોટું પ્રાયશ્ચિત) અને આરોપણા (આપેલા પ્રાયશ્ચિતમાં વધારો કરવો તે), એ (ત્રણ પ્રકારનાં પ્રાયશ્ચિતને અંગેનો જેમાં વિચાર છે તે) પ્રકલ્પનાં ત્રણ અધ્યયનો મેળવવાથી અઠ્ઠાવીશને અંગે (અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા, વિરૂદ્ધ આચરણા વિગેરેથી) લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ. આચારાંગના પચીશ અધ્યયનોનાં નામ આ પ્રમાણે છે. ૧-શસ્ત્રપરિજ્ઞા, ૨-લોકવિજય, ૩-શીતોષ્ણીય, ૪-સમ્યક્ત્વ ૫-આવંતી લોકસાર, ૬-ધૂત (કર્મધૂનન), ૭-વિમોહ, ૮-ઉપધાન શ્રુત, ૯-મહાપરિજ્ઞા, ૧૦-પિણ્ડેષણા, ૧૧-શય્યા, ૧૨-ઈર્યા, ૧૩-ભાષાજાત, ૧૪-વસ્ત્રૈષણા, ૧૫-પાત્રૈષણા, ૧૬-અવગ્રહપ્રતિમા, ૧૭ થી ૨૩ (૧-સ્થાન, ૨-નૈષેધિકી, ૩-ઉચ્ચારપ્રશ્રવણ, ૪-શબ્દ, ૫-રૂપ, ૬-પરક્રિયા, ૭-અન્યોન્યક્રિયા, એ સાત સપ્તિક (સત્તકીયાં), ૨૪-ભાવના અને ૨૫-વિમુક્તિ

તેમાંના પહેલા શ્રુતસ્કંધમાં નવ અને બીજામાં સોળ સમજવાં તથા નિશીથનાં ત્રણ મળી અઠ્ઠાવીશ. તથા પાપના કારણભૂત ઓગણત્રીશ પ્રકારનું શ્રુત તે પાપશ્રુત અને તેના પ્રસંગો એટલે સેવા (આચરણ) તે પાપશ્રુતપ્રસંગ. તે સેવવા વિગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ. તે ઓગણત્રીશ આ પ્રમાણે છે નિમિત્તશાસ્ત્રનાં આઠ અંગો.

૧-'**દિવ્ય**' - વ્યન્તર આદિ દેવોના અટ્ટહાસ વિગેરેના ફળનું વર્ણન જેમાં હોય, ૨-'**ઉત્પાત**' - રુધિરનો વરસાદ, વિગેરેના ફળનું જેમાં વર્ણન હોય, ૩-'**અન્તરિક્ષ**' - આકાશમાં થતા ગ્રહોના ભેદ વિગેરેના ફળનું જેમાં વર્ણન હોય, ૪-'**ભૌમ**' - ભૂમિકંપ વિગેરે પૃથ્વીના વિકારોનું ફળ વગેરે જણાવનાર જ્ઞાન જેમાં હોય, ૫-'**અંગસ્ફુરણ**' - જમણા, ડાબા આદિ અંગના ફરકવાથી શુભાશુભ ફળનું જ્ઞાન જેમાં હોય તે, ૬-'**સ્વર**' - (ષડ્જ) વિગેરે સ્વરો (અને પક્ષીઓ વિગેરેના સ્વરો)નું

ફળ જણાવનાર, ૭-'**વ્યંજન**' - શરીર ઉપરના મસ, તલ વગેરેનું ફળ જણાવનાર અને ૮-'**લક્ષણ**' - અવયવોની રેખાઓ ઉપરથી તેનું ફળ જણાવનાર. આ નિમિત્ત શાસ્ત્રનાં અંગોનાં દરેકના ત્રણ ત્રણ ભેદો છે.

૧-સૂત્ર - મૂળગ્રંથ, ૨-વૃત્તિ-સૂત્રના વિસ્તૃત અર્થનું સંસ્કૃતમાં નિયમન, અને ૩-વાર્તિક-વૃત્તિના કોઈ કોઈ ભાગનું વધારે સ્પષ્ટીકરણ, આઠને ત્રણ ભેદ વડે ગુણવાથી ચોવીશ ભેદ થાય, તથા ૨૫-સંગીતશાસ્ત્ર, ૨૬-નૃત્યશાસ્ત્ર, ૨૭-વાસ્તુવિદ્યા (શિલ્પશાસ્ત્ર), ૨૮-વૈદ્યકી શાસ્ત્ર અને ૨૯-ધનુર્વેદ (શસ્ત્રવિદ્યા જણાવનાર) શાસ્ત્ર, અંગવિજ્જા નામના પયન્ના સૂત્રમાં તો નિમિત્તનાં આઠ અંગો આ પ્રમાણે કહ્યાં છે. ૧-અંગ, ૨-સ્વપ્ન, ૩-સ્વર, ૪-વ્યંજન, ૫-ભૌમ, ૬-લક્ષણ, ૭-ઉત્પાત અને ૮-અન્તરિક્ષ, અર્થાત્ દિવ્યને બદલે સ્વપ્નશાસ્ત્ર કહેલું છે એટલો તફાવત છે.)

તીસાએ મોહણીયઠાણેહિં।

શબ્દાર્થ :

તીસાએ-ત્રીશ પ્રકારનાં
મોહણીય-મોહનીય કર્મના બંધ કરાવનાર
ઠાણેહિં-સ્થાનો સેવવા વડે

મોહનીય કર્મ બંધાવે તેવાં ત્રીશ સ્થાનો (નિમિત્તો) સેવવા વડે લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ થાય છે.

વ્યાખ્યા: મોહનીય કર્મ બાંધવાનાં ત્રીશ કારણો આ પ્રમાણે છે. ૧-ક્રૂરતાથી પાણીમાં ડૂબાડી સ્ત્રી વિગેરે જીવોને હણવા, ૨-હાથથી કે કપડાં વિગેરેથી બીજાનું મુખ બંધ કરીને (ડૂચો દઈને, ગળે ટુંપો દઈને કે એવી ક્રૂરતા કરીને) નિર્દયપણે મારી નાખવો, ૩-રોષથી ચામડાની લીલી વાધર વિગેરેથી મસ્તક વીંટીને જીવોને મારી નાખવા, ૪-ક્રૂરતાથી મસ્તકે મોગર-હથોડો-ઘણ વિગેરે

મારીને માથું વિગેરે ફોડીને મારી નાખવા, ૫-સંસાર સમુદ્રમાં ડૂબતા પ્રાણીઓનું રક્ષણ કરવામાં સમર્થ ધર્મના નાયક (ગણધર-આચાર્ય વિગેરે)ને હણવા, ૬-છતે સામર્થ્યે ઘોર (કઠોર) પરિણામથી ગ્લાનની ઔષધ આદિ સેવા નહિ કરવી, ૭-સાધુને (કે દીક્ષા લેવા ઈચ્છનાર ગૃહસ્થને) બલાત્કારે ધર્મભ્રષ્ટ કરે (કે દીક્ષા લેતાં રોકે), ૮-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની વિપરીત પ્રરૂપણા અને સાધુ કે ધર્મસાધનોની નિંદા વિગેરે કરીને તેના ઉપર બીજાઓને અરુચિ-અસદ્ભાવ પ્રગટ કરવા દ્વારા સ્વ-પરનો અપકાર કરે અર્થાત્ લોકોને જૈનશાસનના દ્વેષી બનાવે, ૯-કેવળજ્ઞાન છે જ નહિ, અથવા કોઈ કેવળી બને જ નહિ, વિગેરે તીર્થંકરોની કે કેવળજ્ઞાનીઓની નિંદા કરે, ૧૦-આચાર્ય, ઉપાધ્યાય, સાધુવર્ગ વિગેરેની (તેઓની જાતિ, જ્ઞાન વિગેરેની) નિંદા કરે, ૧૧-જ્ઞાનદાન વિગેરેથી ઉપકાર કરતા

પોતાના ઉપકારી આચાર્ય-ઉપાધ્યાય-ગુરૂ આદિની સેવા વૈયાવચ્ચ ન કરે, ૧૨-વારંવાર નિમિત્ત કથન કરવા આદિ દ્વારા અધિકરણ (આહાર-ઉપધિ આદિ) મેળવે, ૧૩-તીર્થનો ભેદ (કુસંપ) કરાવે, ૧૪-વશીકરણ આદિ ક્રિયાઓ કરી જીવોને દુઃખમાં પાડે, ૧૫-દીક્ષા લીધા છતાં ત્યાગ કરેલા ભોગોની ઈચ્છા કરે, ૧૬-પોતે બહુશ્રુત ન હોવા છતાં પોતાને વારંવાર બહુશ્રુત કહેવડાવે તથા તપ ન કરવા છતાં પોતાને તપસ્વી તરીકે જાહેર કરે, ૧૭-ઘણા જીવોને અગ્નિના ધૂમાડામાં ગુંગળાવીને મારી નાખે અથવા ગામ, ઘર વિગેરે સળગાવે, ૧૮-પોતે પાપકર્મ કરીને બીજાને શિરે ચઢાવે, ૧૯-પોતાની ઉપધિપાત્ર વિગેરેને કપટથી છૂપાવે (પોતાના અસદ્ આચરણને કપટથી છૂપાવી બીજાઓને ઠગે, પોતાને સદાચારીમાં ગણાવે) ૨૦-અસદ્‌ભાવથી સભામાં સત્ય બોલનારને પણ જૂઠ્ઠો ઠરાવે, ૨૧-

નિત્ય કલહ કરે, ૨૨-બીજાને વિશ્વાસ ઉત્પન્ન કરીને (અટવી વિગેરેમાં લઈ જઈને) તેનું ધન વિગેરે લૂંટી લે, ૨૩- એ જ રીતે પરને વિશ્વાસ પમાડીને તેની સ્ત્રીને લોભાવે-લલચાવે (વશ કરે), ૨૪-પોતે કુમાર નહિ છતાં બીજાની આગળ પોતાને કુમાર તરીકે જણાવે, ૨૫-એજ રીતે બ્રહ્મચારી નહિ છતાં પોતાને બ્રહ્મચારી જણાવે, ૨૬-જેની સહાયથી પોતે ધનાઢ્ય થયો હોય તેના ધનો લોભ કરે, ૨૭-જેના પ્રભાવથી પોતે લોકમાં પ્રસિદ્ધ (યશસ્વી) થયો હોય તેને જ કોઈ રીતે દુઃખી કરે, ૨૮-રાજા, સેનાપતિ, મંત્રી, રાષ્ટ્રચિંતક આદિ ઘણા જીવોના નાયકને હણે, ૨૯-કપટથી નહિ જોવા છતાં 'હું દેવોને દેખું છું' એમ કહી લોકોમાં પોતાના પ્રભાવને વધારે, ૩૦-દેવોની અવજ્ઞા કરે, અર્થાત વિષયથી અંધ દેવોનું શું પ્રયોજન છે? હું જ દેવ છું, એમ બીજાઓને જણાવે, (આ ત્રીશ પ્રકારોથી સામાન્યથી દરેક

કર્મનું 'મોહ' એવું નામ આપેલું હોવાથી સામાન્યતયા આઠે ય કર્મોને અને વિશેષતયા મોહનીય કર્મને જીવ બાંધે છે, તે મહામોહને પેદા કરનારાં, સાધુઓને જેનો પક્ષપાત થવો સંભવિત છે, એવાં ત્રીશ સ્થાનકો પૈકી કોઈ સેવવાથી, કોઈ સેવરાવવાથી અને કોઈ સેવવાની મનમાં ઈચ્છા કરવાથી, જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ.

**ઈગતીસાએ સિદ્ધાઈગુણેહિં । બત્તીસાએ જોગસંગહેહિં ।।**

**શબ્દાર્થ :**

**ઈગતીઆએ**-એકત્રીશ પ્રકારનાં

**સિધ્ધાઈગુણેહિં**-સિદ્ધના આદિ ગુણો વડે

**બત્તીસાએ**-બત્રીશ પ્રકારના

**જોગસંગહેહિં**-યોગસંગ્રહો વડે

સિદ્ધના આદિ એકત્રીશ ગુણોની વિપરીત

પ્રરૂપણા આદિથી અને બત્રીશ યોગ સંબંધી સંગ્રહમાં પ્રમાદ આદિથી જે અતિચાર લાગ્યા હોય.

**વ્યાખ્યા:** ક્રમશ: નહિ પણ સિદ્ધ અવસ્થાના પ્રારંભની સાથે જ એકી સાથે પ્રગટ થતા હોવાથી તે સિદ્ધના આદિ ગુણો કહેવાય છે. એકત્રીશ સિદ્ધાદિ ગુણોના વિષયમાં અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા, અબહુમાન આદિ કરવાથી જે અતિચાર લાગ્યા હોય તેનું આ સૂત્રથી પ્રતિક્રમણ થાય છે. એકત્રીશ ગુણો આ પ્રમાણે છે-ગોળ, ચોરસ વિગેરે પાંચ સંસ્થાનો (આકારો), શુક્લ આદિ પાંચ વર્ણો, સુરભિ અને દુરભિ બે પ્રકારના ગંધ, મધુર આદિ પાંચ પ્રકારના રસ, તથા ગુરુ, લઘુ આદિ આઠ પ્રકારના સ્પર્શ અને પુરૂષવેદ વિગેરે ત્રણ વેદો આ રીતે ૫+૫+૨+૫+૮+3 = ૨૮ વસ્તુના અભાવરૂપ અઠ્ઠાવીશ ગુણ તથા અશરીરીપણું ૨૯, અસંગપણું ૩૦, અને જન્મરહિતપણું ૩૧. આ રીતે ૩૧ ગુણો સિદ્ધમાં હોય છે અથવા

જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોના ક્ષયરૂપ એકત્રીશ ગુણો આ પ્રમાણે-પાંચ પ્રકારે જ્ઞાનાવરણીય, નવ પ્રકારે દર્શનાવરણીય, બે પ્રકારે વેદનીય, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ બે પ્રકારે મોહનીય, ચાર પ્રકારે આયુષ્ય, શુભ અને અશુભ એમ બે પ્રકારે નામકર્મ, બે પ્રકારે ગોત્રકર્મ અને પાંચ પ્રકારે અંતરાય કર્મ, એ રીતે એકત્રીશ પ્રકારના કર્મનો ક્ષય થવા સ્વરૂપ એકત્રીશ સિદ્ધાદિગુણો જાણવા. તથા મન-વચન-કાયાના પ્રશસ્ત (શુભ) યોગોના સંગ્રહ માટે નિમિત્તભૂત 'આલોચના' વિગેરે યોગસંગ્રહના બત્રીશ પ્રકારો છે. તે બાબતમાં જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ આ સૂત્રથી થાય છે. તે પ્રકારો આ પ્રમાણે છે. ૧-શિષ્યે વિધિપૂર્વક આચાર્યને આલોચના આપવી (પોતાના અપરાધો કપટરહિતપણે-સરળતાપૂર્વક ગુરુને યથાર્થપણે કહી સંભળાવવા), ૨-આચાર્યે પણ શિષ્યે કહેલી

આલોચના (અપરાધ) બીજાને નહિ જણાવવા, ૩–આપત્તિના પ્રસંગોમાં (દ્રવ્યાદિ ઉપસર્ગોમાં) પણ ધર્મમાં દૃઢતા કેળવવી, ૪–આલોક–પરલોકના સુખની અપેક્ષા વિના ઉપધાન (વિવિધ તપ) કરવાં, ૫–ગ્રહણ અને આસેવનરૂપ બે પ્રકારની શિક્ષાનું સેવન કરવું, (વિધિપૂર્વક જ્ઞાન ભણવું અને ક્રિયામાં પ્રમાદ ન કરતાં વિધિપૂર્વક પ્રવૃત્તિ કરવી), ૬–શરીરનું પ્રતિકર્મ (શુશ્રૂષા–શોભા વિગેરે) ન કરવું, ૭–બીજો જાણે નહિ તેમ ગુપ્ત રીતે તપ કરવો, ૮–લોભનો ત્યાગ કરવો અને નિર્લોભ થવા માટે પ્રયત્ન કરવો, ૯–પરીષહો, ઉપસર્ગો આદિનો જય કરવો, (સમભાવે સહન કરવા અને દુર્ધ્યાન ન કરવું,) ૧૦–સરળતા રાખવી, કુટિલતાનો ત્યાગ કરવો, ૧૧–સમ્યક્ત્વની શુદ્ધિ સાચવવી (દૂષણ આદિ ન સેવવાં), ૧૩–ચિત્તમાં સમાધિ કેળવવી (રાગદ્વેષ આદિ ન કરવા), ૧૪–આચારોનું પાલન કરવું

(દેખાવ માત્ર ન કરતાં સ્વ-પર કલ્યાણ સમજીને પાળવા), ૧૫-વિનીત થવું (વિનય કરવા યોગ્ય દરેકનો વિનય કરવો અને માન ન રાખવું), ૧૬-ધૈર્યવાન થવું (દીનતા કરવી નહિ), ૧૭-સંવેગમાં (એક મોક્ષની જ સાધનામાં) તત્પર રહેવું, ૧૮-માયાનો ત્યાગ કરવો, ૧૯-દરેક અનુષ્ઠાનોમાં સારી રીતે વિધી સાચવવી, ૨૦-સંવર કરવો. (નવા કર્મબંધને બને તેટલો અટકાવવો), ૨૧-આત્માના દોષોનો ઉપસંહાર (ઘટાડો) કરવો, ૨૨-સર્વ પૌદ્‌ગલિક ઇચ્છાઓમાં વિરાગની (ત્યાગની) ભાવના કેળવવી, ૨૩-મૂળગુણોને અંગે (ચરણસિત્તરીમાં) વિશેષ પચ્ચક્‌ખાણ કરવાં, ૨૪-ઉત્તરગુણોને અંગે (કરણસિત્તરીમાં) સવિશેષ પચ્ચક્‌ખાણ કરવાં, ૨૫-દ્રવ્ય અને ભાવ બન્ને પરિગ્રહનો વ્યુત્સર્ગ (વિવિધ પ્રકારે ત્યાગ) કરવો, (દ્રવ્યથી બાહ્ય ઉપાધિ આદિનો અને ભાવથી અંતરંગ રાગદ્વેષ આદિનો ત્યાગ કરવો,

પક્ષ ત્યજવો), ૨૬-અપ્રમત્ત ભાવ કેળવવો, ૨૭-ક્ષણે ક્ષણે સાધુસામાચારીનું રક્ષણ-પાલન કરવું, ૨૮-શુભધ્યાનરૂપ સંવરયોગ સેવવો, ૨૯-પ્રાણાન્ત વેદનાના ઉદયે પણ મનમાં (ધર્મમાં) ક્ષોભ ન કરવો, ૩૦-પૌદ્‌ગલિક -સંબંધોનું સ્વરૂપ સમજવું અને તેનો ત્યાગ કરવા માટે સવિશેષ પચ્ચક્‌ખાણ કરવાં, ૩૧-અપરાધોનું પ્રાયશ્ચિત કરવું અને ૩૨-અંતકાલે આરાધના (સંલેખના) કરવી. આ પ્રમાણે બત્રીશ યોગસંગ્રહનું પાલન-સેવન ન કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ.

**તિત્તીસાએ આસાયણાહિં-૧-અરિહંતાણં આસાયણાએ, ૨-સિદ્ધાણં આસાયણાએ, ૩-આયરિયાણં આસાયણાએ, ૪-ઉવજ્ઝાયાણં આસાયણાએ, ૫-સાહૂણં આસાયણાએ, ૬-સાહુણીણં આસાયણાએ, ૭-સાવયાણં આસાયણાએ, ૮-સાવિયાણં આસાયણાએ, ૯-દેવાણં આસાયણાએ, ૧૦-દેવીણં**

આસાયણાએ, ૧૧-ઈહલોગસ્સ આસાયણાએ, ૧૨-પરલોગસ્સ આસાયણાએ, ૧૩-કેવલિપન્નત્તસ્સ ધમ્મસ્સ આસાયણાએ, ૧૪-સદેવમણુઆસુરસ્સ લોગસ્સ આસાયણાએ, ૧૫-સવ્વપાણ-ભૂઅ-જીવસત્તાણં આસાયણાએ, ૧૬-કાલસ્સ આસાયણાએ, ૧૭-સુઅસ્સ આસાયણાએ, ૧૮-સુઅદેવયાએ આસાયણાએ, ૧૯-વાયણાયરિઅસ્સ આસાયણાએ, ૨૦-જં વાઈદ્ધં, ૨૧-વચ્ચામેલિઅં, ૨૨-હીણક્ખરં, ૨૩-અચ્ચક્ખરં, ૨૪-પયહીણં, ૨૫-વિણયહીણં, ૨૬-ઘોસહીણં, ૨૭-જોગહીણં, ૨૮-સુટ્ઠુ દિન્નં, ૨૯-દુટ્ઠુ પડિચ્છિઅં, ૩૦-અકાલે કઓ સજ્ઝાઓ, ૩૧-કાલે ન કઓ સજ્ઝાઓ, ૩૨-અસજ્ઝાઈએ સજ્ઝાઈઅં, ૩૩-સજ્ઝાઈએ ન સજ્ઝાઈઅં, તસ્સ મિચ્છા મિ દુક્કડં ।।

શબ્દાર્થ :

તિત્તીસાએ-તેત્રીશ પ્રકારની
આસાયણાએ-આશાતનાઓ વડે
અરિહંતાણં-અરિહંતોની
સિદ્ધાણં-સિધ્ધોની
આયરિઆણં-આચાર્યોની
ઉવજ્ઝાયાણં-ઉપાધ્યાયોની
સાહૂણં-સાધુઓની
સાહુણીણં-સાધ્વીઓની
સાવયાણં-શ્રાવકોની
સાવિયાણં-શ્રાવિકાઓની
દેવાણં-દેવોની
દેવીણં-દેવીઓની
ઈહલોગસ્સ-આ લોકની
પરલોગસ્સ-પર લોકની
કેવલિપન્નત્તસ્સ-કેવળી ભગવંતે પ્રરૂપેલા
ધમ્મસ્સ-ધર્મની

સદેવમણુઆસુરસ્સ-દેવ, મનુષ્ય અને અસુર સહિત
લોગસ્સ-ત્રણે લોકની
સવ્વ-સર્વ
પાણા-પ્રાણા - બે ઇંદ્રિયાદિકજીવો
ભૂઅ-ભૂત - વનસ્પતિકાય
જીવ-પંચેન્દ્રિય જીવો
સત્તાણં-બાકીના એકેંદ્રિયાદિક સર્વ જીવોની
કાલસ્સ-કાળની
સુયસ્સ-શ્રુતજ્ઞાનની
સુયદેવયાએ-શ્રુતદેવતાની
વાયણાયરિઅસ્સ-વાચનાચાર્યની
જં-જે
વાઈધ્ધં-વ્યાવિદ્ધં એટલે ઉતાવળથી બોલવું અથવા રત્નમાળા વિગેરેની જેમ વિપરીત કહેવું
વચ્ચામેલિઅં-બીજા આલાવા મેળવીને બોલવું
હીણક્ખરં-હીન અક્ષરપૂર્વક બોલવું

અચ્ચક્ખરં-હોય તે કરતાં વધારે અક્ષર બોલવા
પયહીણં-એક બે પદ ઓછા બોલવાં
વિણયહીણં-વિનય વિના ભણવું
જોગહીણં-યોગ વહન કર્યા સિવાય ભણવું
ઘોસહીણં-ઉદાત્ત આદિ ઘોષ (ઉચ્ચાર) રહિત ભણવું
સુટ્ઠુ દિન્નં-ગુરુએ સારી રીતે આપ્યું હોય છતાં
દુટ્ઠુ પડિચ્છિઅં-અયોગ્ય રીતિએ સ્વીકાર્યું હોય
અકાલે-નિષિદ્ધ સમયે
કઓ-કર્યો હોય
સજ્ઝાઓ-સ્વાધ્યાય
કાલે-વિહિત સમયે
ન કઓ સજ્ઝાઓ-સ્વાધ્યાય ન કર્યો હોય
અસજ્ઝાઈએ-સ્વાધ્યાય ન કરવાનાં નિમિત્તો છતાં
સજ્ઝાઈઅં-સ્વાધ્યાય કર્યો હોય
સજ્ઝાઈએ-સ્વાધ્યાય કરવાના નિર્દોષ સમયે
ન સજ્ઝાઈઅં-સ્વાધ્યાય ન કર્યો હોય

**તસ્સ**-તે અતિચારનું
**મિચ્છા**-મિથ્યા
**મિ**-મારું
**દુક્કડં**-દુષ્કૃત (મિથ્યા થાઓ)
**વ્યાખ્યા :** ૧-અરિહંત, ૨-સિધ્ધ, ૩-આચાર્ય, ૪-ઉપાધ્યાય, ૫-સાધુ, ૬-સાધ્વી, ૭-શ્રાવક, ૮-શ્રાવિકા, ૯-દેવ, ૧૦-દેવી, ૧૧-આ લોક, ૧૨-પરલોક, ૧૩-કેવળીપ્રરૂપિત ધર્મ, ૧૪-દેવ, મનુષ્ય અને અસુરસહિત ત્રણલોક, ૧૫-સર્વ બેઇંદ્રિય, વનસ્પતિકાય, પંચેંદ્રિય અને એકેંદ્રિય આદિ જીવો (પ્રાણ, ભૂત, જીવ અને સત્વ), ૧૬-કાળ, ૧૭-શ્રુતજ્ઞાન, ૧૮-શ્રુતદેવતા, ૧૯-વાચનાચાર્ય, ૨૦-વ્યાવિધ્ધ, ૨૧-વ્યત્યામ્રેડિત, ૨૨-હીનાક્ષર, ૨૩-અત્યક્ષર, ૨૪-પદહીન, ૨૫-વિનયહીન, ૨૬-યોગહીન, ૨૭-ઘોષહીન, ૨૮-સારી રીતે અપાયેલ (શ્રુતજ્ઞાન), ૨૯-દુષ્ટ રીતે સ્વીકારેલ, ૩૦-અકાળે સ્વાધ્યાય કર્યો હોય, ૩૧-કાળે

સ્વાધ્યાય ન કર્યો હોય, ૩૨-અસજ્ઝાય વખતે સ્વાધ્યાય કર્યો હોય, ૩૩-સ્વાધ્યાય કરવાના સમયે સ્વાધ્યાય નકર્યો હોય. આ રીતે એટલે કે અરિહંત આદિની આશાતના કરવાથી તથા વિધિ મુજબ શ્રુતજ્ઞાન ન ભણવાથી જે તેત્રીશ આશાતનાઓ થઈ હોય તે સંબંધી મારું પાપ મિથ્યા થાઓ.

**તિત્તીસાએ આસાયણાહિ**-ગુરુવંદનના અધિકારમાં આવતી ગુરૂની તેત્રીશ આશાતનાઓ વડે અથવા અહિં જ આગળ સાક્ષાત્ કહેવાતી આશાતનાઓ દ્વારા લાગેલા અતિચારનું પ્રતિક્રમણ૦ અરિહંતથી માંડીને વાચનાચાર્ય સુધીના ઓગણીશ પદોની ઓગણીશ આશાતનાઓ તથા 'વ્યાવિદ્ધ' પદથી માંડીને છેલ્લે 'સ્વાધ્યાયકાળે સ્વાધ્યાય ન કર્યો' ત્યાં સુધીની શ્રુતજ્ઞાન સંબંધી ચૌદ મળીને તેત્રીશ આશાતના આ પ્રમાણે સમજવી-

**૧-અરિહંતાણં આસાયણાએ**-અરિહંતો નથી, અથવા તે જાણવા છતાં ભોગોને કેમ ભોગવે? વિગેરે અવર્ણવાદ બોલવાથી કરેલી અરિહંતની આશાતના દ્વારા, **૨-સિદ્ધાણં આસાયણાએ**-સિદ્ધ કોઈ થયા જ નથી, અથવા સિદ્ધો આપણા ઉપર શું ઉપકાર કરે છે? વિગેરે અવર્ણવાદ બોલવાથી કરેલી સિદ્ધોની આશાતના દ્વારા, ૩-**આયરિયાણં આસાયણાએ, ૪-ઉવજ્ઝાયાણં આસાયણાએ**, આચાર્ય તથા ઉપાધ્યાયના વિષયમાં આ તો મારાથી નાના છે, કુળવાન નથી. દુર્બુધ્ધિ છે, અલ્પ શક્તિવાળા છે, વિગેરે અવર્ણવાદ બોલવાથી કરેલી તેમની આશાતના દ્વારા, **૫-સાહૂણં આસાયણાએ, ૬-સાહૂણીણં આસાયણાએ**-ભોજન, વાચના વિગેરે પ્રસંગે 'આ તો અવસરને ઓળખતા નથી, પ્રમાદી છે' વિગેરે અવર્ણવાદ બોલવાથી તથા અપમાન વિગેરે કરવાથી થયેલી સાધુ-સાધ્વીઓની આશાતના

દ્વારા, **૭-સાવયાણં આસાયણાએ**, **૮-સાવિયાણં આસાયણાએ**-શ્રાવક તથા શ્રાવિકાને અંગે પણ, 'જિનધર્મને જાણવા છતાં (વિરતિ ચારિત્ર) નહિ લેનાર શ્રાવક-શ્રાવિકાઓને ધન્ય (ભાગ્યવાન) કેમ કહેવાય?' વિગેરે બોલવાથી કરેલી આશાતના દ્વારા, **૯-દેવાણં આસાયણાએ**, **૧૦-દેવીણં આસાયણાએ**-દેવો તથા દેવીઓને અંગે પણ 'એ તો અવિરતિ છે, કામભોગમાં આસક્ત છે, સામર્થ્ય છતાં તીર્થની-શાસનની પ્રભાવના કરતા નથી,' વિગેરે બોલવાથી કરેલી આશાતના દ્વારા, **૧૧-ઈહલોગસ્સ આસાયણાએ**, **૧૨-પરલોગસ્સ આસાયણાએ**-અહિં મનુષ્યને મનુષ્યપણું વિગેરે સમાનતા તે આ લોક, અને મનુષ્યને દેવપણું વિગેરે અસમાનતા તે પરલોક જાણવો, તેને અંગે અસત્ય પ્રરૂપણા આદિ કરવાથી કરેલી આશાતના દ્વારા, **૧૩-કેવલિ પન્નત્તસ્સ ધમ્મસ્સ આસાયણાએ**-

કેવળજ્ઞાનીઓએ કહેલા શ્રુતચારિત્ર (જ્ઞાન-ક્રિયા) રૂપ ધર્મની આશાતના, જેમકે 'આગમ પ્રાકૃત ભાષામાં રચેલું છે, તે કોણ જાણે છે કે કોણે રચેલું છે ?' વિગેરે શ્રુતને અંગે, તથા 'જેમાં દાન દેવાનું નથી તે ચારિત્રથી શું કલ્યાણ થાય' વિગેરે ચારિત્રને અંગે અસત્ય અવર્ણવાદ બોલવાથી કરેલી આશાતના દ્વારા, **૧૪-સદેવમણુઆસુરસ્સ લોગસ્સ આસાયણાએ**-અહિં દેવથી ઉર્ધ્વલોક, મનુષ્યથી તિર્છાલોક અને અસુરશબ્દથી અધોલોક એમ ત્રણ લોક (રૂપ ચૌદ રાજ) ને અંગે 'સાતદ્વીપ અને સાત સમુદ્ર જેટલો જ લાગે છે બ્રહ્માએ ઉત્પન્ન કરેલ છે, અથવા પ્રકૃતિ અને પુરુષના યોગથી થયેલ છે, વિગેરે અસત્ય પ્રરૂપણા આદિના યોગે થયેલી આશાતના દ્વારા, **૧૫-સવ્વપાણભૂઅજીવસત્તાણં આસાયણાએ**-અહિં 'પ્રાણ' એટલે બેઈંદ્રિય આદિ પ્રગટ શ્વાસોચ્છ્વાસવાળા થએલા થતા કે થનારા જીવો,

'ભૂત' એટલે પૃથ્વી, પાણી વિગેરે પાંચ પ્રકારના સ્થાવર જીવો. 'જીવ' એટલે 'જીવે તે જીવો' અર્થાત્ આયુષ્યને ભોગવતા સર્વ જીવો અને 'સત્ત્વ' એટલે સંસારી-અસંસારી (સિદ્ધ) વિગેરે સર્વ જીવો. આમ જૂદો જૂદો અર્થ કરવો અથવા જૂદા જૂદા દેશના શિષ્યોને સમજવા માટે જૂદા જૂદા શબ્દો હોવા છતાં દરેકનો 'સર્વ જીવો' એમ એક જ અર્થ સમજવો; તેઓની તેમના સ્વરૂપથી વિપરીત પ્રરૂપણા (અશ્રદ્ધા) આદિ કરવાથી થયેલી આશાતના દ્વારા; તે વિપરીત પ્રરૂપણા વિગેરે આ રીતે જેમકે, બે ઇંદ્રિય વિગેરે જીવો માત્ર અંગુઠાના પર્વ (વેઢા) જેવડા જ છે. પૃથ્વી આદિમાં તો હાલવું-ચાલવું વિગેરે ચૈતન્ય ક્રિયા દેખાતી નથી માટે તે જીવો નથી. જીવો તો ક્ષણિક છે. સંસારી જીવો તો માત્ર અંગુઠાના પર્વ જેવડા જ છે, સંસારથી પાર પામેલા કોઈ છે જ નહિ. મોક્ષ તો બુઝાયેલા દીપક સરખો અભાવરૂપ છે' વિગારે કોઈ કોઈ દર્શનવાળાનાં જે

મન્તવ્યો છે તે અસત્ય પ્રરૂપણા સમજવી. ૧૬-**કાલસ્સ આસાયણાએ**-કાળ દ્રવ્યને ન માને, કાળ છે જ નહિ અથવા જગત કાળની પરિણતિરૂપ છે, ઈત્યાદિ કાળની વિપરીત પ્રરૂપણા કે અશ્રદ્ધા આદિ કરવાથી કરેલી આશાતના દ્વારા, જેમ કે-માંદાને વળી કાળ-અકાળ ક્યો? મેલાં વસ્ત્રો ધોવામાં વળી કાળ-અકાળ કેવો? જો જ્ઞાન મોક્ષનું સાધન છે તો તેને માટે 'આ કાળ અને આ અકાળ' વિગેરે શા માટે? તથા **૧૭-સુઅસ્સ આસાયણાએ**-શ્રુત એટલે જ્ઞાન, જ્ઞાનાચારને અંગે વિપરીત બોલે, 'આગમમાં જ્યાં ત્યાં તે જ છ કાયનું' તે જ વ્રતોનું, વિગેરે વારંવાર એક જ વિષયનું વર્ણન કરી પુનરુક્તિ દોષ કર્યો છે.' સાધુને વળી જ્યોતિષની શી જરૂર હતી કે **'જ્યોતિષપ્રાભૃત'** વિગેરે ગ્રંથો રચ્યા હશે? વિગેરે શાસ્ત્રોનો અવર્ણવાદ બોલે, ઈત્યાદિ આશાતના દ્વારા, તેરમી આશાતના શ્રુતધર્મને

અંગે કહી અને આ સ્વતંત્ર શ્રુતને અંગે જ કહી, માટે પુનરૂક્તિ દોષ નથી. **૧૮–સુઅદેવયાએ આસાયણાએ**–'શ્રુતદેવી છે જ નહિ; અથવા તેનામાં સારું ખોટું કરવાની કશી જ શક્તિ નથી' વિગેરે વિપરીત બોલવા રૂપ આશાતના દ્વારા, **૧૯–વાયણાયરિયસ્સ આસાયણાએ**–વાચનાચાર્યને અંગે– 'તેઓ સામાના સુખ–દુઃખનો ખ્યાલ કર્યા વિના વારંવાર ઘણાં વંદન દેવરાવે છે' ઈત્યાદિ સદ્ભાવરહિત વચન બોલવા વિગેરેથી કરેલી આશાતના દ્વારા, એમ ઓગણીશ આશાતના કહી. હવે પછીના '**જં વાઈદ્ધં**' વિગેરે ૧૪ પદો શ્રુતને અંગે ક્રિયા અને કાળ વિષયક હોવાથી પુનરુક્ત દોષ સમજવો નહિ. તે આ પ્રમાણે છે. **૨૦–જં વાઈદ્ધં**–સૂત્ર આદિમાં જે અસ્તોવ્યસ્ત કર્યું, માળામાં જેમ નાનાં–મોટાં રત્નો ક્રમ વિના આડાં અવળાં પરોવે તેમ શ્રુતમાં પણ ક્રમ વિગેરે સાચવે નહિ, ઉચ્ચાર યથાર્થ કરે નહિ, ઈત્યાદિ

આશાતના દ્વારા જે અતિચાર કર્યો હોય તેનું પ્રતિક્રમણ૦ એમ આગળ પણ વાક્યસંબંધ કરવો. **૨૧-વચ્ચામેલિઅં**-જ્યાંથી ત્યાંથી વસ્તુ લાવીને બનાવેલી કોળીની ક્ષીરની જેમ જૂદા જૂદા શાસ્ત્રોના પાઠો (અંશો) મેળવીને મૂળ શાસ્ત્રને સ્વરૂપથી બદલી નાખવા રૂપ આશાતના દ્વારા, **૨૨-હીણક્ખરં**-અક્ષર ન્યૂન કરવા રૂપ આશાતના દ્વારા, **૨૩-અચ્ચક્ખરં** -અક્ષર વધારવા રૂપ આશાતના દ્વારા, **૨૪-પયહીણં**- પદ ઘટાડવા રૂપ આશાતના દ્વારા, **૨૫-વિણયહીણં**-જ્ઞાન જ્ઞાનીનો ઉચિત વિનય નહિ કરવા રૂપ આશાતના દ્વારા, **૨૬-ઘોસહીણં**-ઉદાત્ત, અનુદાત્ત વિગેરે તે તે વર્ણનો ઘોષ (ઉચ્ચારો) યથાર્થ નહિ કરવા રૂપ આશાતના દ્વારા, **૨૭-જોગહીણં**-વિધિપૂર્વક યોગોદ્વહન નહિ કરવા રૂપ આશાતના દ્વારા, **૨૮-સુટ્ઠુદિન્નં**-'સુષ્ઠુ' શબ્દનો પ્રાચીન ભાષામાં 'અધિક' અર્થ થતો હોવાથી અહીં ગુરૂએ અલ્પ

શ્રુતને યોગ્ય સાધુને 'સુષ્ઠુ' એટલે ઘણું શ્રુત આપ્યું. અર્થાત્ યોગ્યતા રહિતને વધારે ભણાવવા રૂપ આશાતના દ્વારા, ૨૯-**દુટ્ઠુ પડિચ્છિઅં**-શિષ્યે કલુષિત ચિત્તે સૂત્રાદિ ગ્રહણ કરવા (ભણવા) રૂપ આશાતના દ્વારા, ૩૦-**અકાલે કઓ સજ્ઝાઓ**, **૩૧-કાલે ન કઓ સજ્ઝાઓ**-સ્વાધ્યાય માટે નિષિદ્ધ સમયે સ્વાધ્યાય કર્યો અને અનિષિદ્ધ સમયે સ્વાધ્યાય ન કર્યો, એમ ઉભય રીતે આશાતના દ્વારા, ૩૨-**અસજ્ઝાઈએ સજ્ઝાઈઅં**, **૩૩-સજ્ઝાઈએ ન સજ્ઝાઈઅં** -અહિં 'સ્વાધ્યાય એ જ' અર્થમાં વ્યાકરણના નિયમ પ્રમાણે સ્વાર્થમાં પ્રત્યય આવતાં સ્વાધ્યાયિક અને સ્વાધ્યાયિક નહિ તે અસ્વાધ્યાયિક એવા શબ્દો બને છે. દશ પ્રકારની આકાશની અસજ્ઝાય આ પ્રમાણે છે - ઉલ્કાપાત ૧. દિગ્દાહ ૨. વિજળી ૩. ગર્જના ૪. વ્યંતરાદિ દેવકૃત મોટી ગર્જના ૫. સંધ્યાપ્રભા-સુદિ એકમના રોજ કોઈ વાર ચંદ્રની અને સંધ્યાની બન્ને

પ્રભા એકઠી થતી હોય ૬. આકાશમાં અગ્નિદાહ જેવો ઉદ્યોત દેખાતો હોય, ૭. ધુંવાડ (ધુમ્મસ) પડતી હોય, ૮. હિમ વિગેરે પડતું હોય, ૯. તથા રજોવૃષ્ટિ થતી હોય ૧૦. આમાંનો કોઈપણ ઉપદ્રવ થતો હોય તો તે દિવસે સ્વાધ્યાય થાય નહિં (વર્ષાઋતુમાં એટલે આર્દ્રા નક્ષત્રથી આરંભી સ્વાતિ નક્ષત્ર સુધી વીજળી, ગર્જના અને વાદળાં થતાં હોય તથા નક્ષત્ર, તારાઓ દેખાતા ન હોય તો પણ અસજ્ઝાય નથી.) ચૈત્ર તથા આસો માસમાં સુદ પાંચમથી આરંભી વદ એકમ સુધી બાર દિવસની અસજ્ઝાય છે. કોઈ ગ્રંથમાં ભાદરવા વદિ એકમની પણ અસજ્ઝાય કહેલી છે. આષાઢ અને કાર્તિક ચોમાસીની સુદ ચૌદશના મધ્યાહ્ન કાળથી આરંભી વદ એકમના અંત સુધી અઢી દિવસની અસજ્ઝાય છે. (તે દિવસે પાક્ષિક સૂત્ર કહેવામાં અસજ્ઝાય
છે. (તે દિવસે પાક્ષિક સૂત્ર કહેવામાં અસજ્ઝાય
નથી.) અને ફાલ્ગુન ચોમાસામાં હોળી પ્રગટ કરે

ત્યારથી રજ ઉડી રહે (ધુલેટી પૂર્વ) સુધી અસજ્ઝાય છે. દીવાળીને દિવસે પ્રભાતકાળે લોકો સુપડા વિગેરે વગાડે છે ને અળશ કાઢે છે તે વખતે અસજ્જાય છે. વળી દશ પ્રકારની ઔદારિક શરીરની અસજ્ઝાય આ પ્રમાણે છે. અસ્થિર ૧, માંસ ૨, રુધિર ૩, તથા મૂત્ર-પુરીષાદિક અશુચિ પદાર્થ સમીપમાં પડયો હોય તો ૪-અસજ્ઝાય. ચંદ્ર કે સૂર્યનું ગ્રહણ જેટલો વખત રહે તેટલો વખત અસજ્ઝાય; પણ જો તે ઘેરાએલો જ અસ્ત પામે તો ફરી તેનો ઉદય થાય ત્યાં સુધી અસજ્ઝાય છે. ૫. રાજા, પ્રધાન, સેનાપતિ, ગામનો નાયક વિગેરેનું મરણ જે દિવસે થાય તે દિવસે અસજ્ઝાય. ૬. રાજાઓનું પરસ્પર યુદ્ધ થતું હોય તો તેટલા દિવસ અસજઝાય. ૭. પુરૂષ, સ્ત્રી કે મલ્લ આદિકનું યુધ્ધ થતું હોય તો તેટલો વખત અસજઝાય. ૮. સ્ત્રીને ઋતુ પ્રાપ્ત થાય ત્યારથી આરંભીને ચોવીશ પ્રહર સુધી અસજઝાય. ૯.

મનુષ્યાદિકનું શરીર વગેરેની સો હાથ સુધી તથા પશુ-પક્ષી વિગેરેનું કલેવર, દાંત, અસ્થિ વિગેરેની સાઠ હાથ સુધીમાં પડ્યું હોય તો તેને દૂર લઈ જઈ પરઠવે નહીં, ત્યાં સુધી અસજ્ઝાય છે. ૧૦. તથા શરીર જ્યાં સુધી અપવિત્ર હોય ત્યાં સુધી અસજ્ઝાય છે. વિગેરે અસજ્ઝાયનો વિચાર આવશ્યક નિર્યુક્તિમાં તથા નિશીથસૂત્રના ઓગણીશમા ઉદ્દેશામાં આપ્યો છે ત્યાંથી જાણી લેવો.

આ રીતે અસજ્ઝાયના અવસરે સ્વાધ્યાય ન કર્યો હોય અને સજ્ઝાય કરવાના અવસરે સ્વાધ્યાય ન કર્યો હોય એમ ઉભય રીતે આશાતના દ્વારા જે અતિચાર સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું. એમ સર્વત્ર વાક્ય સંબંધ જોડવો.

એમ એક વિગેરેથી તેત્રીશ સ્થાનો સુધી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ સૂત્રમાં કહ્યું. તે ઉપરાંત

આગળ પણ સમજવું. જેમ કે શ્રીજિનેશ્વરોના ચોત્રીશ અતિશયોમાં અશ્રધ્ધા, વિપરીત પ્રરૂપણા વિગેરથી કરેલી આશાતના દ્વારા, વાણીના પાંત્રીશ ગુણોમાં અશ્રદ્ધા આદિ કરવા દ્વારા, ઉત્તરાધ્યયનના છત્રીશ અધ્યયનોમાં અશ્રધ્ધાદિ કરવા રૂપ આશાતના દ્વારા યાવત્ 'સો તારાયુક્ત શતભિષા' નક્ષત્ર હોય છે ત્યાં સુધી સમવાયાંગ સૂત્રમાં કહેલા તે તે પ્રકારોને અંગે તે તે પ્રકારની આશાતનાનું પ્રતિક્રમણ જાણવું.

આ પ્રમાણે અતિચારોની વિશુદ્ધિ કરીને આ પ્રમાણે નમસ્કાર કરે, અથવા પૂર્વ કરેલી અશુભ સેવનાઓનું (અતિચારોનું) પ્રતિક્રમણ કરીને ફરીથી તેવું નહિ કરવા માટે પ્રતિક્રમણ કરનાર નમસ્કારપૂર્વક કહે છે-

**નમો ચઉવીસાએ તિત્થયરાણં ઉસભાઈ મહાવીર-પજ્જવસાણાણં ।।**

શબ્દાર્થ :

નમો-નમસ્કાર થાઓ

ચઉવીસાએ-ચોવીશ

તિત્થયરાણં-તીર્થંકરોને

ઉસભાઈ-ઋષભદેવ આદિ

મહાવીર-પજ્જવસાણાણં-મહાવીર સ્વામી સુધી

ઋષભદેવ ભગવાનથી માંડીને મહાવીર સ્વામી સુધીના ચોવીશ તીર્થંકર ભગવંતોને નમસ્કાર થાઓ.

વ્યાખ્યા : આ પ્રમાણે ચોવીશ તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરીને પ્રસ્તુત જૈન આગમના ગુણોનું વર્ણન કરે છે.

ઈણામેવ નિગ્ગંથં પાવયણં સચ્ચં અણુત્તરં કેવલિઅં પડિપુણ્ણં નેઆઉઅં સંસુદ્ધં સલ્લગત્તણં સિદ્ધિમગ્ગં મુત્તિમગ્ગં નિજ્જાણમગ્ગં નિવ્વાણમગ્ગં અવિતહમ-વિસંધિ સવ્વદુક્ખપ્પહીણમગ્ગં ।।

શબ્દાર્થ :

ઈણામેવ–આ જ

નિગ્ગંથં–નિર્ગ્રંથ સંબંધી

પાવયણં–પ્રવચન (જૈન આગમ)

સચ્ચં–સત્ય છે.

અણુત્તરં–આનાથી બીજું કોઈ ઉત્તમ નથી

કેવલિઅં–અજોડ (કેવલ એક જ)

પડિપુણ્ણં–સંપૂર્ણ

નેઆઉઅં–ન્યાયયુક્ત

સંસુધ્ધં–સમસ્ત પ્રકારે શુદ્ધ

સલ્લગત્તણં–ત્રણ શલ્યને નાશ કરનારું

સિધ્ધિમગ્ગં–સિદ્ધિના માર્ગરૂપ

મુત્તિમગ્ગં–મુક્તિના માર્ગરૂપ

નિજ્જાણમગ્ગં–નિરૂપમ યાનના માર્ગ રૂપ

નિવ્વાણમગ્ગં–નિર્વાણના માર્ગરૂપ

અવિતહં–વિપરીતપણાથી રહિત

અવિસંધિ–વિચ્છેદરહિત

સવ્વદુક્ખપ્પ-હીણમગ્ગં-સર્વ દુઃખને ક્ષીણ કરનાર માર્ગરૂપ

આ જ નિર્ગ્રંથ સંબંધી પ્રવચન સત્ય છે એટલે કે સત્પુરુષોને હિતકારક છે. આનાથી બીજું કોઈ ઉત્તમ પ્રવચન નથી. કેવળ એટલે અજોડ છે અથવા કેવળી ભગવંતોએ પ્રરૂપેલું છે. પરિપૂર્ણ એટલે મોક્ષને પ્રાપ્ત કરાવનાર ગુણોથી ભરેલું છે. ન્યાયયુક્ત છે. સમસ્ત પ્રકારે શુદ્ધ એટલે કલંકરહિત છે. સંસારના હેતુરૂપ માયાશલ્ય આદિ ત્રણ શલ્યોને કાપનાર છે. સર્વ કર્મક્ષયરૂપ મુક્તિના માર્ગરૂપ છે. નિરુપમ યાન એટલે સિદ્ધશિલાના માર્ગરૂપ છે. નિર્વાણ એટલે આત્યંતિક સુખના માર્ગરૂપ છે. સત્ય એટલે કે વિપરીત-પણાથી રહિત છે. અવિસંધિ એટલે કે મહાવિદેહ ક્ષેત્રમાં નિરંતર હોવાથી વિચ્છેદ રહિત છે. તથા સર્વ દુઃખને ક્ષીણ કરનાર એટલે મોક્ષદાયક છે. (તેવા પ્રવચનને હું સદહું છું.)

**વ્યાખ્યા :** **ઈણમેવ**-સામાયિકથી પ્રત્યાખ્યાન પર્યંતનાં છ આવશ્યકો અથવા આચાર્યની ઝવેરાતની પેટી તુલ્ય બાર અંગોરૂપ **નિગ્ગંથં પાવયણં**-અહિં નૈર્ગ્રંથ એટલે બાહ્ય અને અભ્યંતર ગ્રંથ એટલે પરિગ્રહથી મુક્ત થયેલા નિર્ગ્રંથો એટલે સાધુઓનું 'પ્રાવચન' એટલે જેમાં પ્રકૃષ્ટતયા એટલે વિશેષ રૂપમાં અર્થાત્ વ્યાપકરૂપે જીવ-અજીવ આદિ પદાર્થોનું વર્ણન કરેલું છે તે આગમ. સાધુ જીવનને ઉપકારક એ આગમ કેવું છે તે જણાવે છે. **સચ્ચં**-સજ્જનોને હિતકારી, વળી નય (ન્યાય) દર્શન વગેરે પણ પોતાના વિષયોના નિરૂપણમાં સત્ય છે માટે કહે છે કે-**અણુત્તરં**-જેનાથી ઉત્તર એટલે શ્રેષ્ઠ બીજું કોઈ દર્શન નથી, કારણ કે સમસ્ત પદાર્થોનું એમાં યથાર્થ સ્વરૂપે પ્રતિપાદન કરેલું છે. વળી કોઈ એમ માને કે બીજું પણ કોઈ શાસ્ત્ર આવું હશે માટે કહે છે કે, **કેવલિઅં**-જે કેવળ તે જ કૈવલિક સ્વાર્થમાં પ્રત્યય થયેલ હોવાથી અદ્વિતીય-

જેની બરાબર બીજું કોઈ પ્રવચન નથી એવું. વળી **પડિપુણ્ણં**–સર્વ વિષયોની પ્રરૂપણા કરનાર હોવાથી અથવા સર્વનયો (અપેક્ષાઓ) રૂપ હોવાથી – મોક્ષ પ્રાપ્તિ કરાવનારા ગુણોથી ભરેલું–પરિપૂર્ણ, **નેઆઉઅં**– મોક્ષમાં લઈ જનારું અર્થાત્ મુક્તિ પ્રાપ્ત કરાવનારું અથવા ન્યાયથી યુક્ત (નીતિને સમજાવનારું). વળી કોઈ માને કે એવું પણ એ આગમ અશુદ્ધ હશે ? તેના નિરાકરણ માટે "**સંસુદ્ધ**"–કષ, છેદ અને તાપ એ ત્રણ પરીક્ષાઓથી શુદ્ધ હોવાથી સર્વથા શુદ્ધ. એકાન્તે કલંક (દોષ) વિનાનું, વળી કોઈ માને કે એવું પણ તેના સ્વાભાવે જ કદાચ સંસારના કારણભૂત માયા આદિ શલ્યોને દૂર કરવામાં અસમર્થ હશે. માટે કહે છે–**સલ્લગત્તણં**–ત્રણ શલ્યોને કાપી નાખનારું. હવે પરદર્શનો કે જેઓ સિદ્ધિ આદિને માનતાં નથી, તેઓનું નિરાકરણ કરતાં કહે છે કે–**સિદ્ધિમગ્ગં મુત્તિમગ્ગં**–અહીં

સિદ્ધ થવું (કરવું) તે સિદ્ધિ અર્થાત્ હિતકર ભાવ (અવસ્થા) ની પ્રાપ્તિ તે સિદ્ધિ, તેના માર્ગ રૂપ અને મૂકાવું તે મુક્તિ, અર્થાત્ અહિતકારી કર્મસંબંધથી છૂટા થવું તે મુક્તિ, તેના માર્ગરૂપ, અર્થાત્ આત્માના હિતકારી પદાર્થની પ્રાપ્તિ કરાવવા દ્વારા અને અહિતકારક કર્મના સંબંધને તોડાવવા દ્વારા મોક્ષની સિદ્ધિ કરાવનારું, (અહિં 'માર્ગ:' માર્ગ શબ્દ પુલ્લિંગમાં હોવા છતાં આર્ષપ્રયોગ હોવાથી મૂળસૂત્રમાં નપુંસકલિંગનો પ્રયોગ છે એમ સમજવું.) આ વિશેષણોથી જેઓ એમ માને છે કે 'મુક્ત આત્માઓને કેવળજ્ઞાન આદિ ગુણો હોતા નથી અને તેઓ કર્મોથી યુક્ત હોય છે' તેઓના દુર્નય (અન્યાયી નિરૂપણ) નું નિરાકરણ કર્યું સમજવું.

**નિજ્જાણમગ્ગં-નિર્યાણમાર્ગ:** અહિં યા ધાતુ ઉપરથી બહુલ અર્થમાં 'લ્યુટ્' પ્રત્યય આવવાથી **'યાન'** શબ્દ બને છે. તેનો અર્થ જ્યાં જીવો જાય તે યાન-સ્થાન, નિરૂપમ (શ્રેષ્ઠ) યાન (સ્થાન) માટે

નિર્યાન, અર્થાત ‘ઈષત્પ્રાગભારા’ (સિદ્ધશિલા) નામનું મુક્ત આત્માઓનું સ્થાન, ત્યાં જવાનો માર્ગ, માટે ‘નિર્યાણ માર્ગ.’ આ વિશેષણથી જે કેટલાક દર્શનકારો મુક્ત આત્માઓના સ્થાનને અનિયત જણાવે છે તે દુર્નય (કુવિકલ્પવાળાઓ) ના મતનો પ્રતિકાર કર્યો સમજવો. વળી **નિવ્વાણમગ્ગં**–નિવૃત્તિ (શાન્તિ) તે નિર્વાણ અર્થાત્ સકળ કર્મોના ક્ષયથી પ્રગટ થતું આત્માનું અત્યંત (સંપૂર્ણ–અવિનાશી–શુદ્ધ–નિરુપાધિક) સુખ, તેનો માર્ગ તે નિર્વાણ માર્ગ, આ વિશેષણથી જેઓ માને છે કે મુક્તાત્માઓ સુખ–દુ:ખ બન્નેથી રહિત હોય છે, તેઓના કુવિકલ્પ (દુર્નયનો) નિરાસ કર્યો સમજવો. હવે તેની ઘટના કરતાં કહે છે. **અવિતહં**–સત્ય, અથવા પુનરૂકિત દોષ ટાળવા માટે પૂર્વે **સચ્ચં** નો અર્થ સત્ય કર્યો છે. તેથી અહિં **સચ્ચં**નો પર્યાય ‘સાર્ચં’ કરીને અર્ચા એટલે પૂજા સહિત તે ‘સાર્ચ’ એવો અર્થ કરવો, કારણ કે આ

પ્રવચન જગતને પૂજાનું પણ સ્થાન (પૂજ્ય) છે. **અવિસંધિ-અવ્યવચ્છિન્ન**, નાશ વિનાનું, મહાવિદેહ આદિ ક્ષેત્રોમાં સતત ચાલુ હોવાથી શાશ્વત. **સવ્વદુક્ખપ્પહીણમગ્ગં** -સર્વ દુઃખો પ્રહીણ-સર્વથા ક્ષીણ થયાં છે. જ્યાં તે મોક્ષ, તેનો માર્ગ એટલે મેળવવાનું કારણ. હવે પરોપકાર કરવા દ્વારા પ્રવચનનું ચિંતામણિપણું સિદ્ધ કરવા કહે છે કે-

**ઈત્થં ઠિઆ જીવા સિજ્ઝંતિ, બુજ્ઝંતિ, મુચ્ચંતિ, પરિનિવ્વાયંતિ, સવ્વદુક્ખાણમંતં કરંતિ ।।**

શબ્દાર્થ :

**ઈત્થં**-આ પ્રવચનને વિષે

**ઠિઆ**-રહેલા (આરાધક)

**જીવા**-જીવો

**સિજ્ઝંતિ**-સિદ્ધ થાય છે

**બુજ્ઝંતિ**-બોધ પામે છે

**મુચ્ચંતિ**-મૂકાય છે

**પરિનિવ્વાયંતિ**-સર્વ પ્રકારે સુખી થાય છે.

**સવ્વદુક્ખાણં**-સર્વ દુઃખોનો

**અંત**-વિનાશ

**કરંતિ**-કરે છે

આ નિર્ગ્રંથ સંબંધી પ્રવચનને વિષે રહેલા (આરાધક) જીવો અણિમા આદિ સિદ્ધિઓને પામે છે, બોધ પામે છે એટલે કેવળી થાય છે. કર્મોથી મૂકાય છે, સર્વ પ્રકારે સુખી થાય છે તથા સર્વ દુઃખોનો વિનાશ કરે છે.

**વ્યાખ્યા : 'ઈત્થં ઠિઆ જીવા'**-આ પ્રકારે નિર્ગ્રંથ પ્રવચનની આરાધનામાં રહેલા જીવો **સિજ્ઝંતિ**-અણિમા વિગેરે લબ્ધિઓ (અતિશયો) રૂપ ફળની સિદ્ધિ (પ્રાપ્તિ) કરે છે, વળી **બુજ્ઝંતિ**-બોધ પામે છે, કેવલજ્ઞાન-દર્શનવાળા બને છે, વળી **મુચ્ચન્તિ**-ભવોપગ્રાહી (અઘાતિ) કર્મોથી પણ મુક્ત થાય છે, એજ વાત વિશેષતયા કહે છે કે -

'સવ્વદુક્ખાણમંતં કરંતિ'- શરીર અને મન સંબંધી સર્વ દુ:ખોનો વિનાશ કરે છે.

આ પ્રમાણે પ્રવચનનો મહિમા વર્ણવીને હવે ચિંતામણી રત્ન તુલ્ય એ પ્રવચનમાં કર્મમેલને ધોવામાં સમર્થ પાણીના પ્રવાહ તુલ્ય પોતાની શ્રદ્ધાને પ્રગટ કરતાં કહે છે -

તં ધમ્મં સદ્દહામિ પત્તિઆમિ રોએમિ ફાસેમિ પાલેમિ અણુપાલેમિ, તં ધમ્મં સદ્દહંતો પત્તિ અંતો રોઅંતો ફાસંતો પાલંતો અણુપાલંતો, તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ, વિરઓ મિ વિરાહણાએ।।

શબ્દાર્થ :

તં-તે

ધમ્મં-ધર્મને

સદ્દહામિ-સદ્દહું છું

પત્તિઆમિ-અંગીકાર કરું છું

રોએમિ-રુચાવું છું
ફાસેમિ-ફરસું છું
પાલેમિ-પાળું છું
અણુપાલેમિ-નિરંતર પાળુ છું
તં ધમ્મં-તે ધર્મને
સદ્દહંતો-સદ્દહતો થકો
પત્તિઅંતો-તેમાં પ્રતીતિ કરતો થકો
રોઅંતો-રુચાવતો થકો
ફાસંતો-ફરસતો થકો
પાલંતો-પાળતો થકો
અણુપાલંતો-નિરંતર પાળતો થકો
તસ્સ-તે
કેવલિપન્નત્તસ્સ-કેવળીએ પ્રરૂપેલા
ધમ્મસ્સ-ધર્મની
અબ્ભુટ્ઠિઓમિ-ઉદ્યમવંત થયો છું
આરાહણાએ-આરાધનાને વિષે અને
વિરઓમિ-વિરામ પામ્યો છું

**વિરાહણાએ-વિરાધનાથી**

તે નિર્ગ્રંથ લક્ષણ ધર્મની શ્રદ્ધા કરું છું, તેની પ્રતીતિ કરું છું, રુચિ ધારણ કરું છું, સેવું છું, પાળું છું, નિરંતર પાળું છું. તે ધર્મની શ્રદ્ધા કરતો, પ્રતીતિ કરતો, રૂચિ કરતો, સેવતો, પાળતો, નિરંતર પાળતો, હું તે કેવળી ભગવંતે પ્રરૂપેલા ધર્મની આરાધનાને વિષે ઉદ્યમવંત થયો છું અને વિરાધનાથી વિરામ પામ્યો છું.

**વ્યાખ્યા : તં ધમ્મં સદ્દહામિ**-જે આ નિર્ગ્રંથ પ્રવચન સંબંધી ધર્મ કહ્યો તેમાં હું '**તહત્તિ**'-(તેવી જ રીતે તે છે એવો વિશ્વાસ) કરું છું. કોઈને સામાન્ય રૂપે પણ વિશ્વાસ થાય માટે વિશેષણ કહે છે કે-**પત્તિઆમિ**-એમાં દઢ શ્રદ્ધા-પ્રતીતિ કરું છું અથવા એનો પ્રીતિ રૂપે સ્વીકાર કરું છું, વળી **રોએમિ**-એ ધર્મની વધારે સેવા કરવાની ભાવના પૂર્વક રૂચિ-અભિલાષા કરું છું. અહિં પ્રીતિ અને રૂચિમાં ભિન્નતા એ છે કે કોઈ જીવને દહીં - દૂધ વિગેરે

ઉપર પ્રીતિ હોવા છતાં સદાય તેની રૂચિ ન હોય. એમ પ્રીતિથી રૂચિ જુદી સમજવી. અહીં તો પ્રીતિ અને રૂચિ બન્ને સમજવાં. વળી **ફાસેમિ**–તે ધર્મની આસેવના (પાલન) કરવા રૂપે સ્પર્શના કરુંછું, તથા **પાલેમિ** –(અહીં પાલેમિ પાઠ જો કે વધારાનો જણાય છે તો પણ તે અતિ રૂઢ છે, તેથી) તેનો અર્થ 'પાલન' એટલે અતિચારોથી રક્ષણ કરું છું. એવી જ રીતે હવે પછી કહેવાશે તે **પાલંતો**–પાઠનો અર્થ પણ એ રીતે સમજી લેવો. વળી **અણુપાલેમિ**– પુન: પુન: રક્ષા કરું છું, તે પછી **તં ધમ્મં સદ્દહંતો પત્તિઅંતો રોઅંતો ફાસંતો પાલંતો અણુપાલંતો, તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ વિરઓમિ વિરાહણાએ** – એમ તે ધર્મની શ્રદ્ધા, પ્રતીતિ, રૂચિ, સ્પર્શના, પાલન અને અનુપાલન કરતો હું તે કેવલિકથિત ધર્મની આરાધના કરવામાં ઉદ્યત થયો છું અને વિરાધનાથી નિવૃત્ત થયો છું–અટક્યો છું.

હવે આરાધના અને વિરાધનાની નિવૃત્તિ કેવી રીતે કરે છે ? તે કહે છે.

**અસંજમં પરિઆણામિ, સંજમં ઉવસંપજ્જામિ, અબંભં પરિઆણામિ, બંભં ઉપસંજ્જામિ, અકપ્પં પરિઆણામિ, કપ્પં ઉવસંપજ્જામિ, અન્નાણં પરિઆણામિ, નાણં ઉવસંપજ્જામિ, અકિરિઅં પરિઆણામિ, કિરિયં ઉવસંપજ્જામિ, મિચ્છત્તં પરિઆણામિ, સમ્મત્તં ઉવસંપજ્જામિ, અબોહિં પરિઆણામિ, બોહિં ઉવસંપજ્જામિ, અમગ્ગં પરિઆણામિ, મગ્ગં ઉવસંપજ્જામિ, જં સંભરામિ જં ચ ન સંભરામિ, જં પડિક્કમામિ, તસ્સ સવ્વસ્સ દેવસિઅસ્સ અઈઆરસ્સ પડિક્કમામિ ।।**

શબ્દાર્થ :

અસંજમં–અસંયમને

પરિઆણામિ–જ્ઞાનપૂર્વક તજું છું

સંજમં–સંયમને

ઉપસંપજ્જામિ–અંગીકાર કરું છું
અબંભં–મૈથુનને
બંભં–બ્રહ્મચર્યને
અકપ્પં–અકલ્પ્યને
કપ્પં–કલ્પ્યને
અન્નાણં–અજ્ઞાનને
નાણં–જ્ઞાનને
અકિરિઅં–અક્રિયા (નાસ્તિકવાદ) ને
કિરિયં–ક્રિયા (સમ્યગ્વાદ) ને
મિચ્છત્તં–મિથ્યાત્વને
સમ્મત્તં–સમ્યક્ત્વને
અબોહિં–અબોધિ (મિથ્યાત્વના કાર્ય) ને
બોહિં–બોધિ (સમ્યક્ત્વના કાર્ય) ને
અમગ્ગં–ઉન્માર્ગને
મગ્ગં–સન્માર્ગને
જં સંભરામિ–જે સ્મૃતિમાં છે તેને
જં ચ ન સંભરામિ–અને જે સ્મૃતિમાં નથી તેને

**જં પડિક્કમામિ**–જેનું પ્રતિક્રમણ કર્યું હોય

**જં ચ ન પડિક્કમામિ**–અને જેનું પ્રતિક્રમણ ન કર્યું હોય

**તસ્સ સવ્વસ્સ**–તે સર્વ

**દેવસિઅસ્સ**–દિવસ સંબંધી

**અઈઆરસ્સ**–અતિચારોનું

**પડિક્કમામિ**–હું પ્રતિક્રમણ કરું છું.

અસંયમ, અબ્રહ્મ, અકલ્પ્ય, અજ્ઞાન, અક્રિયા, મિથ્યાત્વ, અબોધિ, ઉન્માર્ગ, આ બધા દોષોનો જાણીને (વિવેક પૂર્વક) હું ત્યાગ કરું છું તથા સંયમ, બ્રહ્મચર્ય કલ્પનીય બાવો, જ્ઞાન, ક્રિયા, સમ્યક્ત્વ, બોધિ, સન્માર્ગ આદિ ગુણોનો હું સ્વીકાર કરું છું. દોષોના ત્યાગમાં અને ગુણોના સ્વીકારમાં મને જે કાંઇ યાદ આવ્યું હોય, અથવા ન આવ્યું હોય, મેં જેનું પ્રતિક્રમણ કર્યું હોય અથવા ન કર્યું હોય, તે દિવસ સંબંધી સર્વ અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું.

**વ્યાખ્યા :** હવે એ જ આરાધના-વિરાધનામાં ઉદ્યમ અને નિવૃત્તિને વિભાગપૂર્વક જણાવે છે - **અસંજમં**-પ્રાણાતિપાત આદિ સ્વરૂપ સર્વ સાવદ્યને-અસંયમને **પરિઆણામિ**-જ્ઞાનથી જાણીને પચ્ચક્ખાણ દ્વારા ત્યાગ કરું છું, **સંજમં**-સત્તર પ્રકાર આદિ વિવિધ ભેદરૂપ સંયમને **ઉપસંપજ્જામિ**-અંગીકાર કરું છું. આ રીતે **પરિઆણામિ** અને **ઉવ-સંપજ્જામિ** પદોનો અર્થ આગળ પણ સમજી લેવો. હવે સંયમનો સ્વીકાર જે અસંયમનાં અંગોનો ત્યાગ કરવાથી થાય તે અસંયમનું મુખ્ય અંગ અબ્રહ્મ છે માટે તેને તજવા કહે છે - **અબંભં**-અહિં બસ્તિકર્મ જે વેદના ઉદયનું કાર્ય, તેનો અનિયમ તે અબ્રહ્મ, તેનો ત્યાગ કરું છું અને બ્રહ્મચર્યનો સ્વીકાર કરું છું. વળી અસંયમના અંગભૂત **અકપ્પં**-અકલ્પ્ય-અકૃત્યને (નો) જાણી-સમજીને ત્યાગ કરું છું અને **કપ્પં**-કૃત્યનો સ્વીકાર કરું છું. એમ સર્વત્ર સમજપૂર્વક

ત્યાગ અને સ્વીકાર સમજી લેવો. હવે 'અકલ્પ્ય - અકૃત્ય' અજ્ઞાનથી જ થાય છે, માટે તેનો પરિહાર કહે છે- **અન્નાણં**-સમ્યગ્ જ્ઞાનથી વિપરીત જે મિથ્યાજ્ઞાન તેનો ત્યાગ અને **નાણં**-એટલે જિનવચન કથિત સમ્યગ્ જ્ઞાન તેનો સ્વીકાર કરું છું. એ અજ્ઞાનના પ્રકારોના ત્યાગ માટે કહે છે- **અકિરિઅં**-નાસ્તિકોનો મત અક્રિયા તેનો ત્યાગ અને **'કિરિયં'**-આસ્તિકોના મત સ્વરૂપ સમ્યગ્વાદનો સ્વીકાર કરું છું. વળી અજ્ઞાનનું મૂળ મિથ્યાત્વ છે માટે તેનો ત્યાગ કરવા કહે છે- **મિચ્છત્તં**-અતત્ત્વમાં તત્ત્વની રૂચિ અથવા તત્ત્વમાં અતત્ત્વની રૂચિ, તે સ્વરૂપ મિથ્યાત્વનો ત્યાગ અને **સમ્મત્તં**-તત્ત્વ રૂચિનો સ્વીકાર કરું છું. હવે **'અબોધિ'**-એ મિથ્યાત્વના અંગભૂત હોવાથી તેના ત્યાગ માટે કહે છે-**અબોહિં**-મિથ્યાત્વના કાર્યરૂપ જે આત્મહિતનો અભાવ, તે અબોધિનો ત્યાગ અને **બોહિં**-સમ્યક્ત્વના કાર્યરૂપ જે આત્મહિત, તેની

પ્રાપ્તિ, તેનો સ્વીકાર કરું છું. હવે મિથ્યાત્વ તે મોક્ષનો ઉન્માર્ગ છે માટે બીજા પણ ઉન્માર્ગનો ત્યાગ કરવા કહે છે કે - અમગ્ગં-મિથ્યાત્વ, અવિરતિ, કષાય આદિનો ત્યાગ અને મગ્ગં-સમ્યગ્દર્શન, પ્રશમ, સંવેગ આદિ રૂપ માર્ગને અંગીકાર કરું છું. ઉપર કહેલા પદોના પાઠનો ક્રમ જણાવનારી આ સંગ્રહ ગાથા કહી છે.

''સંજમે બંભે કપ્પે, નાણે કિરિઆઈ સમ્મબોહીસુ। મગ્ગે સવિપક્ખેસુ, પરિન્ન ઉવસંપયા કમસો ।।૧।।''

ભાવાર્થ: સંયમ, બ્રહ્મ, કલ્પ, જ્ઞાન, ક્રિયા, સમ્યક્ત્વ, બોધિ અને માર્ગ. એ સાતમાં અસંયમાદિ સાતનું પરિજ્ઞાન અને સયંમાદિ સાતનો સ્વીકાર કરૂં છું એમ સમજવું.

હવે છદ્મસ્થપણાથી કેટલું યાદ કરી શકે? માટે સર્વ દોષોની શુદ્ધિ માટે કહે છે કે-જં સંભરામિ-

જે કંઈ થોડું પણ મને સ્મૃતિમાં છે તે અને **જં ચ ન સંભરામિ**-જે છદ્મસ્થપણાને કારણે ઉપયોગના અભાવે મને સ્મૃતિમાં નથી. તથા **જં પડિક્કમામિ**-ઉપયોગથી જે જાણવામાં આવ્યું તેનું પ્રતિક્રમણ કર્યું. અને **જં ચ ન પડિક્કમામિ**-જે સૂક્ષ્મ જાણવામાં ન આવ્યું તેનું પ્રતિક્રમણ ન કર્યું. **તસ્સ સવ્વસ્સ દેવસિઅસ્સ અઈઆરસ્સ પડિક્કમામિ**-તે સર્વ દિવસ સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. (અહિં અતિચારો ઘણા હોવા છતાં જાતિમાં એકવચન સમજવું.)

**સમણો હં સંજય-વિરય-પડિહય-પચ્ચક્ખાય-પાપકમ્મે, અનિઆણો, દિટ્ઠિસંપન્નો, માયામોસ-વિવજ્જિઓ ।।**

શબ્દાર્થ :

**સમણો**-શ્રમણ, સાધુ છું.

**હું**-હું

સંજય-સંજમવાળો
વિરય-વિરતિવાળો
પડિહય-હણેલાં
પચ્ચક્ખાય-પચ્ચખાણ કરેલા (ત્યાગ કરેલા)
પાવકમ્મે-પાપકર્મોવાળો
અનિયાણો-નિયાણાથી રહિત
દિટ્ઠિસંપન્નો-સમ્યગ્દર્શન સહિત
માયામોસવિવજ્જિઓ-માયા મૃષાવાદથી રહિત

હું શ્રમણ છું, સંયમવાળો છું, વિરતિવાળો છું. હું વર્તમાનમાં પાપને નહિ કરવા વડે, અતીત કાળનાં પાપોની નિંદાએ કરીને અને ભવિષ્યમાં નહિં કરવાની પ્રતિજ્ઞાએ કરીને અને ભવિષ્યમાં નહિં કરવાની પ્રતિજ્ઞાઓ કરીને અને (ત્રૈકાલિક) પાપ કર્મનું પ્રત્યાખ્યાન કરનારો છું, નિયાણારહિત છું, સમ્યગ્દર્શનથી યુક્ત છું, અને માયાયુક્ત મૃષાવાદથી રહિત છું.

ઉપર બતાવેલી રીતે પ્રતિક્રમણ કરીને ફરીથી પણ

અકલ્યાણકારી પ્રવૃત્તિનો ત્યાગ કરવા પોતાના સ્વરૂપનો વિચાર કરતો કહે છે કે-

**'સમણો હં'**-હું તપ-સંયમમાં રક્ત શ્રમણ (સાધુ) છું, તેમાં પણ 'ચરક' વિગેરે અન્ય દર્શનીય સાધુ નહિ પણ **સંજય**-સ્મસ્ત પ્રકારે જયણાવાળો (પ્રમાદના ત્યાગ માટે પ્રયત્ન-શીલ) છું અને હવેથી **વિરય**-પાપથી નિવૃત્ત થયો છે. અર્થાત્ ભૂતકાળના અતિચારોની નિંદા કરતો અને ભવિષ્યકાળ સંબંધી અતિચારોનો સંવર એટલે ત્યાગ કરતો હું અતિચારોથી અટક્યો છું, તેથી **પડિહય**-વર્તમાનમાં પણ અકરણીય રૂપે **પચ્ચક્ખાય પાવકમ્મે**-ત્યાગ કર્યાં છે પાપ કર્મોને જેણે એવો હું. તાત્પર્ય કે ભૂતકાળનાં પાપકર્મની નિંદા અને ભવિષ્યકાળને અંગે સંવર કરેલો હોવાથી હું વર્તમાનમાં પણ પાપકર્મના પ્રત્યાખ્યાન (ત્યાગ) વાળો છું. વળી નિયાણું કરવું તે સંસારનું મૂળ હોવાથી મોટો દોષો છે, માટે પોતે એ દોષથી રહિત

છે. એમ ભાવના ભાવતો કહે છે કે – **અનિયાણો**– હું નિયાણાથી રહિત છું (અર્થાત્ આ નિર્ગ્રંથ પ્રવચનની આરાધના કોઈ આલોક સંબંધી અથવા પરલોક સંબંધી બાહ્ય સુખની ઈચ્છાથી કરતો નથી.) વળી સકલ ગુણોના મૂળભૂત 'દર્શન' પોતાનામાં છે, એ વિચાર કરતાં કહે છે કે– **દિઠ્ઠિસંપન્નો**–હું સમ્યગ્દર્શનવાળો છું. હવે (આગળ કહે છે તે) મારું વંદન દ્રવ્યવંદન નથી એમ ભાવતાં (વિચારતાં) કહે છે કે – **માયામોસ-વિવજ્જિઓ**–માયા પૂર્વક મૃષા બોલવું તે માયામૃષાવાદ તેનાથી રહિત છું. વળી હું.

**અડ્ઢાઈજ્જેસુ દીવસમુદ્દેસુ પન્નરસસુ કમ્મભૂમીસુ જાવંત કેવિ સાહૂ રયહરણગુચ્છ - પડિગ્ગહધારા પંચમહવ્વયધારા અટ્ઠારસ-સહસ્સસીલંગધારા અક્ખુયાયારચરિત્તા તે સવ્વે સિરસા મણસા મત્થએણ વંદામિ ।।**

શબ્દાર્થ :

અડ્ઢાઈજ્જેસુ–અઢી

દીવં–સમુદ્દેસુ–દ્વીપો અને બે સમુદ્ર વિષે

પન્નરસસુ–પંદર

કમ્મભૂમીસુ–કર્મભૂમિઆને વિષે

રયહરણ–રજોહરણ

ગુચ્છ–ગોચ્છક

પડિગ્ગહધારા–અને પાત્રને ધારણ કરનારા

પંચમહવ્વયધારા–પાંચ મહાવ્રતોને ધારણ કરનારા

અટ્ઠારસસહસ્સ–અઢાર હજાર

સીલંગધારા–શીલાંગને ધારણ કરનાર

અક્ખુયાયારચરિત્તા–અક્ષત (પરિપૂર્ણ)–આચારરૂપી ચારિત્રવાળા

તે સવ્વે–તે સર્વસાધુઓને

સિરસા–મસ્તક વડે

મણસા–મન વડે

મત્થએણ-મસ્તક (કાયા) વડે
વંદામિ-હું વાદું છું.
અઢીદ્વીપો, બે સમુદ્રોની અંતર્ગત પંદર કર્મભૂમિઓ, તેમાં રહેલા, રજોહરણ, ગોચ્છક અને પાત્રને ધારણ કરનારા, પાંચ મહાવ્રતોને ધારણ કરનારા, અઢાર હજાર શીલાંગને ધારણ કરનારા, સંપૂર્ણ (અખંડ) (અક્ષુદ્ર -શ્રેષ્ઠ) આચાર રૂપી ચારિત્રવાળા જે કોઈ આચાર્યાદિ સાધુઓ હોય તે સર્વને મન, વચન, અને કાયા (મસ્તક) વડે હું વંદન કરૂં છું.
વ્યાખ્યા: અડ્ઢાઈજ્જેસુ દીવસમુદ્દેસુ-અઢી દ્વીપો અને વચ્ચેના બે સમુદ્રોમાં અર્થાત્ જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાવર્ત્ત દ્વીપ અડધો, એમ અઢી દ્વીપ અને વચ્ચેના લવણ તથા કાલોદધિ નામના બે સમુદ્રોમાં, અહીં સમુદ્ર કહેવાનું કારણ એ છે કે - કોઈ કોઈ પ્રસંગે ચારણ મુનિઓ વિગેરે સમુદ્રમાંથી પસાર થતા હોય ત્યારે સમુદ્રમાં પણ

હોવાનો સંભવ છે. અઢી દ્વીપમાં પણ **પન્નરસસુ**-પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ રૂપ પંદર **કમ્મભૂમીસુ**-કર્મભૂમિઓમાં; **જાવંત કેવિ સાહૂ**-જે કોઈ પણ સાધુઓ, ઉપકરણો તરીકે ઓઘો, ગુચ્છો તથા પાત્રને ધારણ કરનારા, અહિં ગુચ્છા અને પાત્ર કહેવાથી પાત્રાં, ઝોળી, નીચેનો ગુચ્છો પાત્ર સ્થાપન, પાત્રકેસરિકા- ચરવળી, પડલાં, રજસ્ત્રાણ અને ઉપરનો ગુચ્છો, એ પાત્રનો સઘળો ઉપધિ સમજવો. કારણકે આદિ અને અન્ત્ય શબ્દના કથનથી મધ્યનું કથન પણ આવી જાય છે. અહીં પણ 'ગુચ્છો અને પાત્ર' બે શબ્દો આદિ અને અન્ત્યમાંના છે, માટે સર્વ ઉપધિ જાણવો. તથા **પંચમહવ્વયધારા**-ાંચ મહાવ્રતોમાં 'ધારા' એટલે પ્રકર્ષ (પરિણામની વૃદ્ધિ) વાળા, વળી ઉપધિ આદિ વિશેષણોથી રહિત પ્રત્યેક બુદ્ધો વિગેરેને ઉદ્દેશીને પણ કહે છે કે-**અઠ્ઠારસસહસ્સસીલગંધારા**-અઢાર હજાર

શીલાંગને ધારણ કરનારા, જે કોઈ સાધુ (કોઈ કારણે) રજોહરણ આદિ ઉપકરણ રૂપ ઉપધિ વિનાના પણ હોય તે સઘળાને વંદન થઈ શકે માટે આ વિશેષણ સાર્થક છે. અઢાર હજાર શીલાંગ આ પ્રમાણે છે-

''જોએ કરણે સણ્ણા-ઈંદિય-પુઢવાઈ-સમણધમ્મે અ સીલંગસહસ્સાણં, અટ્ઠારસગસ્સ નિપ્ફત્તી ।।૧।।''

ભાવાર્થ: મન, વચન અને કાયા, એ ત્રણ યોગોથી; કરવું, કરાવવું અને અનુમોદવું નહિ, ત્રણ કરણથી, આહાર, ભય, મૈથુન, અને પરિગ્રહ, એ ચાર સંજ્ઞાથી, સ્પર્શનેન્દ્રિય આદિ પાંચ ઈન્દ્રિયોથી, તથા પૃથ્વીકાય આદિ પાંચ એકેન્દ્રિય, ત્રણ વિકલેન્દ્રિય અને સંજ્ઞી-અસંજ્ઞી બે પંચેન્દ્રિય, એમ દશ પ્રકારના જીવોને તથા ક્ષમા, મૃદુતા, આર્જવ, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય (અપરિગ્રહ), અને બ્રહ્મચર્ય,

એ દશ પ્રકારના યતિધર્મની રક્ષા કરવા પૂર્વક (3x3x૪x૫x૧૦x૧૦=૧૮૦૦૦) શીલ (આત્મધર્મની) ની રક્ષા થાય તે અઢાર હજાર પ્રકારો શીલાંગના (સદાચારના) જાણવા.

પ્રત્યેકની જુદી જુદી ભાવના આ પ્રમાણે કરવી. આહાર-સંજ્ઞાથી મુક્ત, શ્રોતેંદ્રિયથી સંવૃત (શબ્દ સંબંધી વિષયના ત્યાગવાળો), ક્ષમાવાન, પૃથ્વીકાયના આરંભને, મનથી ન કરે, તે એક પ્રકાર, એ પ્રમાણે મૃદુતાવાળાનો બીજો પ્રકાર, એમ દશ ધર્મના દશ પ્રકારો એક જ પૃથ્વીકાયના થાય, તે પ્રમાણે અપ્કાય વિગેરે બાકીના નવ પ્રકારના જીવોના દશ દશ ગણતાં માત્ર એક ઈન્દ્રિયવાળાના સો થયા. તેને પાંચ ઈન્દ્રિયથી ગુણતાં પાંચસો થાય, પણ તે એક આહારસંજ્ઞાના થયા, તે પ્રમાણે બાકીની ત્રણ સંજ્ઞાના પણ ગણતાં કુલ બે હજાર થાય, પણ તે એક મનોયોગના થયા. તેથી ત્રણે યોગના ગણતાં છ હજાર થાય, અને તે પણ 'સ્વયં

કરવાના' થયા, તે રીતે કરાવવાના અને અનુમોદવાના પણ તેટલા તેટલા ગણતાં કુલ અઢાર હજાર થાય.

**અક્ખુયાયાર ચરિત્તા**–અહિં આકાર એટલે સ્વરૂપ, અક્ષત (અક્ષુદ્ર) આકાર એટલે જેનું સ્વરૂપ અતિચારથી દૂષિત નથી થયું તેવા નિર્મળ (અથવા શ્રેષ્ઠ) ચારિત્રવાળા. (મૂળપાઠમાં *'**અક્ખુયા**' છે તેમાં આર્ષપ્રયોગથી 'ઉકાર' થયેલો છે એમ સમજવું). '**તે સવ્વે**' તે એટલે ગચ્છવાસી કે જિનકલ્પિક આદિ ગચ્છથી મુક્ત થએલા, સર્વને **સિરસા**– મસ્તકથી, **મણસા**–અંતઃકરણથી અને **મત્થએણ**–મસ્તકથી (કાયાથી) **વંદામિ**–હું વંદન

* કોઈ સ્થળે '**અક્ખુયા**' નો **અક્ષુદ્ર** એવો પર્યાય કરી 'અક્ષુદ્ર' એટલે અતુચ્છ અર્થાત્ સુંદર–નિર્મળ ચારિત્રવાળા એવો અર્થ કર્યો છે. તે બન્ને એકાર્થ છે. કોઈ સ્થળે '**અક્ખયાયાર**' એવો મૂળ પાઠાન્તર પણ જોવામાં આવે છે.

કરું છું. એમ વચન દ્વારા ઉચ્ચાર કરીને એ જ 'વંદે' પાઠથી મન, વચન, અને કાયાથી હું ફરી ફરી વંદન કરું છું એમ સૂચવેલ છે.

આ રીતે મુનિરાજોને વંદન કરીને હવે સામાન્યથી સર્વ જીવોની સાથે ક્ષમાપનાપૂર્વક મૈત્રીભાવ બતાવતાં કહે છે કે-

**''ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે। મિત્તી મે સવ્વભૂએસુ, વેર મજ્ઝં ન કેણઈ ।।૧।।''**

**શબ્દાર્થ :**

| | |
|---|---|
| ખામેમિ-ખમાવું છું | સવ્વ-બધા |
| જીવે-જીવોને | સવ્વે-સર્વ |
| જીવો-જીવો | ખમંતુ-ક્ષમા આપો |
| મે-મને | મિત્તી-મિત્રતા |
| મે-મારી | સવ્વભૂએસુ-સર્વ પ્રાણીઆને વિષે (છે). |
| વેર- વૈર | મજ્ઝં-મારે |
| ન-નથી | કેણઈ-કોઈની પણ સાથે |

હું સર્વ પ્રાણીઓને ખમાવું છું, સર્વ પ્રાણીઓ મને ક્ષમા આપો, મારે સર્વજીવોની સાથે મિત્રતા છે. કોઈની પણ સાથે મારે વેરભાવ નથી.

ભાવાર્થ: અહિં 'સર્વ પ્રાણીઓ મને ક્ષમા આપો' એમ કહેવાથી 'તે જીવોને પણ મારી ઉપર ક્ષમા નહિ ધારણ કરવાને કારણે મારા નિમિત્તે તેઓને કર્મબંધ ન થાઓ' એમ કરૂણા દર્શાવી છે.

હવે પોતાનું સ્વરૂપ (આરાધકપણું) બતાવવાપૂર્વક સૂત્રની સમાપ્તિના મંગલ માટે કહે છે કે-

''એવમહં આલોઈઅ, નિંદિઅ ગરહિઅ દુગંછિઅં સમ્મં। તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં ।।૧।।''

શબ્દાર્થ:

એવં-આ પ્રમાણે

અહં-હું

આલોઈઅ-આલોચીને

**નિંદિઅ**-નિંદીને
**ગરહિઅ**-ગુરૂ સાક્ષીએ ગર્હા કરીને
**દુગંછિઅં**-જુગુપ્સિત કર્મ (પાપ) છે, એમ અસદ્‌ભાવ કરીને
**સમ્મં**-સારી રીતે
**તિવિહેણ**-ત્રણ પ્રકારે (મન, વચન અને કાયાથી)
**પડિક્કંતો**-પ્રતિક્રમણ કરતો
**વંદામિ**-વંદન કરું છું
**જિણે**-જિનેશ્વરોને
**ચઉવ્વીસં**- ચોવીસ

આ રીતે દુગંછિત એવા પાપકર્મને સારી રીતે આલોચીને, આત્મસાક્ષીએ નિંદીને, ગુરુની સાક્ષીએ ગર્હા કરીને, મન, વચન અને કાયાથી એમ ત્રણ પ્રકારે પ્રતિક્રમણ કરતો થકો હું ચોવીશ જિનેશ્વરોને વંદન કરું છું.

**વ્યાખ્યા**: એમ પ્રતિક્રમણ સૂત્રમાં કહ્યા પ્રમાણે **આલોઈઅ**-ગુરૂની સમક્ષ (અતિચારોને) પ્રગટ

કરીને, **નિંદિઅ**–આત્મસાક્ષીએ પોતાના પાપકારી પર્યાયની નિંદા કરીને, **ગરહિઅ**–ગુરુની સાક્ષીએ પોતાની વિશેષ નિંદા કરીને, **દુગંછિઅં**–'આ પાપની પ્રવૃત્તિ દુષ્ટ છે' એમ તેની દુર્ગંછા કરીને, અથવા કોઈ સ્થળે '**દુગંછિઅ**' પાઠ છે તે પંચમી વિભક્તિના લોપવાળો છે માટે તેનો પર્યાય 'જુગુપ્સિતાત્' સમજીને, એ રીતે જુગુપ્સા કરેલા પાપવ્યાપારોથી (અતિચારોથી) **સમ્મંતિવિહેણા પડિક્કંતો**–સમ્યગ્ એટલે સારી રીતે, મન, વચન અને કાયાથી પ્રતિક્રાન્ત એટલે નિવૃત્ત–મુક્ત થયેલો હું, **વંદામિ જિણે ચઉવ્વીસં**–ચોવીશ જિનેશ્વરોને વંદન કરું છું. આ આલોચના, નિંદા, ગર્હા અને પ્રતિક્રમણનું ફળ અનુક્રમે શલ્યોનો ઉદ્ધાર, પશ્ચાત્તાપ, અપુરસ્કાર (અનાદર, તિરસ્કાર) અને વ્રતોનાં છિદ્રોને ઢાંકવાં (વ્રતોને અખંડ બનાવવાં), વિગેરે ઉત્તરાધ્યયન સૂત્રથી જાણવું.

એમ દૈવસિક પ્રતિક્રમણ કહ્યું, રાઈ પણ એમ જ

સમજવું. માત્ર 'દેવસિઅ' પાઠને સ્થાને 'રાઈઅ' (રાત્રિ સંબંધી) શબ્દ કહી રાત્રિના અતિચારો કહેવા.

**પ્રશ્ન:** રાત્રિમાં પણ જો આ જ પ્રતિક્રમણસૂત્ર કહેવાનું છે, તો તેમાં **'ઈચ્છામિ પડિક્કમિઉં ગોઅરચરિઆએ'** વિગેરે ગોચરીના અતિચારોનું પ્રતિક્રમણ નિરર્થક છે. કારણ કે રાત્રે ગોચરીના દોષોના સંભવ નથી.

**ઉત્તર:** એકાંતે એમ નથી, સ્વપ્ન વિગેરેથી પણ ગોચરીના અતિચારોની રાત્રે પણ સંભાવના છે, અથવા સૂત્રપાઠ અખંડ રાખવા માટે એ પદો બોલવાનાં છે. જો એમ ન હોય તો યોગોદ્વહન કરનારા સાધુઓ કે જેઓને પરઠવવા યોગ્ય આહાર વાપરવાનો અધિકાર નથી, તેઓને પણ પચ્ચક્ખાણમાં **'પારિટ્ઠાવણિયાગારેણં'**–આગાર શા માટે ઉચ્ચરાવવો જોઈ એ ? માટે એ આલાવો બોલવામાં દોષ નથી.

**।। ઈતિ પગામસિજ્જા સાર્થ સમ્પૂર્ણા ।।**

# શત્રુંજયની પાંચ સ્તુતિ

વિદ્યાધરોને ઈન્દ્રદેવો, જેહને નિત પૂજતા,
દાદા સીમંધર દેશનામાં, જેહના ગુણ ગાવતા,
જીવો અનંતા જેહના, સાન્નિધ્યથી મોક્ષે જતા,
તે વિમલ ગિરિવર વંદતા, મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૧॥

ષટ્ખંડના વિજયી બનીને ચક્રીપદને પામતા,
ષોડશ કષાયો પરિહરીને સોલમા જિન રાજતા,
ચૌમાસ રહી ગિરિરાજ પર જે ભવ્યને ઉપદેશતા,
તે શાંતિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૨॥

જે આદિ જિનની આણ પામી સિદ્ધગીરી એ આવતા,
અણસણ કરી એક માસનું મુનિ પંચક્રોડશું સિદ્ધતા,
જે નામથી પુંડરિકગિરિ એમ તિહું જગત બિરદાવતા,
પુંડરિક સ્વામી વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૩॥

જેનું ઝરતું ક્ષીર પુણ્યે મસ્તકે જેને પડે,
તે ત્રણ ભવમાં કર્મ તોડી સિદ્ધિ શિખરે જઈ ચડે,
જ્યાં આદિજિન નવ્વાણું પૂર્વ આવી વાણી સુણાવતા,
રાયણ પગલા વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૪॥

જે રાજરાજેશ્વર તણી અદ્ભુત છટાએ રાજતા,
શાશ્વત ગિરિના ઉચ્ચ શિખરે નાથ જગના શોભતા,
જેઓ પ્રચંડ પ્રતાપથી જગમોહને નિવારતા,
તે આદિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૫॥

## આ છે... અણગાર અમારા... !
## દાદા જીતવિજય ગુરૂ પ્યારા... !

કચ્છ વાગડના કોહિનૂર હીરા, શ્રધ્ધા અપરંપાર...
દાદા જીતવિજય મહારાજ... (૨)
શાંતિનાથ દાદાની શીતલ છાયામાં, સંયમ ભાવના થાય...
દાદા જીતવિજય મહારાજ... !
માતા-પિતાની આજ્ઞા લઈને, સંયમ લે સુખકાર...
દાદા જીતવિજય મહારાજ... !
ગુરૂદેવોની ભક્તિ કરીને, નમ્ર બન્યા અણગાર...
દાદા જીતવિજય મહારાજ... !
મનફરા ગામનું નામ દીપાવ્યું, વર્ત્યો જયજયકાર...
દાદા જીતવિજય મહારાજ... !
જ્ઞાન-ધ્યાનમાં મસ્ત બનીને, વિનય કરે અપાર...
દાદા જીતવિજય મહારાજ... !
ત્યાગ-તપની ભાવના ભાવી કરે કર્મનો નાશ...
દાદા જીતવિજય મહારાજ... !
અનેક ગામોમાં વિહાર કરીને, વાણી સુણાવી સાર...
દાદા જીતવિજય મહારાજ... !
પલાંસવા ગામને પાવન કરીને, સફળ કર્યો અવતાર...
દાદા જીતવિજય મહારાજ... !

- મુનિશ્રી અમિતયશ વિજય